# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 217 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ સુદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 September 2024, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નવ વર્ષમાં ૧૪ લાખથી વધુ આવાસોનું નિર્માણ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અત્યારસુધીમાં કુલ ૧૪.૨૫ લાખ આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે, જેમાં શહેરી વિસ્તારમાં કુલ ૮.૬૮ લાખથી વધુ આવાસો જ્યારે ગ્રામીણ વિસ્તારમાં ૫.૫૭ લાખથી વધુ આવાસોનું નિર્માણ પૂર્ણ કરવામાં આવ્યું છે. રાજ્યમાં નિર્મિત કુલ મકાનોના ૬૪ ટકાથી વધુ મકાનો મહિલાઓના નામે અથવા સંયુક્ત માલિકીના છે.

આગામી સપ્તાહમાં વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે છે, અને તે દરમિયાન તેઓ ફરી એકવાર ગુજરાતના નાગરિકોને આવાસોની ભેટ આપવા જઇ રહ્યા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)નો હેતુ શહેરી વિસ્તારમાં ગરીબો અને મધ્યમ વર્ગના પરિવારોને પાયાની સુવિધાઓ સાથેનું પાકું આવાસ વ્યાજબી કિંમતે પૂરું પાડવાનો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ ગુજરાત રાજ્ય માટે કુલ ૭.૬૪ લાખ આવાસોના લક્ષ્યાંક સામે કુલ ૯.૭૮ લાખ આવાસો મંજૂર કરવામાં આવ્યાં છે. આમાં ૫ લાખ ૪૦ હજારથી વધુ આવાસો મહિલાઓના નામે અથવા તો સંયુક્ત માલિકીના નામે મંજૂર કરવામાં આવ્યા છે. આ મંજૂર આવાસો પૈકી કુલ ૮.૬૮ લાખ જેટલાં આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના ક્રેડિટ લિંક સબસીડી ઘટક હેઠળ ૬ લાખથી પણ વધુ લાભાર્થીઓને તેમના પ્રથમ આવાસ પર લીધેલ લોન પર વ્યાજ સહાયનો લાભ અપાવવામાં ગુજરાત દેશમાં અન્ય રાજ્યોની સરખામણીમાં અગ્રસ્થાને છે.

આ ઉપરાંત, કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦માં આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સિસ યોજના હેઠળ શહેરી ગરીબો અને કામદારોને સસ્તા ભાડાના આવાસો પૂરા પાડવા માટે જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત થયાના ત્રણ જ માસમાં ગુજરાતના સુરત શહેરના સુડા વિસ્તારમાં નિર્માણ થયેલ ૩૯૩ આવાસોને મોડેલ-૦૧ અંતર્ગત ભાડાના મકાનોમાં રૂપાંતરિત કરીને પ્રોજેક્ટની મંજૂરી મેળવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. ■

# આણંદના ખંભાતનું ઉંદેલ ગામ ૧૭ દિવસથી જળમગ્નઃ ૩૬૦ લોકો તંબુમાં રહેવા મજબૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જન્માષ્ટમીના દિવસથી વરસેલા અનરાધાર વરસાદે આખા ગુજરાતને જળમગ્ન કરી દીધું હતું, રાજ્યના વિવિધ ભાગોમાં જળબંબાકાર થતાં જાનમાલનું ભારે નુકસાન થયું હતું. જો કે હવે વરસાદી પાણી ઓસરી રહ્યા છે, પરંતુ આણંદના ખંભાતનું ઉંદેલ ગામ છેલ્લા ૧૭ દિવસથી જળમગ્ન હાલતમાં છે. ધોધમાર વરસાદે રાજ્યમાં ભારે તારાજી સર્જી છે. ગામના સોનારિયા સીમ વિસ્તારના ૩૫ જેટલા પરિવારના કુલ ૩૬૦ લોકો તંબુ બાંધીને રહેવા માટે હાલમાં મજબૂર બન્યા છે.

ઉંદેલ ગામ અને સીમ વિસ્તાર છેલ્લા ૧૭ દિવસથી જળમગ્ન હાલતમાં છે, ઉંદેલ ગામની પરિસ્થિતિ એટલી વણસી છે કે ગામના મુખ્ય માર્ગ પર ભરાયેલા પાણીમાંથી દુર્ગંધ આવી રહી છે, અને આસપાસ રહેતા લોકોનું અહીં રહેવું સ્વાસ્થ્ય માટે હાનિકારક થવા પામ્યું છે. ઉંદેલના સોનારીયા વિસ્તારમાં હાલ પણ કમર સુધીના પાણી ભરાયા છે, જે ઓસરવાના નામ નથી લેતા, અનેક પરિવારોને સ્થળાંતર કરવું પડ્યું છે, અનેક ઘરોમાં પાણી ભરાવાને કારણે તમામ ઘરવખરી નાશ પામી છે. ખેતી સંપૂર્ણ તબાહ થઈ ગઈ છે. આજે ૧૭ દિવસ પછી પણ સરકાર તરફથી કોઇ પણ જાતની સહાય આપવામાં આવી નથી. હાલ અહીંના ૩૫ પરિવાર તંબુ બાંધીને ઉંચાણવાળા વિસ્તારોમાં રહેવા મજબૂર બન્યા છે, ગામની આટલી મોટી સમસ્યાને પહોંચી વળવા જવાબદાર તંત્ર પણ આ બાબતે વામણું સાબિત થયું છે.

ખંભાત તાલુકાના ઉંદેલ ગામ અને આજુબાજુના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયેલા છે, અનેક પરિવારોને સ્થળાંતર કરવું પડ્યું છે, અનેક ઘરોમાં પાણી ભરાવાને કારણે તમામ ઘરવખરી નાશ પામી છે, ખેતી સંપૂર્ણ તબાહ થઈ ગઈ છે. આજે ૧૭ દિવસ પછી પણ સરકાર તરફથી કોઇ પણ જાતની સહાય આપવામાં આવી નથી.

વિરોધ પક્ષના નેતા અમિત ચાવડા ગ્રામજનો સાથે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી, તેમણે ગ્રામજનોની રજૂઆતોનું આવેદનને સરકાર સુધી પહોંચાડવા અને સમસ્યાના કાયમી ઉકેલ માટે લડતની ખાતરી સાથે દુઃખમાં સહભાગી થયા હતા.■

# શહેરોમાં વરસાદથી ધોવાયેલા રસ્તાઓના રિપેર માટે એમએલએને ₹ બે કરોડની વધારાની ગ્રાન્ટ મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ખાસ કરીને શહેરી વિસ્તારોમાં છેલ્લા દોઢ દાયકાથી નવા બનેલા રસ્તાઓ પર દર ચોમસા દરમિયાન વરસાદથી મોટાં ગાબડાં અને કેટલાક સ્થળે તો આખા રસ્તાઓ ધોવાઇ જવાની નવી સમસ્યા જોવા મળી રહી છે. સરકાર દર વર્ષે મહાનગરપાલિકાને આવા ખાડાં પુરવા અને રસ્તા રિપેર કરવા માટે કરોડો રૂપિયાની સહાય ફાળવતી રહી છે, પરંતુ હવે આવી સહાયો ઉપરાંત મહાનગરપાલિકા વિસ્તારના ધારાસભ્યોને રૂ. બે કરોડની વધારાની ગ્રાન્ટ આપવાનો મુખ્ય પ્રધાને નિર્ણય કર્યો છે. બીજી બાજુ વિધાનસભાના કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ રસ્તાઓ તૂટવા પાછળ ભાજપનો ભ્રષ્ટાચાર જવાબદાર હોવાનો આક્ષેપ કરીને ટુંકા સમયગાળામાં જ તૂટી જતા રસ્તા બનાવનારા કોન્ટ્રાકટર પાસેથી જ આવો ખર્ચ વસૂલવાની માગણી કરી છે.

મહાનગરપાલિકા વિસ્તારોના ધારાસભ્યોને મહાનગરપાલિકાના પોતાના મતવિસ્તારમાં આવેલા ક્રોંકિટ, ડામરના નવા રોડ, જૂના રસ્તાઓના રિસરફેસિંગ, જે વિસ્તારમાં ડામર રોડ કે કોંક્રિટ રોડ બનાવી શકાય તેમ ન હોય તેવા રસ્તાઓ પર પેવર બ્લોકની કામગીરી કરવા માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા ગ્રાન્ટ આપવામાં આવે છે. મુખ્ય પ્રધાને શહેરી વિકાસ વિભાગની આ ગ્રાન્ટ ઉપરાંત આવાં કામો માટે માર્ગ અને મકાન વિભાગની ગ્રાન્ટમાંથી ધારાસભ્ય દીઠ વધારાની બે કરોડ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરી છે.

રાજ્યમાં મહાનગરપાલિકા વિસ્તારોના ૪૩ ધારાસભ્યોને આ હેતુસર કુલ ૮૬ કરોડ રૂપિયા માર્ગ અને મકાન વિભાગ દ્વારા ફાળવાશે. મહાનગરોમાં ચોમાસા દરમિયાન માર્ગોને થયેલા નુકસાનનું ત્વરાએ મરામત કાર્ય હાથ ધરી શકાશે. ■

# રાજ્યમાં ઈ-વાહનો ૫૩,૦૦૦ વિદ્યાર્થીઓએ ખરીદ્યાઃ ₹ ૫૬ કરોડથી વધુની સહાય ચુકવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૫-૧૬ માં ધોરણ ૯ થી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે બેટરી સંચાલિત 'દ્વિચક્રીય વાહન માટે નાણાકીય સહાય યોજના' અમલમાં મૂકી છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૫૩,૦૦૦ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ લઈને ઈ-વાહનો ખરીદ્યાં છે. જેમાં ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી દ્વારા અંદાજે રૂ. ૫૬ કરોડથી વધુની સહાય ચુકવાઈ છે.

રાજ્યના કલાઈમેટ ચેન્જ વિભાગના પ્રધાન મુળુભાઇ બેરાએ આ અંગે વધુમાં જણાવાયું હતું કે, આ યોજના હેઠળ રાજ્યના નાગરિકોને ઇલેક્ટ્રિક વાહનો પ્રત્યે વધુ જાગૃત અને પ્રોત્સાહિત કરવા ત્રિચક્રીય વાહન પર રૂ. ૪૮ હજાર અને દ્વિચક્રીય વાહન પર રૂ. ૧૨ હજારની સહાય ડીબીટી દ્વારા સીધા ખાતામાં જમા કરવામાં આવે છે. જ્યારે, દ્વિચક્રી વાહન ચલાવવાનો ખર્ચ માત્ર ૨૦ પૈસા પ્રતિ કિલોમીટર જેટલો જ આવે છે. આ સિવાય ક્રૂડ ઓઈલને આયાત કરાતું હોવાથી તેના હૂંડિયામણમાં પણ જંગી ખર્ચ થાય છે

દરમિયાન કલાઈમેટ ચેન્જ વિભાગના રાજ્ય કક્ષાના પ્રધાન મુકેશભાઈ પટેલે કહ્યું હતું કે, રાજ્યના રિક્ષાચાલકો, મહિલા અને યુવા સ્ટાર્ટઅપ સાહસિકો, બેરોજગારોને રોજગારી આપવા તેમજ સહકારી મંડળીઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, એન.જી.ઓ., યાત્રાધામો જેવી સંસ્થાઓને પણ લાભ મળે તેવા ઉમદા આશયથી રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯થી બેટરી સંચાલિત 'ત્રિચક્રીય વાહન સહાય યોજના' અમલી બનાવી છે. આ યોજનામાં લાભાર્થીઓને પ્રતિ વાહન રૂ. ૪૮ હજારની નાણાકીય સહાય પણ ડીબીટી દ્વારા આપવામાં આવે છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૯૨૫ લાભાર્થીઓને રૂ. ૪ કરોડથી વધુ સહાય ચુકવાઈ છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા દ્વિચક્રીય વાહનો માટે ૭,૫૦૦ તેમજ ત્રિચક્રીય વાહનો માટે ૧,૦૦૦ નો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. ■

# અમદાવાદ મનપાના લીગલ વિભાગના સ્ટાફને બેઝિક તાલીમ અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કેટલી હદે નઘરોળ તંત્ર ચાલી રહ્યું છે તેનો ઉત્તમ નમૂનો સામે આવ્યો છે. મનપાના લીગલ વિભાગમાં ફરજ બજાવતા ૩૦ કર્મચારીઓને પોતાના વિભાગમાં શું કામ કરવું અને કેવી રીતે કરવું તેની તાલીમ આપવામાં આવનાર છે. આ નિર્ણય લીગલ કમિટી દ્વારા લેવામાં આવ્યો છે.

અધિકારીઓને અપગ્રેડ કરવા માટે તાલીમ આપવામાં આવતી હોય છે પરંતુ છેલ્લા ઘણા સમયથી કોર્ટને લગતી તમામ બાબતોમાં લીગલ વિભાગ નિષ્ફળ જઈ રહ્યો છે.

જે તે કેસમાં વકીલને કયા દસ્તાવેજો તૈયાર કરીને આપવા, વકીલ કોર્ટમાં શું દલીલો કરે છે, કેસનું ફોલોઅપ કરવું વગેરે બાબતો અંગે કમિટી સમક્ષ અધિકારીઓ જવાબ આપી શકતા નહિ હોવાની ફરિયાદો ઊઠી છે. આથી લીગલ ટીમ દ્વારા તાલીમ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

એએમસીની લીગલ કમિટીમાં ઘણા કેસો વર્ષોથી પેન્ડિંગ છે કારણ કે, વકીલને કયા દસ્તાવેજો તૈયાર કરીને આપવા, કેસનું ફોલોઅપ કરવું વગેરે બાબતોની જાણકારી કર્મચારીઓ ધરાવતા નથી. આથી કર્મચારીઓને તાલીમ આપવાનો નિર્ણય કર્યો છે.

શું અધિકારીઓને આટલા વર્ષે તાલીમ આપવાથી કેસોનો યોગ્ય નિકાલ થશે. ■

# સરકારી કર્મચારીઓ લડી લેવાના મૂડમાંઃ તા.૧૭મીથી કર્મીઓની લડતનો પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજયનાં ૪.૫૦ લાખ થી વધુ સરકારી કર્મચારીઓનાં લાંબા વખતથી પડતર રહેલા ૧૫-જેટલા પ્રશ્નો અંગે અને વાર રજૂઆતો છતાં સરકારે આજસુધી પ્રશ્નો હલ કર્યા નથી આથી ગુજરાત રાજય કર્મચારી મહામંડળે તાજેતરમાં જ સરકાર સામે ફરી એક વખત લડત કરવાનું નક્કી કર્યુ હતું અને લડતની રણનીતિ ઘડવા ગાંધીનગર ખાતે મહામંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં સરકાર હવે પડતર પ્રશ્નો હલ નહીં કરે તો, આગામી તા.૧૭ થી રાજયભરની સરકારી કચેરીઓમાં રિસેશનાં સમયે સૂત્રોચ્ચાર બાદમાં જિલ્લાવાર આવેદન ત્યાર બાદ રાજકોટ, સુરત, વડોદરા, અને અમદાવાદ, ખાતે રેલીઓ યોજવાનું નક્કી કરાયું હતું.

અત્રે ઉલ્લેખનિય છે કે છેલ્લા ઘણા સમયથી રાજય સરકાર કર્મચારીઓના પડતર પ્રશ્નો આપની સમક્ષ પડતર છે ગુજરાત રાજય કર્મચારીમહામંડળ દ્વારા અવારનવારની રજુઆતો કરવામાં આવી છે, જેને ઘણો સમય પસાર થવા છતાં કોઈ પણ પ્રશ્નનો ઉકેલ ન આવતાં સરકારના કર્મચારીઓમાં નિરાશા ઉભી થઈ છે. કર્મચારીઓએ સરકાર પાસે ઘણી આશા રાખી છે. છેલ્લે ગુજરાત રાજય કર્મચારી મહામંડળના પડતર પ્રશ્નોનો સરકાર દ્વારા ઉકેલ ન આવતો રિસેશમાં સૂત્રોચ્ચાર કરવા તાલુકા જિલ્લા મથકોએ રેલી સભાઓ કરવી વિગેરે કાર્યક્રમો જાહેર કરવામાં આવ્યા છે.

મંડળના હોદ્દેદારોના જણાવ્યું હતું કે, મુળ જીપીએફ જૂની પેન્શન યોજનાનો સત્વરે અમલ કરવો ફિકસ પગારની પ્રથા બંધ કરવી અને હાઈકોર્ટના ચુકાદા મુજબ મૂળ તારીખથી લાભો આપવા, રહેમરાહે નોકરી મૂળ સ્વરૂપે ચાલુ કરવી તથા વર્ગ-૪ની આઉટ સોસિંગ ભરતીબંધ કરી નિયમિત ભરતી કરવી. કર્મચારીઓની ૫૦ વર્ષની વયમર્યાદા બાદ તમામ ખાતાકીય પરીક્ષાઓમાંથી મુકિત આપવી સાતમા પગારમંચ મુજબ ૧૦-૨૦-૩૦ વર્ષ ઉચ્ચત્તર પગારધોરણ મૂળ તારીખથી કોઈપણ જાતની પગાર મર્યાદા વિના આપવું વગેરે છે. ■

# ધરોઈ ડેમમાં પાણીનો જથ્થો વધતા કાંઠા વિસ્તારના ગામોને એલર્ટ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા જિલ્લામાં આવેલા સતલાસણા તાલુકાના ધરોઈ ડેમમાં ઉપરવાસમાંથી સતત નવા નીરની આવક થતાં ધરોઈ ડેમમાં ૪૩૦૫ ક્યુસેક પાણીની આવક થઈ છે. ધરોઈ ડેમની ભયજનક સપાટી ૬૨૧ ફૂટ છે, જો કે મંગળવારે હાલમાં ડેમની જળ સપાટી ૬૧૪.૦૩ ફૂટ નોંધાઈ હતી. જેના કારણે ધરોઈ ડેમ તંત્ર દ્વારા કાંઠા વિસ્તારમાં આવતા ગામોને એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી હતી.

ધરોઈ મુખ્ય બંધ વિભાગ નં.૧ કાર્યપાલક ઈજનેરના જણાવ્યાનુસાર સાબરમતી જળાશય ધરોઈમાં પાણીનો જથ્થો ૭૧.૧૩ ટકા નોંધાયો છે. તે જોતા સતલાસણા, ખેરાલુ, વડનગર, વિજાપુર તાલુકાઓના નીચાણવાળા વિસ્તારમાં આવેલ કાંઠા વિસ્તારના ગામોને સતત એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી હતી. ■

# પીએમ 'સૂર્ય ઘર'- 'કુસુમ યોજના'ના અમલીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસરઃ પ્રહલાદ જોષી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતભરમાં શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી 'સૂર્ય ઘર યોજના' તેમજ 'પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા અને ઉત્થાન મહાભિયાન-પીએમ કુસુમ' યોજનાના અમલીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે. ગુજરાત પરંપરાગત ઊર્જા ઉત્પાદનમાં અન્ય રાજ્યો કરતાં વધુ પ્રો-એક્ટીવ રીતે કાર્ય કરી રહ્યું છે તે સરાહનીય છે એવું કેન્દ્રીય નવીન અને નવીનીકરણ ઊર્જા પ્રધાન પ્રહલાદ જોષીએ જણાવ્યું હતું.

કેન્દ્ર સરકારની 'પીએમ સૂર્ય ઘર' અને 'પીએમ કુસુમ યોજના' અંતર્ગત ગુજરાતે કરેલી કામગીરીની આજે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે કેન્દ્રીય પ્રધાન શ્રી પ્રહલાદ જોષીના અધ્યક્ષસ્થાને સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં રાજ્યના ઊર્જા પ્રધાન કનુભાઈ દેસાઇએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં વીજળીના યોગ્ય વ્યવસ્થાપનના પરિણામે રાજ્યની ચાર વીજ કંપનીઓ ભારતમાં નંબર-૧ની સાથે સાથે નફો પણ કરી રહી છે. પીએમ સૂર્ય ઘર' યોજનાના અમીલકરણમાં ગુજરાત બાદ મહારાષ્ટ્ર, કેરળ, ઉત્તરપ્રદેશ અને મધ્ય પ્રદેશનો ક્રમ આવે છે. આ બન્ને યોજનાના અમલમાં ગુજરાત ટૂંક સમયમાં પોતાનો લક્ષ્યાંક પૂર્ણ કરીને નવો લક્ષ્યાંક સ્થાપિત કરશે.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર જયપ્રકાશ શિવહરેએ કહ્યું હતું કે, આ યોજના અંતર્ગત સમગ્ર દેશમાં કુલ ૧ કરોડ ઘર પર સોલર રૂફટોફ લગાવવાના લક્ષ્યાંક સામે સૌથી વધુ ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧૧ લાખ ઘર પર સોલર રૂફટોફ લગાવવાની નોંધણી કરવામાં આવી છે. જેમાંથી ૧.૬૫ લાખથી વધુ ઘર પર સોલાર રુફટોફ લગાવવામાં આવ્યા છે જ્યારે બાકીની કામગીરી પ્રગતિમાં છે.

સોલાર રુફટોફ યોજના હેઠળ ગુજરાતમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ગ્રાહકોએ પ્રતિ યુનિટ રૂ. ૨.૨૫ના ભાવે વધારાની વીજળી સરકારને વેચીને અંદાજે રૂ. ૧,૮૯૧ કરોડથી વધુ આવક મેળવી છે એવું તેમણે ઉમેર્યું હતું. ■

# ગુજરાતમાં રોજ ૨૪ લોકો આપઘાત કરે છેઃ ત્રણ વર્ષમાં ૨૫,૪૭૮ વ્યક્તિએ જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દુનિયાભરમાં દર વર્ષે ૧૦ સપ્ટેમ્બરે વિશ્વ આપઘાત નિવારણ દિવસ તરીકે મનાવવામાં આવે છે. જીવનના સંઘર્ષથી હારી-થાકીને લોકો અંતિમ ભગલું ભરતા હોય છે, ગુજરાતમાં પણ આત્મહત્યાના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે, મોટા ભાગે સામાજિક પરિબળો, ઓછી સહનશક્તિ, મોંઘવારી અને આર્થિક સંકડામણ, વધુ પડતી મહત્ત્વાકાંક્ષા, તીવ્ર હરીફાઈ, ઈર્ષા, દેખાદેખી, ગૃહકંકાસ, આર્થિક સંકટ, બેરોજગારી, પ્રેમ પ્રકરણ જેવાં કારણોથી સામાન્ય લોકો મોતને વ્હાલું કરે છે. આપઘાતના બનાવોની વાત કરવામાં આવે તો ગુજરાતમાં રોજ ૨૪ લોકો જીવન ટૂંકાવે છે. સૌરાષ્ટ્રમાં છેલ્લા ૪ મહિનામાં ૧૭૦થી વધુ લોકોએ આત્મહત્યા કરી છે.

૧૦૪ મેડિકલ હેલ્પલાઇને ગુજરાતમાં છેલ્લાં પાંચ વર્ષમાં કાઉન્સિલિંગની મદદથી ૫૪૯૩ લોકોના જીવ બચાવ્યા છે. સપ્ટેમ્બર ૨૦૧૯થી ઓગસ્ટ ૨૦૨૪ સુધીના સમયગાળામાં ૧૦૪ હેલ્પલાઇન ઉપર સૌથી વધુ માનસિક બીમાર ૨,૯૭૭ વ્યક્તિએ કોલ કરીને કાઉન્સિલિંગ લીધું છે. સૌથી વધારે અમદાવાદ જિલ્લામાંથી ૨,૧૨૫ કોલ નોંધાયા છે. સૌથી વધારે ૩૬થી ૪૫ વય જૂથના ૨,૦૬૪ લોકોએ હેલ્પલાઇનની મદદ લીધી છે. ત્યારબાદ ૨૫થી ૩૫ વયજૂથના ૧૭૯૯ અને ૧૬થી ૨૪ વયજૂથના ૫૮૮ લોકોએ કોલ કર્યા, જેમને આપઘાત ન કરવા કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતું. હેલ્પલાઇનને કોલ કરવામાં ૬૯ ટકા પુરુષો અને ૩૧ ટકા મહિલાઓનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે, શિક્ષણના કારણે આપઘાત કરવાનો વિચાર આવનાર ૫૫ લોકોને કાઉન્સિલિંગ આપવામાં આવ્યું હતું.

મળતી વિગતો મુજબ, ભારતમાં છેલ્લાં ૬ વર્ષમાં ૯,૯૨,૫૩૫ લોકોએ આત્મહત્યા કરી હતી. સરેરાશ દરરોજ ૪૦૦થી વધુ લોકો આત્મહત્યા કરી રહ્યા છે. આર્થિક સંકટ, બેરોજગારી, ગંભીર સમસ્યાઓ, ઘરની મુશ્કેલી, પ્રેમ પ્રકરણ જેવાં કારણો આત્મહત્યા માટે જવાબદાર છે. તો ગુજરાતમાં ત્રણ વર્ષમાં ૨૫,૪૭૮ વ્યક્તિએ આત્મહત્યા કરી હતી. ■

# પડતર પ્રશ્નો મુદ્દે એબીવીપી કાર્યકરોના જીટીયુ કેમ્પસમાં ધરણાઃ પોલીસ સાથે ઝપાઝપી થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ટેકનોલિજિકલ યુનિવર્સિટી(જીટીયુ)માં માર્કશીટ, વધારાની ફી, એનસીસીની ક્રેડિટ સહિતના પડતર પ્રશ્નોને મુદ્દો એબીવીપી દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. જીટીયુમાં દરવાજો નીચેથી બંધ કરીને એબીવીપીના કાર્યકરોને રોકતા કાર્યકરોની પોલીસ અને સિક્યોરિટી સાથે ઝપાઝપી થઈ હતી, એબીવીપીના કાર્યકરોએ દરવાજાની ગ્રીલ હલબલાવી નાખી હતી. બાદમાં એબીવીપીના કાર્યકરો જીટીયુની અંદર જતા રહ્યા હતા. જીટીયુમાં કુલપતિને ધક્કે ચઢાવીને કુલપતિનો પડતર પ્રશ્નોને લઈને ઉધડો લીધો હતો. કાર્યકરોએ કુલપતિની ઓફિસ બહાર બેસી રામધૂન પણ બોલાવી હતી. મામલો વધુ ગરમાતા સ્થાનિક ડીસીપી પણ દોડી આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ એપ્રિલ મહિનામાં આ પ્રશ્નોને લઈને રજૂઆત કરી હતી. છતાં કોઈ નિરાકરણ આવ્યું નહોતું. ત્યારબાદ ૩૦ ઓગસ્ટે પણ લેખિતમાં રજૂઆત કરી છતાં હજુ સુધી પરિણામ આવ્યું નથી. જેથી મંગળવારે એબીવીપીના આગેવાનોએ કુલપતિ રાજુલ ગજજરનો ઉધડો લીધો હતો. તમામ મુદ્દે સવાલ કર્યા હતા, જેના કુલપતિ સંતોષકારક જવાબ આપી શક્યા નહોતા. જેથી દરેક સવાલ બાદ હલ્લા બોલ કર્યો હતો. મામલો વધુ ગરમાતા ઝોન-૨ ડીસીપી પણ સ્થળ પર પહોંચી ગયા હતા. અંતે કુલપતિએ તમામ પ્રશ્નોનું ૧૫ દિવસમાં નિરાકરણ લાવવા બાહેધરી આપી હતી. ■

# અંજાર નજીક ઇલેક્ટ્રોનિક ઉપકરણોના કારખાનામાં વિકરાળ આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃપૂર્વ કચ્છના અંજાર શહેરની ભાગોળે ઇલેક્ટ્રોનિક ઉપકરણો બનાવતી જાણીતી કંપનીના એકમમાં મંગળવારે સવારના સમયે ભયાનક આગ ફાટી નીકળતાં ભારે અફરાતફરી મચી જવા પામી હતી. પ્રાથમિક અહેવાલો મુજબ, બનાવસ્થળે દોડી ગયેલા ફાયર ફાઇટરોએ આગના લબકારા વચ્ચે ફસાઈ ગયેલા કંપનીના કામદારોને બહાર કાઢી આગને ઠારવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

વિકરાળ સ્વરૂપ ધારણ કરનારી આગના ધુમાડા બે કિલોમીટર દૂરના અંતરેથી પણ દેખાઈ રહ્યા હતા. દાવાનળને વધુ ફેલાતો અટકાવવા માટે અંજાર ફાયર બ્રિગેડની ટીમ ઉપરાંત ગાંધીધામ નગરપાલિકા, દીનદયાળ પોર્ટ ઓથોરિટી, વેલસ્પન, અંજાર અને કંડલા ટીમ્બર એસોસિયેશનના ફાયર બ્રિગેડ સહિતની ૧૦થી વધુ ટીમો ઘટનાસ્થળે પહોંચી છે અને આગને કાબૂમાં લેવા કાર્યવાહી હાથ ધરી છે.વિકરાળ આગના સમાચાર મળતા જ અંજારના એસડીએમ, પોલીસ વિભાગના અધિકારીઓ અને અંજારના ધારાસભ્ય ત્રિકમ છાંગા પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. મોડે સુધી જાનહાનિના કોઇ વાવડ મળ્યા નથી. ■

# કચ્છમાં વધુ એક મહિલાનું ભેદી બીમારીથી મોતઃ મરણાંક ૧૫ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃપશ્ચિમ કચ્છના સીમાવર્તી લખપત અને અબડાસા તાલુકામાં ફેલાયેલી ભેદી તાવની બીમારીનો તાગ મેળવવાના પ્રયાસ ચાલુ રહ્યા છે તેવામાં મંગળવારે વધુ એક યુવાન મહિલાનો આ બીમારીએ ભોગ લેવાની સાથે મરણાંક ૧૫ પર પહોંચ્યો છે.

ભુજની ખાનગી હૉસ્પિટલમાં છેલ્લાં ત્રણ દિવસથી સારવાર હેઠળ રાખવામાં આવેલી ભારાવાંઢની નીઓસાઈબેન અબુબકર જત નામની ૩૬ વર્ષિય મહિલાએ છેલ્લા શ્વાસ લીધા હતા.

હતભાગીને તાવ આવતો હતો અને પેટમાં દુઃખતું હોવાનું જાણવા મળી રહ્યું છે. મહિલાનું મૃત્યુ કઈ બીમારીથી થયું છે તે અંગે હાલ કશી જ માહિતી નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, લખપત અબડાસામાં ફેલાયેલાં જીવલેણ ભેદી વાવર વચ્ચે આરોગ્ય તંત્રના તબીબો સહિતની ટીમોના ધાડેધાડાં સાફ-સફાઈ અને હેલ્થ સર્વેલન્સ માટે ઉતારી દેવાયાં છે. ■

# કંડલાના સેઝમાં આવેલા ગોદામમાંથી ૩.૧૬ લાખના સોપારીના જથ્થાની તસ્કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃમહાબંદર કંડલાના હાઈસિક્યોરિટી ઝોન સમા મુક્ત વ્યાપાર કેન્દ્ર(કાસેઝ)માં સ્થિત એક ગોદામમાં ત્રાટકેલા તસ્કરો રૂ.૩,૧૬,૬૫૦ના મૂલ્યના ૩૫૦૦ કિલો જેટલા સોપારીના જથ્થાની તસ્કરીને અંજામ આપતાં ચકચાર પ્રસરી છે.

કાસેઝની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર પ્રશ્નો ખડા કરતા આ બનાવ અંગે જાણવા મળેલી વિગતો મુજબ, કંડલા વિશેષ આર્થિક ક્ષેત્રમાં ફ્લેમિંગો લોજિસ્ટિક નામની કંપનીના ગોદામ નં.૨૮૫માં ચોરીને અંજામ અપાયો હતો.

સુરક્ષાકર્મીઓ તૈનાત હોવા છતાં બારીના સળિયા તોડી અંદર ઊતરેલા તસ્કરોએ ૭૦ કિલોની એક એવી ૫૦ જેટલી રી-એક્સપોર્ટ માટે રાખવામાં આવેલી સોપારી ભરેલી બોરીની ચોરી કરી નાસી છૂટ્યા હતા. અઠવાડિયા અગાઉ બનેલા બનાવ અંગે કંપનીના મેનેજર દેવેન્દ્ર ખેમચંદ બાલાએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં અનેક તર્કવિતર્ક વહેતા થયા છે. ■

દૈનિક
# મુંબઇ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 217 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ સુદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 September 2024, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | ઇન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# દેશભરમાં ટ્રેનોને ઊથલાવવાનું સુનિયોજિત ષડ્યંત્ર?

## કાનપુર, અજમેર અને સોલાપુરઃ તપાસ એજન્સીઓ હરકતમાં

મુંબઇઃ ઉત્તર પ્રદેશના કાનપુર અને રાજસ્થાનના અજમેર બાદ હવે મહારાષ્ટ્રના સોલાપુરમાં ગુડ્સ ટ્રેનને પાટા પરથી ઉથલાવી દેવાનું કાવતરું સામે આવ્યું છે. સોલાપુરના કુર્દુવાડી સ્ટેશન પાસે રેલવે ટ્રેક પર સિમેન્ટનો મોટો પથ્થર મળ્યો હતો. જોકે, ટ્રેનના લોકો પાઇલટની સતર્કતાથી અકસ્માત ટળ્યો હતો, પણ જે રીતે દેશભરમાં ટ્રેન અકસ્માતમાં વૃદ્ધિ થઇ રહી છે, તે જોતા આ એક સુનિયોજિત ષડ્યંત્ર હોવાનું લાગે છે. રેલવે પરિવહન સેવાનો ઉપયોગ દેશના મોટા ભાગના લોકો કરે છે. આ ઉપરાંત માલસામાનના પરિવહન માટે પણ રેલસેવાનો ઉપયોગ થાય છે અને આ જ સેવા જો ખોરવાઇ જાય તો દેશની વૃદ્ધિનો માર્ગ રૂંધાઇ શકે છે અને વિદેશમાં પણ ભારતની છાપ ખરડાઇ શકે છે.

મળતી માહિતી મુજબ સોલાપુર જિલ્લાના કુર્દુવાડી સ્ટેશન પાસે સિગ્નલ પોઇન્ટ પાસે રેલવે ટ્રેક પર સિમેન્ટનો મોટો પથ્થર મૂકવામાં આવ્યો હતો. આ સમયે આ ટ્રેક પરથી ગુડ્સ ટ્રેન પસાર થવાની હતી. ગુડ્સ

(જુઓ પાનું ૨) ▶▶

## મણિપુરમાં સુરક્ષા દળ સાથેની અથડામણમાં ૪૦ વિદ્યાર્થી ઘાયલ

ઈમ્ફાલઃ મણીપુરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંભાળવામાં મળેલી નિષ્ફળતા બદલ ડીજીપી અને રાજ્ય સરકારના સલાહકારને હોદ્દા પરથી દૂર કરવાની માગણી સાથે વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ મંગળવારે મોરચો લઈને રાજ ભવનની દિશામાં આગળ વધતા સુરક્ષા દળે તેમને રોક્યા હતા, એમ પોલીસે જણાવ્યું હતું. સુરક્ષા દળ સાથે થયેલી અથડામણમાં ૪૦ કરતાં વધુ વિદ્યાર્થી

(જુઓ પાનું ૨) ▶▶

### પાંચ દિવસ ઇન્ટરનેટ સેવા બંધ

ઇમ્ફાલઃ મણિપુરમાં હિંસાને પગલે રાજ્ય સરકારે ઇન્ટરનેટ સેવા પાંચ દિવસ બંધ કરવાનો મંગળવારે આદેશ આપ્યો હતો. રાજ્યમાં વિદ્યાર્થીઓના આંદોલનને કારણે હિંસા ફેલાઇ છે. સ્કૂલ અને કૉલેજ ગુરુવાર સુધી બંધ રહેશે.

સોશિયલ મીડિયા પર હિંસાને લગતા સમાચાર, તસવીરો, વીડિયો ન ફેલાય, તે હેતુસર રાજ્યમાં ઇન્ટરનેટ સેવા પાંચ દિવસ બંધ રાખવાનો હુકમ કરાયો હતો.

રાજ્યના ગૃહ વિભાગના જાહેરનામામાં જણાવાયું હતું કે મણિપુરમાં ૧૦ સપ્ટેમ્બરના બપોરે ત્રણ વાગ્યાથી ૧૫ સપ્ટેમ્બરના ત્રણ વાગ્યા સુધી લીઝ લાઇન્સ, વીએસએટી, બ્રોડબેન્ડ્સ અને

(જુઓ પાનું ૨) ▶▶

## દિલ્હીમાં રાષ્ટ્રપતિશાસન લાદવાનું ભાજપનું કાવતરુંઃ આતિશી

નવી દિલ્હીઃ આમ આદમી પાર્ટી (આપ)નાં વરિષ્ઠ નેતા અને પ્રધાન આતિશીએ મંગળવારે આક્ષેપ કર્યો હતો કે ભાજપે કેજરીવાલની સરકારને 'પાછલા બારણે'થી ઊથલાવીને દિલ્હીમાં રાષ્ટ્રપતિશાસન લાદવાનું ષડ્યંત્ર ઘડ્યું છે.

તેમણે એવો આરોપ પણ મૂક્યો હતો કે ભાજપે અગાઉ મહારાષ્ટ્ર, કર્ણાટક અને મણિપુરની ચૂંટાયેલી સરકારોને પણ ઊથલાવી હતી.

દિલ્હીમાં બંધારણીય કટોકટી ઊભી થઇ હોવાનો આક્ષેપ કરતા ભાજપના આવેદનપત્રને રાષ્ટ્રપતિના સચિવાલયે ગૃહ મંત્રાલયને આગળ મોકલ્યો હોવાના અહેવાલ બાદ આતિશીએ જણાવ્યું હતું કે કેજરીવાલની સરકારને જો ઊથલાવાશે, તો દિલ્હીના મતદારો વિધાનસભાની આગામી ચૂંટણીમાં બધી બેઠક પરથી આમ આદમી પાર્ટીના ઉમેદવારોને જિતાડશે

(જુઓ પાનું ૨) ▶▶

## સુરતના ઉમરપાડામાં ચાર કલાકમાં ૧૦ ઇંચ વરસાદથી જળબંબાકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃગુજરાતમાં છેલ્લા ચારેક દિવસથી વિરામ લીધા બાદ મંગળવારે મેઘરાજાએ ફરીથી દક્ષિણ ગુજરાતમાં ખાસ કરીને સુરતના ઉમરપાડામાં ચાર કલાકમાં ૧૦ ઇંચથી વધુ વરસાદ વરસાવતા આખો તાલુકો જળબંબાકાર થયો હતો. આમલી ડેમમાં પાણીની ભરપૂર આવક થઇ છે. ૬ દરવાજા ખોલી ૧૨૧૨૭ ક્યૂસેક પાણી છોડાયું હતું તેમજ નીચાણવાળા ૨૭ ગામોને એલર્ટ કરાયા હતા. બીજી

(જુઓ પાનું ૨) ▶▶

## બિહારના ભાગલપુરમાં ભાજપ નેતા પર હુમલો

ભાગલપુર (બિહાર) : ભાગલપુર જિલ્લામાં ભાજપના નેતા પર ધાર વગરની વસ્તુથી હુમલો કરવામાં આવતાં તેમને ગંભીર ઈજા થઈ છે. પોલીસે માહિતી આપી હતી કે પટણામાં અજાણ્યા ઈસમોએ સ્થાનિક પક્ષના નેતાને ઠાર માર્યાના કલાકો બાદ આ બનાવ બન્યો હતો. ભાજપના ઈજાગ્રસ્ત નેતાને શશી મોદી તરીકે ઓળખી કાઢવામાં આવ્યા છે જે સ્થાનિક વૉર્ડ કાઉન્સિલરના પતિ છે. પોલીસે નિવેદનમાં

(જુઓ પાનું ૨) ▶▶


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 65,880/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

હવે ના કહેશો, ન્યૂઝીલેન્ડ મોંઘુ છે, આપની સીટ આજે જ બુક કરો
DOWNLOAD TOUR PLAN
100% PURE NEW ZEALAND
ESTD. 2014
Freedom your holiday, your way
Fly from Anywhere,
SEE YOU AT AUCKLAND
12N- New Zealand Tour
Land Package with BF
₹ 1,85,400/-*
*T&C Apply
+91 98751 62567
FREEDOMTOURISM.COM

અજય મોદીના દિવાળી પ્રવાસો
બેંગ્લોર-કુર્ગ મૈસુર-ઉટી
₹ 25999 વ્યક્તિ દીઠ અને વધુ | ૦૮ દિવસ
ગુજરાતી-પંજાબી-કાંઠીયાવાડી ભોજન
નૈનિતાલ-મસૂરી કોર્બેટ-કૌસાની
₹ 25499 વ્યક્તિ દીઠ અને વધુ | ૦૮ દિવસ
Kandivali-63596 19321

TRUSTED BRAND SINCE 1924
રાહતના શ્વાસનો અનુભવ
અમારા આયુર્વેદિક બામ થી લો
*** આયુર્વેદિક પ્રોપ્રાયટરી મેડીસીન ***
Headrosa BALM
મચકોડ | માથાનો દુખાવો | સરદી
• હેડરોસા બામ •
*** પેકિંગમાં: ૦૫ ગ્રામ | ૧૦ ગ્રામ | ૨૫ ગ્રામ ***
હવે ઉપલબ્ધ છે
વધુ માહિતી માટે કોલ કરો: (+૯૧) ૯૮૨૫૬ ૦૮૦૦૭

BANDHANI & PATOLA
FLAT 40% OFF
Rest of the Collection Up To 40% OFF
Traditional Bandhanis made by Artisans of Kutch, Banarasi Upada, Silk Sarees, Rajkot Patola, Ikkat Patola and Patan's Patola at flat 40% off
RAAS
SAREES | BRIDAL & MUCH MORE
S.V.ROAD,SANTACRUZ WEST
+91 88799 63976

મોટાભાઈ, ૩૮ વર્ષનો અનુભવ છે!
કોઇ 'રેવડી' નહી
કોઇ 'ડિસ્કાઉન્ટ' નહી
માત્ર સર્વિસ... સર્વિસ અને સર્વિસ

મહારાજ સાથે ગ્રુપ ટુર — સ્પીતી (હિમાચલ પ્રદેશ - વેલી) — 89284 67688 / 99300 92741
સાંગલા - સરહાન્ — કિન્નોર — વેલી - હિમાચલ પ્રદેશ — 89284 67688 / 99300 92741
ચોપતા - ઋષિકેશ — ઔલી — 8928467688 / 9930092741
બંડિપુર - વૈત્રિ — કૂર્ગ — 9326474508 / 9833515645
ખજુરાહો - ગ્વાલીયર — મધ્ય પ્રદેશ — 8928467688 / 9930092741
પારો-પુનાખા-થીમ્પુ — ભૂતાન — 9326474508 / 9833515645
પોખરા-ચિત્તવન — નેપાલ — 9326474508 / 9324210059
જયપુર- જોધપુર — રાજસ્થાન — 8591467707 / 9326474508
બદ્રિનાથ - કેદારનાથ — ચારધામ — 9324210059 / 9930092741
અયોધ્યા-વારાણસી — ઉત્તર પ્રદેશ — 9324210059 / 9930092741
આસામ - મેઘાલય — અરુણાચલ — 9326474508 / 9769442741
દાર્જિલિંગ -પેલિંગ — સિક્કિમ — 8104068685 / 8369230503
મસુરી -કોર્બેટ — ઉત્તરાખંડ — 8369230503 / 9769442741
આર્યનવેલી- દ્રાસ — લદાખ — 8591467707 / 9833515645
પટ્ટનીટોપ - કતરા — કાશ્મીર — 8104068685 / 8591467707
ડેલહાઉઝી મનાલી - સીમલા — હિમાચલ — 9137890531 / 7021657978
મુન્નાર - કોવાલમ — કેરાલા — 7021657978 / 9137890531
સીમલા - મનાલી — જીભી — 8928467688 / 9769442741

વ્યવસ્થિત બજેટ અને ઉંચો ટેસ્ટ ધરાવતા ૨૦ થી વધૂ વ્યક્તિનો સીલેક્ટેડ ગ્રુપો માટે સ્પેશિયલ ગ્રુપ ટુરોના વૈભવી આયોજન માટે મારો સંપર્ક સાધો.
જીતુભાઇ શાહ...8928467688

Heena TOURS & TRAVELS ®
DOMESTIC & INTERNATIONAL
303 / 304 / 305, એમ એલ સ્પેસ, ડી જે રોડ (સ્ટેશન રોડ), વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-56
ફોન:- 022-67294444 / 61596900
ઘાટકોપર: 022-67295000 | સુરત: 0261-2456655
અમદાવાદ: 079-49065500 | પુના: 8237042741
enquiry@heenatours.in
www.heenatours.in

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# હેલ્થ ઈન્સ્યોરન્સ પર ટેક્સ નાબૂદી, ગડકરી ધીમે-ધીમે હીરો બની રહ્યા છે

**ગુડ્સ** એન્ડ સર્વિસ ટેક્સ (GST) કાઉન્સિલની ૫૪મી બેઠક સોમવારે મળવાની હતી એ પહેલાં એવું મનાતું હતું કે, હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ પર વસૂલવામાં આવતા જીએસટીને નાબૂદ કરીને સામાન્ય લોકોને નરેન્દ્ર મોદી સરકાર મોટી રાહત આપશે પણ એવું ના થયું. સોમવારે મળેલી બેઠકમાં આ મુદ્દે નિર્ણય લેવા માટે ગ્રુપ ઓફ મિનિસ્ટર્સ (જીઓએમ) બનાવવાનો નિર્ણય લઈને આગામી બેઠક સુધી ટાળી દેવામાં આવ્યો છે.

જીએસટી કાઉન્સિલની બેઠક પછી નાણાં મંત્રી નિર્મલા સીતારામને જાહેરાત કરી કે, મેડિકલ હેલ્થ ઈન્સ્યોરન્સ પર જીએસટી દરમાં ઘટાડા અંગેની જીઓએમ ઓક્ટોબરના અંત સુધીમાં રિપોર્ટ સબમિટ કરશે અને તેના આધારે નિર્ણય લેવાશે. નિર્મલા મેડમના કહેવા પ્રમાણે, લાઈફ અને હેલ્થ ઈન્સ્યોરન્સના પ્રીમિયમ પર લાગુ જીએસટી દૂર કરવા માટે વ્યાપક સર્વસંમતિની જરૂર પડશે. મેડિકલ હેલ્થ ઈન્સ્યોરન્સ પરનો ટેક્સ ઘટાડવા માટે વ્યાપક સહમતી જરૂરી હોવાથી હાલ પૂરતો નિર્ણય ટાળવામાં આવ્યો છે.

મેડિકલ હેલ્થ ઈન્સ્યોરન્સ પરનો ટેક્સ ઘટાડવા સામે કોઈને વાંધો હોઈ શકે છે એ વિચારીને જ આઘાત લાગે છે. કમ સે કમ વિપક્ષોને તો તેની સામે વાંધો નથી જ. કૉંગ્રેસ અને તૃણમૂલ કૉંગ્રેસ સહિતના વિપક્ષો લાંબા સમયથી આ માગ કરી રહ્યા છે. આ સંજોગોમાં વ્યાપક સહમતીનો અર્થ ભાજપ મેડિકલ હેલ્થ ઈન્સ્યોરન્સ પરનો ટેક્સ ઘટાડવાની વિરુદ્ધ છે કે શું એવો થાય કે નહીં એ નિર્મલા મેડમ જાણે પણ તેમની વાતનો સાર એટલો છે કે, હમણાં લાઈફ અને મેડિકલ હેલ્થ ઈન્સ્યોરન્સ પરનો ટેક્સ ઘટાડવામાં નહીં આવે. જીઓએમ ઓક્ટોબરના એન્ડમાં રિપોર્ટ સબમિટ કરશે તેથી એ પછી શું થાય એ નિર્મલા જાણે પણ, કમ સે કમ ઓક્ટોબરના એન્ડ સુધીમાં તો નહીં જ ઘટાડવામાં આવે.

જીએસટી કાઉન્સિલે લીધેલો નિર્ણય આંચકાજનક છે કેમ કે કાઉન્સિલે નમકીન પરનો ટેક્સ ઘટાડીને ૧૮ ટકાથી ૧૨ ટકા કરી દીધો છે, હેલિકોપ્ટર મારફત યાત્રા પર જીએસટી ઘટાડવાની માગ સ્વીકારીને જીએસટી રેટ ૧૮ ટકાથી ઘટાડી ૫ ટકા કરવાનો નિર્ણય પણ લઈ લેવાયો પણ સામાન્ય લોકોને સ્પર્શતા મુદ્દે જ ચલકચલાણાની રમત રમીને વાતને ટાળી દેવામાં આવી.

ટર્મ અને હેલ્થ ઈન્સ્યોરન્સમાં પ્રીમિયમની કુલ રકમ પર ૧૮ ટકા જીએસટી લાગુ પડાય છે. હેલ્થ મેડિકલ પૉલિસી એટલે કે સ્વાસ્થ્ય વીમા પૉલિસી ખરીદો અને તેનું કવરેજ રૂ. ૫ લાખ હોય તો પ્રીમિયમ લગભગ રૂ. ૧૧,૦૦૦ પ્રતિ વર્ષ આવે. તેના પર ૧૮ ટકાના દરે જીએસટી લાગે એટલે ૧૯૮૦ રૂપિયાની વધારાની રકમ ચૂકવવી પડે છે અને પ્રીમિયમ ૧૨,૯૮૦ થઈ જાય છે. આ રીતે ટર્મ પૉલિસી ખરીદનારાએ પણ વધુ પ્રીમિયમ ચૂકવવું પડે છે.

જીએસટી લાગુ કરવામાં આવ્યો એ પહેલાં વીમા પર ૧૫ ટકા ટેક્સ લાગતો હતો પણ ૧ જુલાઈ ૨૦૧૭થી જીએસટીનો અમલ શરૂ થયો પછી ૧૮ ટકા ટેક્સ વસૂલવામાં આવી રહ્યો છે. વેરાના દરમાં ૩ ટકાના આ વધારાની સીધી અસર પ્રીમિયમ પર પડી છે અને પ્રીમિયમ વધી ગયું છે. જીએસટી કાઉન્સિલ પ્રીમિયમ પર જીએસટી નાબૂદ કરે તો પ્રીમિયમ લગભગ ૧૫ ટકા ઘટી જાય પણ સરકાર એ કરવા નથી માગતી કેમ કે પ્રીમિયમ પર જીએસટીમાંથી તોતિંગ કમાણી થાય છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કેન્દ્ર અને રાજ્યોએ આરોગ્ય વીમા પ્રીમિયમ દ્વારા ૮,૨૬૨.૯૪ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ સિવાય હેલ્થ રિ-ઇન્શ્યોરન્સ પ્રીમિયમમાંથી ૧,૪૮૪.૩૬ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. મતલબ કે, લગભગ ૧૦ હજાર કરોડ રૂપિયાની કમાણી થયેલી કે જે છોડવાની સરકારની તૈયારી નથી. આ રકમ બહુ મોટી નથી ને બીજી કોઈ પણ લક્ઝુરિયસ આઈટમ પર જીએસટી નાખીને આ ખોટ સરભર કરી શકાય છે પણ સરકાર કદાચ લોકોને રાહત આપવા નથી માગતી. સરકારને ખબર છે કે, લોકો જખ મારીને પણ મેડિકલ હેલ્થ પૉલિસી તો લેશે જ એટલે સરકાર લોકોને ખંખેરી શકાય એટલા ખંખેરવા માગે છે.

મોદી સરકારના મનમાં ખરેખર શું છે એ કળવું મુશ્કેલ છે પણ ભાજપના આંતરિક રાજકારણની અસર પડી હોવાની શક્યતા નકારી ના શકાય. આંતરિક રાજકારણની અસર એ રીતે કે હેલ્થ પ્રીમિયમ પરનો જીએસટી નાબૂદ કરવાની માગણી ભાજપના વરીષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કરી હતી.

ગડકરીએ કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારામનને લોકસભાની ચૂંટણીનાં પરિણામો પછી તરત જ ૧૮ જુલાઈએ ખુલ્લો પત્ર લખીને જીવન અને મેડિકલ વીમાના પ્રીમિયમ પરનો જીએસટી હટાવવાની માગ કરી હતી. ગડકરીએ આ પત્રમાં લખ્યું હતું કે, જીવન વીમા અને સ્વાસ્થ્ય વીમા પ્રીમિયમ પર ૧૮ ટકા જીએસટી લગાવવામાં આવ્યો છે એ જીવનની અનિશ્ચિતતાઓ પર ટેક્સ લગાવવા જેવું છે. ગડકરીએ લખ્યું હતું કે નાગપુર ડિવિઝન લાઇફ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન એમ્પ્લોઇઝ યુનિયને આ મુદ્દે તેમને આવેદનપત્ર આપીને જીવન-સ્વાસ્થ્ય વીમા પ્રીમિયમ પરનો જીએસટી હટાવવાની માગ કરી છે તેથી સરકારે આ અંગે ગંભીરતાથી વિચારવું જોઈએ, ગડકરીએ લખેલું કે યુનિયનનું માનવું છે કે મેડિકલ ઇન્સ્યોરન્સ પર ૧૮ ટકા જીએસટી આ બિઝનેસના વિકાસમાં અવરોધરૂપ સાબિત થઇ રહ્યો છે.

નીતિન ગડકરી પહેલાં પણ સરકારની કેટલીક નીતિઓ સામે ગણગણાટ કરી ચૂક્યા છે પણ આ રીતે કોઈ મુદ્દે ખુલ્લેઆમ નહોતા બોલ્યા. મોદી સરકારને સ્પષ્ટ બહુમતી ના મળી પછી રચાયેલી નવી સરકાર સામે ખુલ્લેઆમ અવાજ ઉઠાવીને ગડકરીએ આકરા તેવર બતાવ્યા હતા. નીતિન ગડકરી આ મુદ્દો કેબિનેટની બેઠકમાં કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને નાણાં મંત્રી નિર્મલા સીતારામનને અલગથી મળીને ઉઠાવી શક્યા હોત પણ તેના બદલે તેમણે ખુલ્લો પત્ર લખીને પોતે લોકોની સમસ્યાઓ અંગે ચૂપ નથી એવો મેસેજ આપ્યો હતો.

હવે ઈન્સ્યોરન્સ પરનો જીએસટી નાબૂદ કરી દેવાય તો ગડકરીએ અવાજ ઉઠાવ્યો તેથી ટેક્સ નાબૂદ કરવો પડ્યો કે ઘટાડવો પડ્યો એવી છાપ પડે ને ગડકરી હીરો બની જાય. ગડકરી હીરો ના બને એ માટે નિર્ણય ટાળી દેવાયો હોય એ શક્યતા નકારી ના શકાય.

ભાજપમાં બીજા કોઈને જશ ના મળે ને બધો જશ એક જ વ્યક્તિને અપાય એ નવી વાત તો છે નહીં? તેમાં પણ ગડકરી જશ લઈ જાય એવું તો બનવા જ ના દેવાય. ગડકરી મોદી સરકારમાં સૌથી સારું કામ કરનારા મિનિસ્ટર ગણાય છે છતાં તેનો જશ કદી અપાતો નથી ત્યારે આ તો કરોડો લોકોના હીરો બનાવવાની વાત છે.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), બુધવાર, તા. ૧૧-૯-૨૦૨૪, દુર્વાષ્ટમી, ધરોઆઠમ

- ભારતીય દિનાંક ૨૦, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ સુદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૮
- પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૮મો જમીઆદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૭મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૮મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર જયેષ્ઠા રાત્રે ક. ૨૧-૨૧ સુધી, પછી મૂળ.
- ચંદ્ર વૃશ્ચિકમાં રાત્રે ક. ૨૧-૨૧ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૨૬ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૫, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૭, સ્ટા. ટા.
- : મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટઃ
- ભરતી : બપોરે ક. ૧૫-૫૭, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૦૧ (તા. ૧૨)
- ઓટઃ સવારે ક. ૧૦-૧૯, રાત્રે ક. ૨૨-૩૬

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - અષ્ટમી. દુર્ગાષ્ટમી, રાધાષ્ટમી, દુર્વાષ્ટમી, ધરોઆઠમ, મહાલક્ષ્મી વ્રત પ્રારંભ, વિંછુડો સમાપ્તિ ક. ૨૧-૨૨, વિષ્ટિ ક. ૧૧-૩૪ સુધી.

- શુભાશુભ દિનશુદ્ધિઃ (સવારે ક. ૧૧-૩૪ પછી શુભ દિવસ.)
- મુહૂર્ત વિશેષઃ જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, સર્વશાંતિ પૂજા, બુધ-ગ્રહદેવતાનું પૂજન, શેમળાનું પૂજન, ઔષધ ઉપચાર, પ્રયાણ મધ્યમ, વાહન, યંત્ર, ખેતીવાડી, પશુ લે-વેંચ, પ્રાણી પાળવા, ઈન્દ્રદેવતાનું પૂજન, પરદેશગમનનું પસ્તાનું.
- શ્રી ગણેશ મહિમાઃ શ્રી ગણેશને નક્ષત્રોના સ્વામી કહ્યા છે તમામ ગણોના અધિપતિ હોવાથી વિઘ્નો હરી મંગલકાર્યોમાં લાભ કરાવે છે. માટે તેમને મંગલમૂર્તિ પણ કહે છે. આમ દરેક શુભ કાર્યોમાં ભગવાન શ્રી ગણેશજીની પૂજા થાય છે. તેમની પત્ની રિદ્ધિ અને સિદ્ધિ સમૃદ્ધિની દેવી છે. શ્રી ગણેશ સનાતન હિન્દુ ધર્મસંસ્કૃતિમાં રોજિંદા જીવનમાં મુખ્ય આગવું સ્થાન ધરાવે છે. જન્મશાંતિ, નક્ષત્ર શાંતિ, ગ્રહશાંતિ, ચંદ્ર-સૂર્ય-ગુરુના અશુભ યોગો હોય તેમાં શ્રી ગણેશની પૂજા અત્યંત આવશ્યક છે.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ કાર્યક્ષેત્રે પરિશ્રમ, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ વ્યવહારિક બાબતોમાં સાવચેત રહેવું. ચંદ્ર-નેપ્ચ્યૂન ચતુષ્કોણ નાણાં વ્યવસ્થામાં સાવચેત રહેવું.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ, ચંદ્ર-નેપ્ચ્યૂન ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

# અમિતાવ ઘોષનું બ્રિટિશ એકેડેમી બુક પ્રાઇઝ માટે નામાંકન

લંડનઃ જાણીતા ભારતીય લેખક અમિતાવ ઘોષનું બ્રિટિશ એકેડેમી બુક પ્રાઇઝ માટે મંગળવારે નામાંકન કરાયું હતું. નવલકથા સિવાયના પુસ્તકોના લેખકોને આ પુરસ્કારમાં પચીસ હજાર પાઉન્ડનું ઇનામ અપાય છે.

ઘોષ દ્વારા લખાયેલા પુસ્તક 'સ્મોક ઍન્ડ એશીઝઃ ઓપિયમ્સ હિડન હિસ્ટરીઝ'ની સાથે આ પુરસ્કાર માટેની સ્પર્ધામાં અન્ય પાંચ લેખક પણ છે. અમિતાવ ઘોષનો જન્મ કોલકાતામાં થયો હતો અને હાલમાં અમેરિકામાં રહે છે. પસંદગીકારોએ વાર્તા કહેવાના ઘોષના કૌશલ્યની પ્રશંસા કરી હતી. તેમણે ૧૮મી સદીથી અત્યાર સુધી થતાં અફીણના વેપાર અને અમેરિકામાંના 'ઓક્સિકોન્ટિન કૌભાંડ'ની વાત વર્ણવી છે.

આ પુરસ્કાર માટેની સ્પર્ધામાંના અન્ય લેખકોમાં 'મટેરિયલ વર્લ્ડઃ એ સબસ્ટેન્શિયલ સ્ટોરી ઑફ અવર પાસ્ટ ઍન્ડ ફ્યુચર'ના લેખક એડ કોનવે તેમ જ 'ધ સિક્રેટ લાઇવ્સ ઑફ નંબર્સઃ એ ગ્લોબલ હિસ્ટરી ઑફ મેથેમેટિક્સ ઍન્ડ ઇટ્સ અનસંગ ટ્રેલબ્લેઝર્સ'ના લેખકો કેટ કિટાગાવા અને ટિમોથી રેવેલનો પણ સમાવેશ થાય છે. લંડનમાં ૨૨ ઑક્ટોબરે યોજાનારા પુરસ્કાર સમારંભમાં વિજેતાનું નામ જાહેર કરાશે. આ પુરસ્કારમાં પચીસ હજાર પાઉન્ડ અપાશે. ગયા વર્ષે ભારતીય મૂળનાં લેખિકા નંદિની દાસને 'કોર્ટિંગ ઇન્ડિયાઃ ઇંગ્લેન્ડ, મોગલ ઇન્ડિયા ઍન્ડ ઓરિજિન્સ ઑફ એમ્પાયર'ને આ પુરસ્કાર મળ્યો હતો. બ્રિટિશ એકેડેમીના લંડનમાંના ઓપન હાઉસ ફેસ્ટિવલમાં રવિવારથી કોલકાતાના કલાકાર અને ક્યુરેટર આર્કો દત્તો દ્વારા ફોટોગ્રાફ્સનું ડિજિટલ પ્રદર્શન પણ યોજાઇ રહ્યું છે. (એજન્સી)

# અફઝલ ગુરુનો ભાઈ પણ હવે ચૂંટણીના મેદાનમાં

*સુરેશ એસ. ડુગ્ગર*

નવી દિલ્હીઃ જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે ત્યાં એક પછી એક રાજકીય ધમાકા બંધ થવાનું નામ જ નથી લઈ રહ્યા. પહેલા પ્રતિબંધિત જમાતે ઈસ્લામીએ ચૂંટણીના મેદાનમાં ઉમેદવારને ઊતારી સૌને ચોંકાવી દીધા હતા અને અન્ય ઉમેદવારો માટે પડકારો ઊભા કરી દીધા હતા તો હવે સંસદભવન પરના હુમલાને મામલે દોષી ઠરેલા અને ફાંસીની સજા પામેલા અફઝલ ગુરુના ભાઈએ ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવાની જાહેરાત કરી દીધી છે. જોકે એ પણ સાચું છે કે જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી અગાઉ જ અફઝલ ગુરુના નામ પર ઘમસાણ મચેલું છે. વર્ષ ૨૦૦૧માં સંસદભવન પરના હુમલાના દોષી અફઝલ ગુરુના ભાઈ એઝાઝે સોપોરેથી વિધાનસભાની ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. જોકે એઝાઝે કહ્યું છે કે તે ભાઈ અફઝલ ગુરુના નામે મત નહીં માગે. સોપોરે વિધાનસભા બેઠક એક સમયે અલગતાવાદી નેતા અને જમાત વિચારક સૈયદ અલી શાહ ગિલાનીનો ગઢ મનાતી હતી. જોકે અફઝલ ગુરુના ભાઈ એઝાઝને કોઈ પક્ષે ટિકિટ નથી આપી તેથી તે અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડશે.

પશુપાલન વિભાગમાં કામ કરતા એઝાઝે વર્ષ ૨૦૧૪માં વીઆરએસ લીધી હતી. યાદ રહે ડ્રગ સંબંધિત કેસમાં એઝાઝનો પુત્ર નવ મહિનાથી જેલમાં છે.

# એડવોકેટના પુત્રોના જામીનનો વિરોધ કરનાર યુપીની મહિલા વકીલની હત્યા, ૬ની ધરપકડ

કાસગંજઃ જૂના કેસોમાં એડવોકેટના પુત્રો અને તેના સહયોગીની જામીન અરજીનો વિરોધ કરવા બદલ જિલ્લા કોર્ટની ૪૦ વર્ષીય મહિલા વકીલની કથિત રીતે હત્યા કરવામાં આવી હતી, એમ પોલીસે મંગળવારે જણાવ્યું હતું.

આ કેસમાં એડવોકેટ મુસ્તફા કામિલ, તેના ત્રણ પુત્રો - હૈદર મુસ્તફા, સલમાન મુસ્તફા અને અસદ મુસ્તફા - અને બે સહયોગી મુનાઝીર રફી અને કેશવ મિશ્રાની ધરપકડ કરવામાં આવી છે, એમ એસપી અપર્ણા રજત કૌશિકે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, વકીલ મોહિની તોમર ૩ સપ્ટેમ્બરના રોજ જિલ્લા કોર્ટમાંથી ગુમ થઈ ગઈ હતી અને તેના એક દિવસ પછી તેનો મૃતદેહ રેખાપુર માઈનોર કેનાલમાંથી મળી આવ્યો હતો.

તેના પતિ બ્રિજેન્દ્ર તોમરે કામિલ, તેના પુત્રો અને તેના બે સહયોગીઓ સહિત છ લોકોના નામ સાથે એફઆઈઆર નોંધાવી હતી. કાસગંજ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમ હેઠળ એફ આઇ આર નોંધવામાં આવી હતી. કામિલ અને તેના ત્રણ પુત્રોની ગયા અઠવાડિયે ધરપકડ કરવામાં આવી હતી, રફી અને મિશ્રાની સોમવારે ધરપકડ કરવામાં આવી હતી, એમ એસપીએ જણાવ્યું હતું. મોહિનીની હત્યાના કારણે જિલ્લામાં વિરોધનું વાતાવરણ સર્જાયું હતું, વકીલોએ આ કેસમાં ન્યાય અને પરિવારના સભ્યો માટે ૧ કરોડ રૂપિયાના વળતરની માગણી સાથે કાસગંજ-બરેલી હાઇવે પર ચક્કાજામ કર્યા હતા.

# કેદારનાથ માર્ગ પર ભૂસ્ખલનઃ મૃત્યુઆંક સુરતના એક સહિત પાંચ થયો

રુદ્રપ્રયાગ : કેદારનાથ માર્ગ પર સોમવારે સાંજે થયેલા ભૂસ્ખલનના કાટમાળમાંથી મંગળવારે વધુ ચાર તીર્થયાત્રીઓના મૃતદેહ મળી આવ્યા બાદ, આ ઘટનામાં મૃત્યુઆંક પાંચ થયો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

રુદ્રપ્રયાગ પોલીસે મંગળવારે જણાવ્યું હતું કે કાટમાળ નીચે વધુ શ્રદ્ધાળુઓ ફસાયેલા હોઈ શકે છે.

સોમવારે સાંજે લગભગ ૭.૨૦ વાગ્યે કેદારનાથની મુલાકાતેથી પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓનું એક જૂથ ભૂસ્ખલનમાં ફસાઈ ગયું હતું. એસડીઆરએફ અને એનડીઆરએફના જવાનોએ તરત જ બચાવ કામગીરી શરૂ કરી હતી અને મધ્ય પ્રદેશના ધારથી ગોપાલ (૫૦) તરીકે ઓળખાતા તીર્થયાત્રીનો મૃતદેહ શોધ્યો હતો અને અન્ય ત્રણને બચાવ્યા હતા જેમને એમ્બ્યુલન્સમાં સોનપ્રયાગ લઈ જવામાં આવ્યા હતા.

સોમવારની રાત્રે પહાડ પરથી પથ્થરો પડી રહ્યા હતા અને ખરાબ હવામાનને કારણે બચાવ કામગીરી સ્થગિત કરવી પડી હતી.

મંગળવારે સવારે બચાવના પ્રયાસો ફરી શરૂ કરવામાં આવતાં, ત્રણ મહિલા સહિત વધુ ચાર યાત્રાળુઓના મૃતદેહો કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

મરણ પામેલા યાત્રિકોની ઓળખ મધ્ય પ્રદેશના ઘાટ જિલ્લાના દુર્ગાબાઈ ખાપર (૫૦), નેપાળના ધનવા જિલ્લાના વૈદેહી ગામની તિતલી દેવી (૭૦), મધ્ય પ્રદેશના ધારની સમન બાઈ (૫૦) અને સુરત, ગુજરાતના ભરતભાઈ નિરાલાલ (૫૨) તરીકે થઈ છે.

મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ આ ઘટનામાં જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો છે.

# બ્રાઝિલમાં દુષ્કાળ વચ્ચે, જંગલમાં દાવાનળઃ એમેઝોનનાં પાણી સુકાયા

બ્રાઝિલિયા : બ્રાઝિલ સાત દાયકા પહેલા રાષ્ટ્રવ્યાપી માપદંડો શરૂ થયા પછીના તેના સૌથી ખરાબ દુષ્કાળને સહન કરી રહ્યું છે.

તટપ્રદેશની મુખ્ય એમેઝોનની નદીઓનું જળસ્તર ઐતિહાસિક નીચા સ્તરે વહી રહ્યું છે અને અનિયંત્રિત માનવસર્જિત જંગલની આગોએ સંરક્ષિત વિસ્તારોને તબાહ કર્યા છે. વિશાળ વિસ્તાર પર ધુમાડો ફેલાવ્યો છે અને હવાની ગુણવત્તામાં ઘટાડો થયો છે.

નેશનલ સેન્ટર ફોર મોનિટરિંગ એન્ડ અર્લી વોર્નિંગ ઓફ નેચરલ ડિઝાસ્ટરના સંશોધક અના પૌલા કુન્હાએ ગુરુવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''આ પ્રથમ વખત છે કે દેશના ઉત્તરથી દક્ષિણપૂર્વ સુધી દુષ્કાળની અસર થઈ છે તે ઇતિહાસનો સૌથી તીવ્ર અને વ્યાપક દુષ્કાળ છે.''

દુષ્કાળને કારણે પીવાના પાણીની અછત સર્જાઈ છે અને બાળકો ગંદુ પાણી પી રહ્યા છે જેના કારણે બીમારીઓમાં વધારો થયો છે. સ્થાનિક નેતા મિરિયન ટિકુનાએ જણાવ્યું હતું કે, પાક બળી જવાને કારણે ખોરાકની અછત થઇ રહી છે. વાયુ પ્રદૂષણને લીધે શહેરમાં મુસાફરી કરવી મુશ્કેલ બની રહી છે. એક સ્વિસ એર ટેક્નોલોજી કંપની દ્વારા એકત્ર કરાયેલ ડેટા અનુસાર, સોમવારે બપોરે ધુમાડાને કારણે ૨૧ મિલિયન લોકોના મેટ્રોપોલિટન વિસ્તાર સાઓ પાઉલોને લાહોર પછી વિશ્વમાં બીજા ક્રમની સૌથી પ્રદૂષિત હવામાં શ્વાસ લેવામાં આવ્યો.

## પહેલા પાનાનું ચાલુ

### દેશભરમાં ટ્રેનને

ટ્રેનના લોકો પાઇલટે દૂરથી જ ટ્રેક પર પથ્થર જોયો હતો અને લગભગ ૨૦૦ મીટરના અંતરે જ માલગાડીને રોકી લીધી હતી અને મોટો અકસ્માત થતા સહેજમાં રહી ગયો હતો.

આ પહેલા રાજસ્થાનના અજમેરમાં પણ ગુડ્સ ટ્રેનને પાટા પરથી ઉથલાવી દેવાના કાવતરાનો મામલો સામે આવ્યો હતો. અજમેર ખાતે તો સિમેન્ટના ૭૦ કિલોના બે બ્લોક મૂકીને માલગાડીને ઉથલાવી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, ગુડ્સ ટ્રેન સિમેન્ટના બ્લોક તોડીને આગળ વધી ગઇ હતી અને દુર્ઘટના સર્જાતા રહી ગઇ હતી. આ અંગે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ પહેલા કાનપુરમાં પણ કાલિંદી એક્સપ્રેસને ઉથલાવી દેવાનું કાવતરું થયું હતું. પ્રયાગરાજથી ભિવાની જતી કાલિંદી એક્સપ્રેસના પસાર થવાના ટ્રેક પર એલપીજી સિલિંડર મૂકી દેવામાં આવ્યું હતું. ટ્રેન સિલિંડર સાથે અથડાઇ હતી અને વિસ્ફોટ થયો હતો. સદ્‌ભાગ્યે કોઇ જાનહાનિ કે અકસ્માત નહોતો સર્જાયો. આ ઘટના અનવરગંજ-કાસગંજ રેલવે લાઇન પર બની હતી આ મામલે પોલીસમાં એફઆઇઆર નોંધાવવામાં આવી છે અને તપાસ ચાલુ છે.

ઇન્ટેલિજન્સ બ્યુરો (આઇબી), નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ), યુપી એટીએસ જેવી તપાસ એજન્સીઓ કાલિંદી એક્સપ્રેસને ઉડાવી દેવાના કાવતરાની તપાસમાં જોડાઇ છે. તેમને આ કાવતરા પાછળ આતંકવાદી સંગઠન આઇએસના ખોરાસાન મોડ્યુલનો હાથ હોવાની શંકા છે. આ મોડ્યુલના છોકરાઓ કટ્ટર હોય છે અને તેઓ આવા હુમલા કરતા હોય છે. મધ્ય પ્રદેશમાં ૨૦૧૭માં આવા જ હુમલાઓ થયા હતા. ખોરાસાન મોડ્યુલનો આતંકવાદી સૈફુલ્લાહ લખનઊ એન્કાઉન્ટરમાં માર્યો ગયો હતો. તેની પાસેથી સિલિન્ડર અને આઇઇડી પણ મળ્યા હતા. હવે આ મોડ્યુલના આતંકીઓ ફરીથી સક્રિય થયા હોય એવી અટકળો લગાવવામાં આવી રહી છે.

આ અગાઉ પણ ગુડ્સ ટ્રેન પાટા પરથી ખડી પડી હોવાના અહેવાલ આવ્યા છે. ૨૯મી જુલાઇએ ઓડિશાના સંબલપુરમાં ગુડ્સ ટ્રેનના ડબા ખડી પડયા હતા, તેમાં કોઇ જાનહાનિ થઇ નહોતી, મુંબઇના બોઇસર સ્ટેશન પાસેના યાર્ડમાં ગુડ્સ ટ્રેનના પાંચ ડબા ખડી પડયા હતા, આ બનાવ ૨૭મી જુલાઇએ નોંધાયો હતો. તેના આગળના દિવસે એટલે કે ૨૬મી જુલાઇએ ટ્રેક પર પડેલાં ઝાડ સાથે ખાલી પેસેન્જર ટ્રેનનું એન્જિન અથડાતાં તે ટ્રેનના અમુક ડબા ખડી પડયા હતા. તે જ દિવસે ભુવનેશ્વર સ્ટેશન નજીક ગુડ્સ ટ્રેન ખડી પડી હતી. ૧૭મી ઓગસ્ટે કાનપુર-ઝાંસી રૂટ ઉપર સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના ૨૨ ડબા એન્જિન સહિત પાટા પરથી ઉતરી ગયા હતા. આ ટ્રેન વારાણસીથી અમદાવાદ જઇ રહી હતી. આ ટ્રેનનું એન્જિન બાઉલ્ડર સાથે ટકરાયા પછી ટ્રેનના ડબા ખડી પડયા હતા એવું એન્જિન ડ્રાઇવરે જણાવ્યું હતું.

### મણિપુરમાં સુરક્ષા

ઘાયલ થયા હતા. ઘાયલ વિદ્યાર્થીઓને સારવારાર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હજારોની સંખ્યામાં વિદ્યાર્થી અને મહિલા પ્રદર્શનાર્થીઓ મોરચો લઈને બીટી રોડ પર આવેલા રાજભવનની દિશામાં આગળ વધ્યા હતા, પરંતુ કૉંગ્રેસ ભવન પાસે સુરક્ષા દળે તેમને રોક્યા હતા, એમ તેમણે કહ્યું હતું. પ્રદર્શનકર્તાઓએ પથ્થરમારો કરતા તેમને વિખેરવા સુરક્ષા દળના જવાનોને અશ્રુવાયુ છોડવાની ફરજ પડી હતી.

મણીપુર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પણ વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા અને તેમણે કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહની નનામી બાળી હતી. બાદમાં તેઓ સચિવાલય તરફ આગળ વધ્યા હતા, પરંતુ ઈમ્ફાલ વેસ્ટ ડિસ્ટ્રીક્ટના કાવકા ખાતે તેમને રોકવામાં આવ્યા હતા, એમ પોલીસે કહ્યું હતું.

મણીપુરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંભાળવામાં મળેલી નિષ્ફળતાને મામલે વિદ્યાર્થીઓએ ડીજીપી અને રાજ્ય સરકારના સલાહકારને હોદ્દા પરથી દૂર કરવાની માગણી કરી રહ્યા હતા.

ઘટનાને પગલે ઈમ્ફાલ ઈસ્ટ અને વેસ્ટ ડિસ્ટ્રીક્ટમાં અચોક્કસ મુદતનો કરફ્યુ લાદી દેવામાં આવ્યો હતો તેમ જ થોઉબલમાં બીએનએસએસની કલમ ૧૬૩ (૨) અંતર્ગત પ્રતિબંધિત આદેશ આપવામાં આવ્યો હતો. દરમિયાન હિંસાગ્રસ્ત મણીપુરમાં ૨૦૦૦ સુરક્ષા જવાનો ધરાવતી વધુ સીઆરપીએફની વધુ બે બટાલિયન ગોઠવી દેવાનો કેન્દ્ર સરકારે આદેશ આપ્યો હતો. (એજન્સી)

### પાંચ દિવસ

વીપીએન સર્વિસીસ સહિતની ઇન્ટરનેટ અને મોબાઇલ ડેટા સર્વિસ બંધ રહેશે.

સલામતી દળોએ ડીજીપી અને રાજ્યના સલામતી સલાહકારને હોદ્દા પરથી દૂર કરવાની માગણી માટે દબાણ કરવા રાજભવન તરફ કૂચ કરી રહેલા વિદ્યાર્થીઓ અને મહિલા દેખાવકારોને વિખેરવા અશ્રુવાયુ છોડ્યો હતો.

મણિપુરમાં ગયા વર્ષના મેથી શરૂ થયેલી હિંસામાં ૨૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા. અગાઉ, આસામ રાઇફલ્સની બે બટાલિયન રાજ્યમાંથી પાછી ખેંચાઇ હતી અને તેઓને જમ્મુ - કાશ્મીર તેમ જ ઇશાનના અન્ય રાજ્યમાં ફરજ પર મોકલાયા હતા. (એજન્સી)

### સુરતના ઉમરપાડામાં

બાજુ નર્મદા અને છોટા ઉદેપુર તેમજ નવસારી જિલ્લાઓમાં પણ બે થી ત્રણ ઇંચ પાણી વરસ્યું હતું. સુરત જિલ્લાના માંડવી ખાતે આવેલા આમલી ડેમ ભયજનક સપાટીએ પહોંચ્યો હતો. જિલ્લાના ઉમરપાડા, ઓલપાડ તાલુકામાં પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો. રસ્તા પર નદીઓ વહેતી હોય તેવા સર્જાયા દ્રશ્યો હતા. ઓલપાડ તાલુકામાં પણ ધોધમાર વરસાદ વરસી ગયો છે. ઉમરપાડામાં સીઝનનો ૧૧૧.૩૬ ઈંચ વરસાદ વરસ્યો હતો. ઓલપાડ તાલુકામાં સીઝનનો ૫૪.૦૮ ઈંચ વરસાદ વરસી ચૂક્યો છે.

દરમિયાન આજે મંગળવારે દિવસ દરમિયાન સાગબરા, ખેરગામ સહિતના કેટલાક તાલુકાઓમાં બે થી ત્રણ ઇંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે છોટા ઉદેપુર, દાહોદ, મહીસાગર, વલસાડ, તાપી, વડોદરા , પાટણ સહિતના જિલ્લાઓના ૮૦થી વધુ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હતો.

### દિલ્હીમાં રાષ્ટ્રપતિશાસન

અને ભાજપનો પરાજય થશે. દિલ્હી વિધાનસભામાંના વિપક્ષના નેતા વિજેન્દ્ર ગુપ્તાએ સોમવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને સંબંધિત આવેદનપત્ર સુપરત કર્યું હતું.

તેમણે આક્ષેપ કર્યો હતો કે દિલ્હીના વહીવટીતંત્રમાં અરાજકતા ફેલાઇ છે. મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ ચાર મહિના કરતાં વધુ સમયથી જેલમાં છે અને તેમના પર દારૂ પરની આબકારી જકાતની નીતિમાંના ભ્રષ્ટાચારના ગંભીર આરોપ છે. (એજન્સી)

### બિહારના ભાગલપુરમાં

કહ્યું હતું કે સોમવારે રાત્રે સાડાઅગિયાર વાગ્યે બબ્બરગંજ પોલીસ સ્ટેશન હેઠળના કુતુબગંજ પોન્ડની નજીક ગણેશ પૂજા વખતે આ બનાવ બન્યો હતો.નજીવી બાબતે અમુક અજાણ્યા તોફાનીઓએ શશી મોદી અને બીજા બે ઈસમ પર બુઠ્ઠા હથિયાર વડે હુમલો કર્યો હતો. ઘટનાસ્થળે હાજર સુરક્ષા ચોકિયાતોએ ઈજાગ્રસ્ત લોકોને નજીકની હૉસ્પિટલમાં લઈ ગયા હતા અને તેમની હાલત સ્થિર છે. નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે પોલીસે કેસ નોંધીને ગુનેગારોને પકડવા અભિયાન ચાલુ કર્યું છે. સ્થાનિકો કહે છે કે શશી મોદી ભાજપના નેતા છે અને પક્ષની પ્રવૃત્તિમાં સંડોવાયેલા હતા.

અગાઉ સોમવારે પટણા શહેરમાં ચોક એરિયાની રેસ્ટોરાંની બહાર ત્રણ અજાણ્યા ઈસમોએ ભાજપના નેતા શ્યામસુંદર શર્માને ઠાર માર્યો હતો. (એજન્સી)
















# ‘ક્યારે જેલભેગો કરાશે તેની રાહ જોઈ રહ્યો છું’

## ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખને ધરપકડનો ભય

મુંબઈ: હૉટેલ-બાર માલિકો પાસેથી ખંડણી માગવા પ્રકરણે તેમ જ મુકેશ અંબાણીના ઘર એન્ટિલિયાની બહાર વિસ્ફોટક મળ્યા તે પ્રકરણે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખનું નામ ગાજ્યું હતું અને મની લૉન્ડરિંગ પ્રકરણે તેમણે જેલમાં પણ જવું પડ્યું હતું. એવામાં ફરી એક વખત પોતાની ધરપકડ થઇ શકે છે તેવી શક્યતા ખુદ અનિલ દેશમુખે વ્યક્ત કરી છે.

દેશમુખે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સીબીઆઇ(સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન) અને ઇડી(એન્ફોસર્મમેન્ટ ડિરેક્ટોરેટ) જેવી કેન્દ્રીય એજન્સીઓ દ્વારા પોતાના વિરુદ્ધ કેસ નોંધાવ્યો હોવાનો આરોપ મૂક્યો હતો અને બંને કેન્દ્રીય એજન્સીઓ તેમના પર ક્યારે પણ ત્રાટકી શકે તેવો ભય વ્યક્ત કર્યો છે.

સોશિયલ મીડિયા સાઇટ એક્સ(પહેલા ટ્વીટર) પર એક પોસ્ટ મૂકતા દેશમુખે ઉક્ત દાવો કર્યો હતો. તેમણે પોસ્ટમાં લખ્યું હતું કે એવો આરોપ છે કે જ્યારે ચાર વર્ષ પહેલાં હું ગૃહ પ્રધાન હતો ત્યારે મેં જળગાંવના એક પોલીસ અધિકારી પર ભાજપના ગિરીશ મહાજન પર કાર્યવાહી કરવા માટે દબાણ કર્યું હતું. મને મળેલી જાણકારી મુજબ દેવેન્દ્ર ફડણવીસ મારા પર છાપેમારી કરી મારી ધરપકડ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. હું દિલ્હી અને સીબીઆઇ-ઇડીની મદદથી મહારાષ્ટ્રના રાજકારણને નીચલા સ્તરે લઇ જનારા દેવેન્દ્ર ફડણવીસને કહેવા માગું છું કે હું મારી ધરપકડની રાહ જોઇ રહ્યો છું. ■

### શું છે મામલો?

૨૦૨૦માં ભાજપના ટોચના નેતાઓને ખોટા કેસમાં ફસાવવાનો પ્રયત્ન કરવા બદલ સીબીઆઇએ દેશમુખ, વિશેષ સરકારી વકીલ પ્રવીણ પંડિત ચૌહાણ અને બે પોલીસ અધિકારીઓ વિરુદ્ધ એફઆઇઆર નોંધી હોવાનું અધિકારીઓ પાસેથી જાણવા મળ્યું હતું. બે વર્ષ સુધી આ કેસની તપાસ કર્યા બાદ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું એક અધિકારી પાસેથી જાણવા મળ્યું હતું. દેવેન્દ્ર ફડણવીસે એક પેન ડ્રાઇવમાં આ વિશેના પુરાવા સોંપ્યા બાદ મામલો પ્રકાશમાં આવ્યો હોવાનું કહેવાય છે.

### ...એ તો તમારા કર્મ: ભાજપ

અનિલ દેશમુખે કરેલા ટ્વીટનો વળતો જવાબ આપતા ભાજપે કહ્યું હતું કે ચાર વર્ષ પહેલાની ઘટના કોઇએ ખોદી નથી કાઢી. આ તો તમારા કર્મ છે. બધા જ પુરાવા વિધાનસભાના રેકોર્ડ પર છે. મીડિયા પાસે પણ પુરાવાના વીડિયો ઉપલબ્ધ છે. જે અધિકારીઓ પર તમે દબાણ કર્યું હતું તે અધિકારીઓએ જ આ વિશે જવાબ આપ્યો છે. કર્મ તમે કર્યું અને દોષ અમારા નેતા પર નાખો છો, એ નહીં ચાલે. સરકારી વકીલ કાવતરું રચે છે, ગૃહ પ્રધાન એસપી(સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ) પર દબાણ કરે છે, તેનું સ્ટિંગ ઓપરેશન સભાગૃહમાં દેખાડાય છે, સીબીઆઇ તપાસનો આદેશ હાઇ કોર્ટ આપે છે અને તમે દેવેન્દ્ર ફડણવીસ પર આરોપ મૂકો છો. બંધારણ અનુસાર લેવાતાં પગલાંની તમે કેટલી વખત ટીકા કરશો? ■

# મરાઠા અનામત : જરાંગેના ૧૬મીથી આમરણ ઉપવાસ

છત્રપતિ સંભાજી નગર: મરાઠા આરક્ષણના આંદોલનકારી મનોજ જરાંગેએ મરાઠા અનામતની માગણી પર દબાણ લાવવા માટે ૧૬ સપ્ટેમ્બર મધરાતથી અચોક્કસ મુદતના ઉપવાસ શરૂ કરવાની જાહેરાત મંગળવારે કરી હતી.

ફેબ્રુઆરીમાં મહારાષ્ટ્ર વિધાનસભાએ મરાઠા સમુદાયને શિક્ષણ અને સરકારી નોકરીઓમાં ૧૦ ટકા અનામત આપવાનો ખરડો પસાર કર્યો હતો. જોકે,જરાંગે મરાઠાઓને અન્ય પછાત વર્ગ (ઓબીસી) કેટેગરીમાં સમાવવાનો આગ્રહ કરી રહ્યા છે.

જાલના જિલ્લાના અંતરવલી સરાટી ગામમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં જરાંગેએ જણાવ્યું હતું કે ‘૧૭ સપ્ટેમ્બર મુક્તિ સંગ્રામ દિન (મરાઠાવાડા મુક્તિ દિવસ) છે. એ જ દિવસે, (અમે) સમાન માંગણીઓ (અનામત માટે) સાથે અચોક્કસ મુદતના ઉપવાસ શરૂ કરીશું ... ૧૬ સપ્ટેમ્બરની મધ્યરાત્રિથી અચોક્કસ મુદતના ઉપવાસ શરુ કરવામાં આવશે.’

આ મુદ્દે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને જાણ કરી હોવાનું પ્રધાને જણાવ્યું હોવાનું જરાંગએ કહ્યું હતું. (પીટીઆઈ) ■



# થાણેમાં મેટ્રોના થાંભલા સાથે બસ અથડાઇ

થાણે: થાણેમાં મેટ્રો રેલ કન્સ્ટ્રકશન સાઇટ પર સ્ટેટ ટ્રાન્સપોર્ટ (એસટી)ની બસ થાંભલા સાથે અથડાતાં આઠ લોકો ગંભીર રીતે ઘવાયા હતા, એમ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના અધિકારીએ જણાવ્યું હતું.

એમએસઆરટીસીના થાણે ડિવિઝનલ કન્ટ્રોલર સાગર પાલસુલેએ જણાવ્યું હતું કે ઘોડબંદર રોડ પર ઓવલા ગામ નજીક મંગળવારે વહેલી સવારના ૫.૩૦ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. અંબાજોગાઇથી એસટી બસ બોરીવલી તરફ આવી રહી હતી. વિરુદ્ધ દિશાથી આવી રહેલી ટ્રક લગભગ બસ સાથે ટકરાવાની તૈયારીમાં હતી ત્યારે અકસ્માત ટાળવા બસચાલકે વળાંક લીધો હતો, જેને કારણે બસ મેટ્રો રેલ કન્સ્ટ્રકશન સાઇટ પર થાંભલા સાથે ટકરાઇ હતી. (પીટીઆઇ)

# પુરુષો ન કરી શકે એવાં કામ પણ સ્ત્રીઓ કરી શકે: ભાગવત

નાગપુર: પુણે સ્થિત એક કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે દેશની મહિલાઓનાં ભારોભાર વખાણ કર્યાં હતાં. તેમણે કહ્યું હતું કે સ્ત્રીઓ એ દરેક કામ કરે છે જે પુરુષ કરી શકતા હોય છે. એટલું જ નહીં સ્ત્રીઓ એ કામ પણ કરતી હોય છે જે પુરુષો ક્યારે પણ કરી નથી શકતા.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે કહ્યું છે કે કેટલાંક તત્ત્વો ભારતનો વિકાસ થાય તેવું ઇચ્છતા નથી અને વિકાસના માર્ગમાં અવરોધ ઊભો કરી રહ્યા છે.

સોમવારે ડો.મિલિન્દ પરાડકર લિખિત ‘તંજાવરચે મરાઠે’ નામના પુસ્તકના લોકાર્પણ પ્રસંગે ભાગવતે જણાવ્યું હતું કે ‘છત્રપતિ શિવાજી મહારાજના સમયમાં પણ આવી જ પરિસ્થિતિ પ્રવર્તતી હોવાથી ગભરાવાની જરૂર નથી. ‘ધર્મ’ અથવા ધર્મ અને સદાચારની શક્તિનો ઉપયોગ કરીને એ વખતે તેનો સામનો કરવામાં આવ્યો હતો.’

ધર્મનો અર્થ માત્ર પૂજા (ધાર્મિક વિધિઓ) નથી, પરંતુ તે એક વ્યાપક ખ્યાલ છે જે સત્ય, કરુણા અને ‘તપશ્ચર્યા’નો સમાવેશ કરે છે એવી સ્પષ્ટતા કરી તેમણે ઉમેર્યું હતું કે ‘હિન્દુ’ શબ્દ એ એક વિશેષણ છે જે વિવિધતાઓની સ્વીકૃતિને વ્યક્ત કરે છે.’આરએસએસના અધ્યક્ષનું કહેવું હતું કે ‘ભારતની પ્રગતિ થવાથી પોતાના વ્યવસાય બંધ થઈ જશે એવો ભય જેમને સતાવી રહ્યો છે એવાં તત્ત્વો દેશના વિકાસના માર્ગમાં અવરોધ ઊભો કરવા અને તેમની પાસે રહેલી તમામ શક્તિને કામે લગાડી રહ્યા છે. આવા લોકો પદ્ધતિસરના હુમલાનું આયોજન કરી રહ્યા છે, પછી તે શારીરિક હોય કે સૂક્ષ્મ, પરંતુ ગભરાવાની જરૂર નથી કારણ કે છત્રપતિ શિવાજી મહારાજના સમયમાં પણ આવી જ પરિસ્થિતિ પ્રવર્તતી હતી જ્યારે ઉજજવળ ભારતની કોઈ આશા નહોતી.’ ■

# કંગનાએ શું કામ ખોટમાં બાંદ્રાનો બંગલો વેચ્યો?

મુંબઈ: બોલીવૂડ ક્વીન કંગના રનૌતે ‘ઇમરજન્સી’ ફિલ્મને સેન્સર બોર્ડે કટ્સ સાથે રિલીઝ કરવાની મંજૂરી આપી દીધી છે, ફિલ્મ રિલીઝ માટે નવી તારીખની જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી. કંગના હાલ ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે, એવામાં અહેવાલ છે કે કંગનાએ મુંબઈના પાલી હિલમાં આવેલો બંગલો વેચી દીધો છે, જેમાં કંગનાને કરોડોનું નુકશાન પહોંચ્યું છે. કંગનાએ તેની ફિલ્મ રિલીઝ થયા પૂર્વે બંગલો વેચીને સૌને ચોંકાવ્યા છે.

એક રિપોર્ટ અનુસાર, કંગનાએ હાલમાં જ આ પ્રોપર્ટી ૩૨ કરોડ રૂપિયામાં વેચી છે, હૈદરાબાદની એક કંપનીએ આ બંગલો ખરીદ્યો છે. કંગનાએ આ પ્રોપર્ટી સપ્ટેમ્બર ૨૦૧૭માં ખરીદી હતી. તેણે ડિસેમ્બર ૨૦૨૨માં આ પ્રોપર્ટી સામે આઈસીઆઈસીઆઈ બેંક પાસેથી ૨૭ કરોડ રૂપિયાની લોન પણ લીધી હતી. કંગના આ બંગલાને તેના પ્રોડક્શન હાઉસ મણિકર્ણિકા ફિલ્મ્સની ઓફિસ તરીકે ઉપયોગ કરતી હતી.

અહેવાલ મુજબ પાંચ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ રૂ.૧.૯૨ કરોડની સ્ટેમ્પ ડ્યુટી અને રૂ. ૩૦,૦૦૦ની રજિસ્ટ્રેશન ફી સાથે સત્તાવાર ટ્રાન્ઝેક્શન નોંધવામાં આવ્યું હતું. દસ્તાવેજો અનુસાર ખરીદનાર શ્વેતા બથીજા છે, જે તામિલનાડુના કોઈમ્બતુરમાં સ્થિત કમલિની હોલ્ડિંગ્સની ભાગીદાર છે.

વીડિયોમાં જણાવવામાં આવ્યું કે કંગના રનૌતના બંગલા અને બહારનો વિસ્તાર ૨૮૫ ચોરસ મીટર છે. તેમાં ૩૦૪૨ ચોરસ ફૂટનો બંગલો છે, જ્યારે ૫૦૦ ચોરસ ફૂટનો વધારાનો પાર્કિંગ એરિયા છે. આ બંગલામાં બે માળ છે અને તેની કિંમત ૪૦ કરોડ રૂપિયા આંકવામાં આવે છે. અહેવાલ મુજબ બંગલાની કિંમત ૪૦ કરોડ રૂપિયા જણાવવામાં આવી હતી અને તેને ૩૨ કરોડ રૂપિયામાં વેચવામાં આવ્યો હતો. કંગનાને સીધું ૮ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. ■



એ ચહેરો જે દૃષ્ટિમાંથી ક્યારેય વિસરાશે નહીં,
એ વ્યક્તિત્વ જે ક્યારેય ભૂલાશે નહીં,
એ હૂંફ હવે કયારેય મળશે નહીં,
નથી હયાત આપ...
પણ સદા સાથે જ છે તેવું લાગ્યા કરે છે.
યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
સર્વે ત્યજીને પરમેશ્વરનાં શરણમાં ગયેલા

**અ. સૌ. સ્મિતાને**

અમારા સૌનાં પ્રણામ અને
દ્વિતિય પુણ્યતિથિએ સ્નેહભીની હૃદયાંજલિ

અજીત, કૌશલ, મમતા, વિશાલ, ખ્યાતિ, રિષિત, અંશી, મેધાંશ નાણાવટી

## : પ્રથમ - પુણ્યતિથી :

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી



**સ્વ મંજુલાબેન (મધુબેન) મોહનભાઈ પારેખ**
**(અમરેલીવાળા)**

**જન્મ : ૧૯.૦૪.૧૯૪૩ - શ્રીજી ચરણ : ૧૧.૦૯.૨૦૨૩**

પરિવાર પ્રત્યે પ્રેમ રાખી ધર્મમય વારસાનું સીંચન કર્યુ. પરિવારને પ્રેમતાંતણે બાંધ્યા, કુટુંબ વાત્સલ્ય, પરમમાં શ્રદ્ધા, સર્વ જીવો પ્રત્યે પ્રેમ, દયા, કરુણા અને બીજાને કાજે કંઈક કરી છૂટવાની આપની ઊદાર ભાવના અમને પ્રેરણા આપ્યા કરશે.

પ્રેમાળ સ્મૃતીમાં

પતિ: સ્વ. મોહનભાઈ રામજીભાઈ પારેખ

પુત્ર
વિજયભાઈ પારેખ
પરેશભાઈ પારેખ

પુત્રવધૂ
અ.સૌ. જયોતીબેન પારેખ
અ.સૌ. મનીષાબેન પારેખ

દિકરી: સ્વ. શોભનાબેન મોહનભાઈ પારેખ
અ.સૌ. રક્ષાબેન સુધીરભાઈ વળીયા

પૌત્ર:
ગૌરાંગ પારેખ
રાહુલ પારેખ
રોહન પારેખ

પૌત્રવધૂ
અ.સૌ. ચાર્મી પારેખ
અ.સૌ. અનુશ્રી પારેખ

પારેખ પરિવારના જય શ્રી કૃષ્ણ

।। જય નાગનાથ ।। ।। જય વેરાઈ માતાજી ।।

# મહાયુતિમાં ઓલ ઈઝ નોટ વેલ?

## અજિત પવારે ભાજપ સામે પચીસ બેઠક પર પોતાનો ઉમેદવાર ઊભો રાખવાની વાત ખરેખર કરી છે ખરી?

મુંબઈ: વિધાનસભાની ચૂંટણી નજીક આવતા મહારાષ્ટ્રમાં એક બાજુ ત્રીજો મોરચો ખુલી શકે તેવી શક્યતા વર્તાવાઇ રહી છે ત્યારે અજિત પવારે કુટુંબમાં તિરાડ ન પડવી જોઇએ તેવા આપેલા ભાવનાત્મક નિવેદનોને પગલે પણ તર્ક-વિતર્ક થઇ રહ્યા છે. એવામાં મહાયુતિમાં અમુક બેઠકો પર મૈત્રીપૂર્ણ લડત જોવા મળે, તેવા અહેવાલ છે.

વિરોધ પક્ષો દ્વારા તો અજિત પવાર મહાયુતિમાંથી છૂટા પડીને સ્વતંત્ર રીતે ચૂંટણી લડશે તેવો પ્રચાર કરતા હોવાના અહેવાલ પણ મળી રહ્યા છે. જોકે લગભગ પચ્ચીસ બેઠકો પર મૈત્રીપૂર્ણ લડવાનો પ્રસ્તાવ અજિત પવાર સમક્ષ મૂકવામાં આવ્યો હોવાના અહેવાલ મંગળવારે વહેતા થયા હતા. આ અહેવાલ મહાયુતિના ભાગ એવા વિધાનસભ્ય રવી રાણાએ કરેલા દાવા બાદ વહેતા થયા હતા. મહાયુતિમાં અમુક બેઠકો પર મૈત્રીપૂર્ણ લડત થશે તેવી વાતોને અજિત પવાર જૂથના રાજ્યસભાના સાંસદ પ્રફુલ્લ પટેલે રદિયો આપ્યો હતો.

## ચૂંટણી સાથે મળીને જ લડીશું...

### ...એ વિશે અમિત શાહ સાથે વાત થઈ ગઈ છે એમ સુનીલ તટકરેએ કહ્યું

મુંબઈ: આગામી વિધાનસભાની ચૂંટણી મહાયુતિમાં રહીને ભાજપ અને એકનાથ શિંદે જૂથની શિવસેના સાથે મળીને લડવામાં આવશે અને એ વિશે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે વાટાઘાટો થઇ ચૂકી હોવાનું અજિત પવાર જૂથની એનસીપી(રાષ્ટ્રવાદી કૉંગ્રેસ)ના પ્રદેશાધ્યક્ષ સુનિલ તટકરેએ જણાવ્યું હતું.

એનસીપીના ટોચના નેતાઓએ અમિત શાહ સાથે એકસાથે મળીને ચૂંટણી લડવા વિશે વાતચીત કરી હોવાનું જણાવતા તટકરેએ જણાવ્યું હતું કે અમારું લક્ષ્ય ફરીથી સત્તામાં આવવાનું છે અને એકજૂટ થઇ ચૂંટણી લડવા વિશે અમે વિગતવાર ચર્ચા પણ કરી છે. ઉલ્લેખનીય છે કે અજિત પવાર દ્વારા કુટુંબમાં તકરાર વિશે આપવામાં આવેલા નિવેદન તેમ જ મુખ્ય પ્રધાન લાડકી બહેન યોજનામાં મુખ્ય પ્રધાનનો ફોટો અને તેમના નામનો ઉલ્લેખ એનસીપીની જાહેરાતોમાં ન હોવાને પગલે થયેલા વિવાદના કારણે અજિત પવાર મહાયુતિથી છૂટી પડીને ચૂંટણીમાં ઝંપલાવશે તેવા અહેવાલો વહેતા થયા હતા. જોકે તટકરેએ આ અહેવાલો ફગાવી દીધા હતા.

## અકસ્માતમાં જખમીની મદદે અજિત પવાર

મુંબઈ: મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ તેમનો કાફલો ઊભો રાખીને અકસ્માતમાં ઘવાયેલાઓની મદદ કરી હોવાનું અનેક વખત બન્યું છે અને તેના વીડિયો પણ ઇન્ટરનેટ પર હાજર છે. જોકે મંગળવારે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે પણ આ જ રીતે રસ્તામાં થયેલા અકસ્માતમાં જખમી વ્યક્તિની મદદ માટે પોતાનો કાફલો ઊભો રાખી તેની મદદ કરી હોવાની ઘટના સામે આવી હતી.

# સીએમ મને બનાવજો: અમિતભાઇ સમક્ષ અજિતદાદાની માગણી

મુંબઇ: ભાજપના નેતા અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ છેલ્લા બે દિવસથી મહારાષ્ટ્રના પ્રવાસે હતા. જ્યારે તેઓ દિલ્હી પરત ફરવા માટે એરપોર્ટ પર પહોંચ્યા ત્યારે મહાયુતિમાં રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીના સર્વેસર્વા અને રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર સાંસદ પ્રફુલ પટેલ સાથે તેમને મળ્યા હતા. આ પ્રસંગે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પણ હાજર હતા. અજિત પવારે કેન્દ્રીય પ્રધાન અમિત શાહ સમક્ષ એક મહત્ત્વપૂર્ણ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. એમ માનવામાં આવે છે કે આ બેઠકમાં અજિત પવારે અમિત શાહની સામે ખુલ્લેઆમ મુખ્ય પ્રધાન પદની ઈચ્છા વ્યક્ત કરી હતી. બિહારની પેટર્નને ટાંકીને અજિત પવારે અમિત શાહને કહ્યું હતું કે મહાયુતિ વિધાનસભાની ચૂંટણી પછી મુખ્ય પ્રધાન તરીકે મારું નામ જાહેર કરે. એવું માનવામાં આવે છે કે બેઠકમાં વિધાનસભા ચૂંટણી માટે ભાજપ અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી) બંને દ્વારા લડવામાં આવનારી બેઠકો વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી.

## છેલ્લા પાનાનું

### જો ડ્રાઈવર

માલિકીની લક્ઝરી કારના ડ્રાઈવરની પોલીસે ધરપકડ કરી હોવાનું એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ઓડી કાર ચલાવનારી વ્યક્તિ અર્જુન હાવરેની પોલીસે ધરપકડ કરી હતી અને બાદમાં તેને જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો, એવું સિનિયર ઈન્સ્પેક્ટરે જણાવ્યું હતું.

આ અંગે સીતાબર્ડી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે કારમાં પ્રવાસ કરી રહેલા સંકેત બાવનકુળે અને અન્ય બે સામે હજી સુધી કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી, જેઓ અકસ્માત બાદ કથિત રીતે માનકાપુર પુલ પરથી ભાગી ગયા હતા. સોમવારે મોડી રાતે બનેલી આ ઘટના બાદ ઓડી કારે જેના વાહનને અડફેટે લેવામાં આવ્યું હતું એ જિતેન્દ્ર સોનકાંબલેની ફરિયાદને આધારે બેફામ ડ્રાઈવિંગ અને અન્ય ગુનાનો કેસ નોંધવામાં આવ્યો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

આ ઘટના બની ત્યારે ઓડી કારમાં સવાર ધરમપેઠમાં એક બિયરબારમાંથી પાછા ફરી રહ્યા હતા, એવું જણાવીને અધિકારીએ વધુમાં ઉમેર્યું હતું કે તબીબી તપાસમાં આલ્કોહોલની તપાસ માટે રક્ત પરીક્ષણનો સમાવેશ કરવામાં આવશે.

અમે ઘટનાની તપાસ કરવા માટે સીસીટીવી ફૂટેજ તપાસી રહ્યા છીએ. ત્યાર પછી કારમાં સવાર સહિત અનેક પાસાંઓ પર નજર કરીને આગળની કાર્યવાહી કરવામાં આવશે, એવું અધિકારીએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે સંકેતની માલિકીની કારે રામદાસપેઠ વિસ્તારમાં અનેક વાહનોને ટક્કર મારી હતી. ઘટના બાદ પોલીસે હાવરે અને અન્ય એક વ્યક્તિ રોનિત ચિત્તમવારની ધરપકડ કરી હતી. લક્ઝરી કાર પહેલાં ફરિયાદી સોનકાંબલેની કારને અથડાઈ હતી અને ત્યાર પછી મોપેડને ભટકાઈ હતી. મોપેડમાં બે યુવાનો સવાર હતા અને બંને ઘાયલ થયા હતા, એવું અધિકારીએ ઉમેર્યું હતું. ઓડી આગળ જતાં માનકાપુર વિસ્તારમાં અન્ય અમુક વાહનો સાથે પણ અથડાઈ હતી. અહીં એક પોલો કારને ટક્કર મારતાં તેમાં સવાર લોકોએ ઓડી કારનો પીછો કર્યો હતો અને તેઓની કારને આગળ રોકવામાં આવી હતી. ઓડી કારમાં હાજર બંને જણને તહેસીલ પોલીસ સ્ટેશન લઇ જવામાં આવ્યા હતા, જ્યાંથી તેઓને વધુ તપાસ માટે સીતાબર્ડી પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યા હતા. ઘટના બાદ ચંદ્રશેખર બાવનકુળેએ એ વાતને સ્વીકારી હતી કે કાર તેમના દીકરા સંકેતના નામે રજિસ્ટર કરાયેલી છે.

પોલીસે કોઇ પણ પક્ષપાત વિના દુર્ઘટનાની સંપૂર્ણ તપાસ કરવી જોઇએ. જેઓ દોષિત હોય તેમની સામે ગુનો નોંધીને યોગ્ય પગલાં લેવાં જોઇએ. મેં આ માટે કોઇ પણ પોલીસ અધિકારી સાથે વાત કરી નથી. કાયદો બધા માટે સમાન હોવો જોઇએ, એવું બાવનકુળેએ કહ્યું હતું.

### બાવનકુળેના દીકરાનો ઉલ્લેખ સુધ્ધાં નથી એ એક આશ્ચર્ય: સંજય રાઉત

મુંબઈ: દેવેન્દ્ર ફડણવીસ મહારાષ્ટ્રના ગૃહ વિભાગના વડા બનવા માટે લાયક નથી, એવો તીખો પ્રહાર ભાજપના પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેના પુત્રની માલિકીની લક્ઝરી કારે અનેક વાહનોને અડફેટે લીધા બાદ શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે મંગળવારે કર્યો હતો. તેમણે એવો દાવો પણ કર્યો હતો કે બાવનકુળેનો દીકરો કારમાં જ હતો અને એ પુરાવાને નષ્ટ કરવામાં આવ્યા છે.

કેસને વાઈટવોશ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, એવો આરોપ કરીને ફડણવીસની ટીકા કરતાં તેમણે કહ્યું હતું કે જ્યાં સુધી ફડણવીસ ગૃહપ્રધાન રહેશે ત્યાં સુધી કોઇ પણ ન્યાય તપાસમાં થશે નહીં.

અમારી માહિતી અનુસાર અકસ્માત થયો ત્યાર બાવનકુળેનો પુત્ર કથિત રીતે દારૂના નશામાં હતો. તેની કાર અન્ય છ કાર સાથે અથડાઇ હતી, જેમાં ચાર વ્યક્તિ ઘાયલ થઇ હતી. આમાંથી બે જણની સ્થિતિ ગંભીર છે, એવું તેમણે જણાવ્યું હતું.

આશ્ચર્યની વાત તો એ છે કે ગુનામાં બાવનકુળેના દીકરાનો ઉલ્લેખ કરવામાં નથી આવ્યો અને કારની નંબર પ્લેટ પણ દૂર કરવામાં આવી હતી.

બાવનકુળેના પુત્રએ કારને બે વાર (અન્ય વાહનો) સાથે ટક્કર મારી હતી, પણ સીસીટીવી ફૂટેજ હંમેશની માફક ડીલીટ કરવામાં આવ્યા હતા. જો કાર બાવનકુળે કે તેમના પુત્રના નામે છે તો નંબર પ્લેટ શા માટે બદલવામાં આવી. બાવનકુળેનો દીકરો જ કાર ચલાવી રહ્યો હતો, પણ અકસ્માત થયો ત્યારે તે હાજર ન હોવાનું બતાવવામાં આવ્યું છે, એવો પણ આરોપ રાઉતે કર્યો હતો. રાઉતે વધુમાં એવું પણ ઉમેર્યું હતું કે બાવનકુળેનો દીકરો લાહોરી બારમાં ગયો હતો.

તમે સીસીટીવી ફૂટેજ શોધી શક્યા હોત કે દારૂ કોણ પી રહ્યો હતો, પણ મને એવું નથી લાગતું કે તમને બારના સીસીટીવી ફૂટેજ પણ મળશે, એવું રાઉતે જણાવ્યું હતું. રાજ્યના ગૃહપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પણ નાગપુરના જ છે અને જો તેઓ ગૃહવિભાગને અસરકારક રીતે નેતૃત્વ કરવામાં નિષ્ફળ જાય તો તેઓ આવા પદ માટે લાયક નથી, એવું રાઉતે જણાવ્યું હતું.

જો વિપક્ષમાંથી કમનસીબે કોઇએ આવા પ્રકારનો ગુનો કર્યો હોત તો દેવેન્દ્ર ફડણવીસ અને બાવનકુળેએ અમારી ટીકા કરી હોત. બાવનકુળેનો પુત્ર આ કેસમાં સામેલ હોવાના પૂરતા પુરાવા છે, એવો દાવો રાઉતે કર્યો હતો.

### હોળીનું નારિયેળ ડ્રાઈવરને બનાવો એ નવો ટ્રેન્ડ: કૉંગ્રેસ

નાગપુરમાં ઓડી કારે અકસ્માત સર્જીને અનેક વાહનોને અડફેટે લીધાં અને બે વ્યક્તિને ઘાયલ કરી હોવાના પ્રકરણમાં કાર જેની માલિકીની હતી એ ભાજપના પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેના પુત્ર સંકેત બાવનકુળેને કૉંગ્રેસ ક્લીનચીટ આપી હોવાનું સંભળાઇ રહ્યું છે, તો બીજી બાજુ હોળીનું નાળિયેર ડ્રાઈવરને બનાવવામાં આવતા હોવાનું પણ કૉંગ્રેસે જણાવીને કૉંગ્રેસના વિધાનસભ્ય અને વિરોધ પક્ષના નેતા વિજય વડેટ્ટીવારે આ કેસની નિષ્પક્ષ તપાસ કરવાની માગ કરી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે જે વ્યક્તિની લક્ઝરી કારે અનેક કારને અડફેટે લીધી હતી તેના પિતા રાજકારણમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે અને તેમની પાસે પુષ્કળ પૈસો છે.

આ પ્રકરણ બાદ નેતાના પુત્ર માટે જુદો અને સામાન્ય નાગરિક માટે જુદો ન્યાય કેમ, એવો સવાલ ઠાકરે જૂથનાં નેતા સુષમા અંધારેએ રજૂ કર્યો હતો. જોકે આ બાબતે કૉંગ્રેસે અલગ જ રુખ અપનાવ્યું હોવાનું જાણવા મળે છે. કૉંગ્રેસના વિધાનસભ્ય અને શહેર અધ્યક્ષ વિકાસ ઠાકરેએ આ અંગે નોખી જ પ્રતિક્રિયા આપી છે. તેમણે સુષમા અંધારેનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે શું સુષમા અંધારે ત્યાં રહે છે કે શું? આ ઘટના મારા મતદાર વિસ્તારમાં બની છે, એટલે એ અંગે મને વધુ ખબર છે. તેમને કશી ખબર નથી, એવું ઠાકરેએ જણાવ્યું હતું. અકસ્માત થયો ત્યારે બાવનકુળેનો પુત્ર કાર નહોતો ચલાવી રહ્યો, એવી માહિતી સામે આવી છે. સંકેત ફક્ત કારમાં બેઠો હતો અને તેનો મિત્ર કાર ચલાવી રહ્યો હતો. નસીબજોગ આ ઘટનામાં કોઇ પણ જાનહાનિ થઇ નહોતી. આ ઘટના બાદ નેતાઓ અને તેમના પુત્રોએ બોધપાઠ લેવો જોઇએ, એવી સલાહ વિકાસ ઠાકરેએ આપી હતી.

### બાવનકુળેને લક્ષ્ય ન બનાવો: ફડણવીસ

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે કહ્યું હતું કે પુત્રની કારના અકસ્માત માટે ભાજપના પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેને લક્ષ્ય બનાવવાનું યોગ્ય નથી. ભાજપના પ્રદેશાધ્યક્ષના પુત્ર સંકેત બાવનકુળેની ઓડી કારના ડ્રાઈવરની સોમવારે રાતે ધરપકડ કરવામાં આવી હતી. આ કારે નાગપુર શહેરમાં કેટલાક વાહનોને ટક્કર મારી હતી. ગૃહ ખાતાના પ્રધાન ફડણવીસે કહ્યું હતું કે પોલીસ આ કેસની તપાસ કરી રહ્યા છે અને એફઆઈઆર પણ નોંધવામાં આવ્યો છે. આ કેસની બધી જ વિગતો સામે આવી ગઈ છે. આમ છતાં જે રીતે વિપક્ષો ચંદ્રશેખર બાવનકુળેને લક્ષ્ય બનાવી રહ્યા છે તે અયોગ્ય છે.

### નાલાસોપારામાં

માતા આચોલે પોલીસ સ્ટેશન પહોંચી હતી અને આ પ્રકરણે ફરિયાદ નોંધાવી હતી. માતાની ફરિયાદને આધારે પોલીસે ગુનો દાખલ કરીને બંને આરોપીની ધરપકડ કરી હતી.

ઉલ્લેખનીય છે કે નાલાસોપારા પૂર્વમાં અગાઉ પણ ૧૭ વર્ષની સગીરાનું જાતીય શોષણ કરવામાં આવ્યું હતું. એક પછી એક દુષ્કર્મની ઘટના સામે આવી રહી હોવાથી મહિલાઓ અને છોકરીઓની સુરક્ષાનો પ્રશ્ન નિર્માણ થયો છે.

### સીએમનો માસ્ટર

વિધાનસભામાં કાયમ રહેવાની શક્યતા અને તાજેતરમાં કરવામાં આવેલા કેટલાક સર્વેક્ષણમાં ભાજપની બેઠકો ઘટવાની શક્યતા વ્યક્ત કરતા અહેવાલો તેમ જ મુખ્ય પ્રધાનપદે એકનાથ શિંદેની વધી રહેલી લોકપ્રિયતાને આગળ કરીને અમિત શાહ સાથેની બેઠકમાં રજૂઆત કરવામાં આવી હતી,

### શું છે સર્વેક્ષણના તારણો?

તાજેતરમાં હાથ ધરવામાં આવેલા કેટલાક સર્વેક્ષણમાં એવું જાણવા મળ્યું છે કે ભાજપની બેઠકો ૧૦૫થી ઘટીને ૭૦-૮૦ રહેવાની શક્યતા છે. બીજી તરફ શિંદે સેનાને ઉદ્ધવ સેના કરતાં વધુ સફળતા મળવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. એટલું જ નહીં, મુખ્ય પ્રધાનપદની પસંદગીમાં પચાસ ટકાથી વધુ લોકોએ એકનાથ શિંદે પર પસંદગી ઉતારી હોવાનું પણ સામે આવ્યું છે. આથી હવે અમિત શાહ સમક્ષ આ જ મુદ્દા રજૂ કરીને શિંદે સેનાનું માર્કેટિંગ કરવામાં આવ્યું હતું.

### શું છે એકનાથ શિંદેની માગણી?

રાજ્યમાં અત્યારે ભાજપ કરતાં શિંદે સેનાની તરફેણમાં વાતાવરણ છે. ભાજપ સામે લોકોની નારાજગી છે. આવી સ્થિતિમાં ૨૦૧૯ના ફોર્મ્યુલાને આધારે શિંદે સેનાને ૧૨૬ બેઠકો વિધાનસભામાં ફાળવવામાં આવે એવી માગણી કરવામાં આવી હતી અને ઓછામાં ઓછી ૧૦૦ બેઠકો આપવામાં આવશે તો જ રાજ્યમાં મહાયુતિને સ્પષ્ટ બહુમતી મળી શકશે એમ પણ એકનાથ શિંદેએ અમિત શાહને જણાવ્યું હોવાનું આધારભૂત સાધનો પાસેથી જાણવા મળ્યું છે. લોકસભાની ચૂંટણીમાં પણ ભાજપને ફક્ત ૭૯ વિધાનસભા મતદારસંઘમાં જ સરસાઈ મેળવવામાં સફળતા મળી છે એ બાબત પ્રત્યે પણ તેમણે ધ્યાન દોર્યું હતું.

### કેવી રીતે નક્કી થશે મહાયુતિની ફોર્મ્યુલા?

અમિત શાહે મહાયુતિના ત્રણેય મુખ્ય ઘટકપક્ષોના વડા સાથે પહેલા તબક્કામાં ચર્ચા કરી લીધી છે. ત્રણેય પક્ષોની અપેક્ષાઓ વિશે આ ચર્ચામાં પ્રાથમિક ચર્ચા કરવામાં આવી હતી. હવે ગણેશોત્સવ પૂરો થયા બાદ ફરી એક વખત ત્રણેય પક્ષના નેતાઓની એક બેઠક થશે જેમાં દરેક પક્ષના નેતાઓની અંતિમ અપેક્ષા સ્પષ્ટ કરવામાં આવશે. ત્યાર બાદ અમિત શાહ દિલ્હીમાં એક બેઠક બોલાવશે જેમાં ત્રણેય મુખ્ય પક્ષોના પ્રમુખ નેતાઓ સાથે ચર્ચા કરવામાં આવશે અને અંતિમ નિર્ણય લઈ લેવામાં આવશે. ભાજપ, શિંદે સેના અને અજિત પવાર એનસીપી સાથે કેટલાક નાના પક્ષો અને અપક્ષો પણ છે. આ લોકોને કેટલો હિસ્સો આપવો તેની જવાબદારી જે તે પક્ષ પર સોંપવામાં આવશે.

### ચોરેલી બાઈકને

બાઈક, વિવિધ દસ્તાવેજો, ત્રણ નંબર પ્લૅટ અને ચાર મોબાઈલ ફોન હસ્તગત કરવામાં આવ્યા હતા.

એન્ટૉપ હિલમાં સીજીએસ કોલોની સેક્ટર-૩ ખાતે રહેતા અબુ સંયમ મોહમ્મદ હસીન મેહબૂબ શેખ (૨૫)ની ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. શેખને રેસિંગ બાઈકનો શોખ હોવાથી તેણે ૨૮ ઑગસ્ટે આરોપીઓ પાસેથી ૧.૨૦ લાખ રૂપિયામાં બાઈક ખરીદી હતી. જોકે ઘર નજીકના પરિસરમાં પાર્ક કરેલી શેખની બાઈક બે દિવસમાં જ ચોરાઈ ગઈ હતી. પોલીસને જાણવા મળ્યું હતું કે બાઈક ખરીદતી વખતે શેખને પૂરતા દસ્તાવેજો આપવામાં આવ્યા નહોતા. આરસી બુકની ઝેરોક્સ કૉપી આપવામાં આવી હતી, જે ખોટી હોવાનું જણાયું હતું. એ સિવાય શેખની બાઈકની નંબર પ્લૅટ અન્ય બાઈકની હોવાનું જાણવા મળ્યું હતું. પરિણામે બાઈકચોરીની સાથે શેખ સાથે છેતરપિંડી થઈ હોવાનું પણ સામે આવ્યું હતું. સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસે ઉત્તર પ્રદેશના વતની બન્ને આરોપીને પકડી પાડ્યા હતા. આરોપી મોંઘીદાટ બાઈક ચોરી કરતા હતા. પછી એ જ કંપનીની બાઈક ઓએલએક્સ પર વેચવા મૂકનારી વ્યક્તિનો સંપર્ક સાધતા હતા. ખરીદવાની તૈયારી દાખવી તેની પાસેથી બાઈકના દસ્તાવેજોની નકલ પ્રાપ્ત કરતા હતા. એ દસ્તાવેજોનો ઉપયોગ આરોપી ચોરેલી બાઈક વેચવા માટે કરતા હતા.

બાઈક વેચતી વખતે તેમાં જીપીએસ લગાવી દેવામાં આવતી હતી. બાદમાં જીપીએસ ટ્રેક કરી બાઈક ફરી ચોરીને બીજા શહેરમાં વેચવામાં આવતી હતી. આરોપીઓએ આ રીતે મુંબઈ સહિત લખનઊ, હૈદરાબાદમાં પણ ગુના આચર્યા હોવાનું પોલીસ તપાસમાં જણાયું હતું.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બાલંભા નિવાસી હાલ દાદર, સ્વ. જગદીશચંદ્ર ઉમેદલાલ ઉદાણી તથા સ્વ. હંસાબેન ઉદાણીના પુત્રવધૂ અ.સૌ. સુનીલા (ઉં. વ. ૪૯) તે સંજયના ધર્મપત્ની તેમજ ચિ. યોજશ તથા સોનિયાના ભાભી તથા ચિ. મલયના માતુશ્રી ૫-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી. પિયર પક્ષે પિતા શ્રીકૃષ્ના હરિ ધોરે, માતા યશોશ્રી શ્રીકૃષ્ના ધોરે.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ સામખીયારીના ગોકળ ગડા (ઉં. વ. ૯૩) સોમવાર ૯-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. ઉમાબેન વીરજીના પુત્ર. સ્વ. લાખઈબેનના પતિ. સ્વ. ગુણશી, અરજણ, સ્વ. રત્ના, સ્વ. ભચી, મઘાના ભાઈ. રમણીક, અરવિંદ, રાજુ, શાન્તુના પિતાશ્રી. સ્વ. વિજ્યા, હંસા, નયના, સ્વ. દેવજી ડાઘાના સસરા. ભચાઉ નવાગામના કોરઈબેન પુજાભાઈ નિસરના જમાઈ. પ્રાર્થનાસભા ૧૨-૯-૨૪ ગુરુવાર ૧૦.૩૦ થી ૧૨ સ્થળ. બરફીવાલા સ્કૂલ, ડી.એન.નગર, અંધેરી-વેસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ ભચાઉના સ્વ. જીવતીબેન વાલજી હેમરાજ છેડા (ઉં. વ. ૮૫) ૮-૯-૨૪ના અવસાન પામેલ છે. સ્વ. ડાઈબેન હેમરાજ સવાના પુત્રવધૂ. સ્વ. શાંતીલાલ, ધીરજ, મણીલાલ, જયેશ, મંજુ, પુષ્પાના માતુશ્રી. વિમળા, જીજ્ઞાશા, ફોરમ, સ્વ. ડુંગરશી, રસીકના સાસુ. સતીશ, મિતેશ, આરવ, પ્રિયંકાના દા.સાસુ. જીતેન્દ્ર, અશ્વીન, જતીન, નયના, સ્નેહા, અર્ચનાના નાની. ભચાઉના સ્વ. વિશાબેન માડણ લુંભા કારીઆના દીકરી. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે. જયેશ છેડા, અનુપમ સોસાયટી, પાંચ પાખડી, થાણા-વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાંચટોબરા નિવાસી હાલ મુલુંડ હસમુખરાય ભાયચંદ સંઘવીના ધર્મપત્ની વેણીબેન (ઉં. વ. ૮૭) તે પરાગ, રક્ષા, પરીતાના માતુશ્રી. સોનલ, હિરેનકુમાર બાબુલાલ મહેતાના સાસુ. ચંદ્રાબેન ગુણવંતરાય સંઘવી, મંછાબેન લક્ષ્મીચંદ શેઠ તથા રંજનબેન કનૈયાલાલ શાહના ભાભી. ચિ. ધરા મોનીક મહેતા, વિધી વિશાલ દવે, અનુજના નાની. પિયરપક્ષ વર્ધીલાલ વનમાળીદાસ મારફતીયાની દીકરી ૩૧-૮-૨૪ના અરિહંતશરણ થયેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ક. દ. ઓ. જૈન**

સ્વ. નરશી પદમશી મૈશેરીના ધર્મપત્ની લક્ષ્મીબાઇ (ઉં. વ. ૮૨) ગામ નાની સીંઘોડી હાલ મુલુંડ તા. ૯-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. રતનબાઇ પદમશી મૈશેરી (નાની સિંઘોડી)વાળાના પુત્રવધૂ. તે ધનજીભાઇ, દામજીભાઇ, દેવશીભાઇ, મુરજીભાઇ, નાથાબાઇ, લીલબાઇ, નવલબાઇ, ચંદનબાઇના ભાભી. સામાપક્ષે આશભાઇ નરશી ધ્રોળ (કોટડી મહાદેવપુરી)વાળાની દીકરી. સ્વ. મહેન્દ્ર, ભરત, સ્વ. વિજય, સ્વ. પ્રભાના માતાજી. ઇંદિરા, આશા, પિયુષના સાસુમા. નમ્રતા, સોનલ, સાગર, એકતા, ચાંદની, ઝરના, ધર્મીલના દાદીમા-નાનીમા. પ્રાર્થનાસભા તા. ૧૨-૯-૨૪ના સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), ૩.૩૦ થી ૫.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

વડિયા નિવાસી હાલ બોરીવલી પ્રવિણચંદ્ર મગનલાલ દોશી (ઉં. વ. ૮૫) તે ૯/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.મૃદુલાબેનના પતિ. ધીરેનભાઈ, પ્રેમેન્દ્રભાઈ, જીતેન્દ્રભાઈ, હેમાબેન મેહુલભાઈ ચોવટિયાના પિતા. અશ્વિનભાઇ, મધુબેન, સરોજબેન, સ્વ.પદમાબેનના ભાઈ. ડિમ્પલબેન, નીતાબેન, નીકિતાબેનના સસરા. પ્રાર્થનાસભા ૧૨/૯/૨૪ના ૪ થી ૫.૩૦. પાવનધામ, પહેલે માળે, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**દિગંબર મેવાડ જૈન**

અંકલેશ્વર નિવાસી હાલ ચર્નીરોડ, કિરણચંદ્ર જનકલાલ જૈની (ઉં. વ. ૭૯) તે ૭/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે અંજનાબેનના પતિ. કૌશલ તથા જીગીષાના પિતા. ચિંતનકુમાર દોશી તથા શીતલના સસરા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ખંભાત વિશા શ્રીમાળી જૈન**

દિલીપ બાબુભાઇ શાહના પત્ની રસીલાબેન શાહ (ઉં. વ. ૬૯) ૪/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.પરભાબેન બાબુભાઇ શાહના પુત્રવધૂ. સ્વ.કાન્તાબેન કેશવલાલની પુત્રી. મિહિરના માતુશ્રી. અવનીના સાસુ, ભુપેન્દ્રભાઈ, ભારતીબેન, સ્વ.રેણુકાબેન તથા ભાવનાબેનના ભાભી. બી ૦૮, ન્યુ હિલ પાર્ક સોસાયટી, અવળીપાડા, દહિસર ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સ્થા. જૈન**

જેતપુર નિવાસી હાલ કાંદિવલી ચારકોપ સ્વ.જડાવબેન બાબુલાલ ગાંધીના પુત્રવધૂ અ.સૌ.ચેતના (દીપ્સા) કિશોર ગાંધી (ઉં. વ. ૫૫) ૬/૯/૨૪ના અવસાન પામેલ છે. તે દીપિકા તથા અંકિતાના માતુશ્રી. સિદ્ધાર્થ ગાંધી તથા સતીશ રાઠોડના સાસુ. ઝવેરબેન ટોકરશી હંસરાજ ગાંધીના દીકરી. પંકજ, સ્વ.હેમંત તથા ચંદનના બહેન. પ્રાર્થનાસભા રાખેલ નથી લૌકિક વ્યવહાર બંધ છે. ડી ૪૧, ૪૦૨, માતૃકૃપા સોસાયટી, સેક્ટર ૪, ચારકોપ કાંદિવલી વેસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

વિછિયા નિવાસી હાલ બેંગલોર સ્વ.યશવંતરાય કેશવલાલ લાઠીયાના ધર્મપત્ની ગં. સ્વ. ભાનુમતીબેન (ઉં. વ. ૮૭) તે સ્વ.શાંતાબેન હરિલાલ દેસાઇના દિકરી. મનીષ તથા રશ્મિતા શાહના માતુશ્રી. જીતેન્દ્ર શાહ તથા પારુલના સાસુમા. પ્રિયંકા - આશિષ, શ્વેતા-વિરલ, આકાશ-ગરીમાના બા. તા.૯/૦૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. (ઠે). મનીષ લાઠીયા, ઓકલી પુરમ બેંગલોર.

**સોરઠ વીસા શ્રીમાળી જૈન**

સોરઠ વંથલી નિવાસી હાલ વડાલા (મુંબઈ) સ્વ. મુક્તાબેન કપુરચંદ વોરાના પુત્રવધૂ. અ.સૌ. ભારતીબેન (ભાનુબેન) વોરા (ઉં. વ. ૭૯) તા. ૬-૯-૨૪ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે હસમુખરાય વોરાના પત્ની. સ્વ. ભાનુબેન લલિતકુમાર, સ્વ. કિશોરભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ.લજપતભાઈના ભાઈના પત્ની. ભાવિન તથા પ્રિતીના માતુશ્રી. કાજલ, તેજસકુમાર શેઠના સાસુ. પિયરપક્ષે સ્વ. રતિલાલ રાઘવજી દોશી જેતપુર હાલ ગોરેગાંવના દિકરી. પ્રાર્થનાસભા તા.૧૨-૯-૨૪ના ગુરુવાર ૪ થી ૬. ઠે. શ્રી રાવોજી જીવરાજ ચાંગદીવાલા હોલ એસ.એન.ડી.ટી ૩૩૮, આર.એ.કીડવાઈ રોડ, અમુલખ સ્કુલની બાજુમાં, માટુંગા ઈસ્ટ.

**માંગરોળ જૈન**

માંગરોળ નિવાસી હાલ ગોરેગામ કલાબેન હિંમતલાલ શાહ (ઉં. વ. ૮૮) સ્વ. હિંમતલાલ વરજીવન દાસના પત્ની. સ્વ.સવકોરબેન તુલસીદાસ સવાઈની સુપુત્રી, સ્વ.મિલન હિંમતલાલ શાહ, સ્વ.હિતેશ શાહ અને સ્વ.હિરેનભાઈ શાહના માતુશ્રી. પલ્લવી મિલન શાહ અને ભારતી શાહના સાસુ. દિવ્ય શાહ, નિસર્ગ શાહ અને શ્વેતા ચિરાગ શાહના દાદી. તા. ૯-૯-૨૪ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ફરાદીના સુશીલા મહેન્દ્ર શાહ (દેઢીયા) (ઉં. વ. ૬૨) તા. ૭-૯-૨૪ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન કેશવજી દેઢીયા, પાનબાઇ કેશવજી દેઢીયાના પુત્રવધૂ. મહેન્દ્ર કેશવજી દેઢીયાના ધર્મપત્ની. મોટા આસંબીયાના લક્ષ્મીબેન જીવરાજ છેડાના દિકરી. મયુર દેઢીયા, ડિમ્પલ છેડાના મમ્મી. ચંદ્રીકા નાગડા, ગીતાના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. સરનામું : સુશીલા શાહ, લોટસ સોસાયટી, ફ્લેટ નં. ૫૦૪, કુલકર્ણી માર્ગ, નીયર ડોન બોસ્કો સ્કુલ, બોરીવલી (વેસ્ટ). ૯૨.

તલવાણાના મુલચંદભાઇ ધારશી ચાંપશી પોલડીયા (ઉં. વ. ૮૧) તા. ૯-૯-૨૪ના કચ્છ-ભુજ મધ્યે અવસાન પામ્યા છે. વેજબાઇ ધારશી ચાંપશી પોલડીયાના પુત્ર. સ્વ. દક્ષાબેન (ઝવેરબેન)ના પતિ. રીટા, રશ્મીનના પિતાશ્રી. પુનડીના રતનબેન લાલજી જેઠા છેડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મુલચંદ ધારશી પોલડીયા, કોરીયો ફરીયો, ગામ : તલવાણા, તા. માંડવી (કચ્છ) ૩૭૦૪૬૦.

ડોણના સુરેન્દ્ર ચુનીલાલ ગાલા (ઉં. વ. ૬૮) ૭-૯-૨૪ના અવસાન પામેલ છે. મણીબેન ચુનીલાલ વીરજીના પુત્ર. ગીતાના પતિ. સ્વાતિ, નેહા, રોનકના પિતા. ડોણ કુંવરબાઇ નાનજી ભુલા છેડાના જમાઇ. ખુશાલના ભાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં.સં. કરસન લઘુ હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦.

ગુંદાલાના મંજુલાબેન રમણીકલાલ છેડા (ઉં. વ. ૭૧) તા. ૩૧-૦૮-૨૪ના કચ્છમાં અવસાન પામેલ છે. દેવકાબેન નાગશી મોનાના પુત્રવધૂ. સ્વ. રમણીકલાલના ધર્મપત્ની. રાકેશ, ક્રિનાના માતુશ્રી. ડેપાના સ્વ. નેણબાઈ શામજીના પુત્રી. ડેપાના સ્વ. શાંતિલાલ, ગુંદાલાના દમયંતી દામજીના બેન. ચક્ષુદાન કરેલ છે. પ્રા. પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી (વે), ૬૭. ટા. ૩.૩૦ થી ૫.૦૦.

ભુજપુરના લીલાવંતી (જખીબાઈ) દેવજી ગોગરી (ઉં. વ. ૮૯) તા.૭-૯-૨૪ ના અવસાન પામેલ છે. લાછબાઈ અજુ વીરજીના પુત્રવધૂ. દેવજીભાઈના પત્ની. વિજય, પ્રકાશ, મંજુલાના માતા. ના.ખાખર લધીબાઈ કરમશી હીરજી વીરાના પુત્રી. લક્ષ્મીચંદ, પ્રેમજી, ધનવંતી, દમયંતીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિજય ગોગરી. સી-૧૧૨, શ્રી યોગેશ્વર નગર, તુલીંજ રોડ, ભારત ગેસની સામે, નાલાસોપારા (ઈ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભદ્રાવળ નિવાસી હાલ કાંદિવલી સ્વ. અમૃતલાલ જેઠાલાલ શાહના સુપુત્ર બટુકલાલ શાહ (ઉં. વ. ૮૨) તા. ૧૦-૯-૨૪ના મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે હિરાબેનના પતિ. હેમંત તથા કિન્નરીના પિતાશ્રી. તે વૈશાલી તથા ભાવેશકુમારના સસરા. પરમાણંદદાસ, સ્વ. ભૂપતભાઇ, સ્વ. ભગુભાઇ અમૃતલાલ શાહના ભાઇ. પિયર પક્ષે કેરીયાવાળા રતીલાલ દલીચંદ શાહના જમાઇ. તેમની ભાવયાત્રા તા. ૧૨-૯-૨૪ ગુરુવારના સવારના ૧૦થી ૧૨. ઠે. ઠક્કર ભાટીયા વાડી, હોલ નં. ૫, શંકરગલી, કાંદિવલી (વેસ્ટ).

**સુરત વિશા ઓશવાળ જૈન**

હાલ મુંબઇ બીપીનભાઇ ઝવેરી (ઉં.વ. ૭૭) સ્વ. પદમાબેન, સ્વ. નાનુભાઇ ઝવેરીના પુત્ર તા. ૭-૯-૨૪ શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે બીનાબેનનાપતિ. સ્મીતેન અને અલ્પેનના પિતાશ્રી. નેહલ અને ભાવનાના સસરા. જયશ્રીબેન શ્રીકાંતભાઇ ઝવેરીના ભાઇ. રાજ, રીષી, પૃથ્વીના દાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દેવગાણા નિવાસી હાલ કાંદિવલી સ્વ. ગજરાબેન અમૃતલાલ શાહના સુપુત્ર જગદીશભાઇ શાહ (ઉં. વ. ૭૦) સોમવાર, તા. ૯-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે જાગૃતિબેનના પતિ. શ્વેતલ, વિરાલીના પિતાશ્રી. રજનીકાંતભાઇ, સ્વ. હંસાબેન દિનેશકુમાર મહેતા, હેમલતાબેન મોહિતકુમાર સંઘવી, સ્વ. જયશ્રીબેન ભરતકુમાર શાહના ભાઇ. સ્વ. આશિષ, સંદીપ, પ્રીતેશના કાકા. સાસરા પક્ષે સાવરકુંડલા નિવાસી સ્વ. હિંમતલાલ વેલચંદ મહેતાના જમાઇ.લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

એરચ પીરોજશાહ વાડીયા તે મરહુમો કેટી તથા પીરોજશાહ વિ.વાડીયાના દીકરા. તે હોમી પી. વાડિયા તે રોહિન્ટનના તથા ગુલશન ફ. કુપર તથા મરહુમો ગોદરેજ ને યાસ્મીન ર. ડોકટરના ભાઇ. આદીલ, બખ્તાવર, નતાશા, પરવેઝના મામા. તે રોહિન્ટન લ. ડોકટર ને ફરેદુન પી. કુપરના સાળા. (ઉં. વ. ૬૭) રે. ઠે. પૂનમ અહુરા બિલ્ડિંગ, પદમાવતી નગર, નીયર બોલિંજ, વિરાર (વેસ્ટ). ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૧-૯-૨૪ના રોજ બપોરે ૩.૪૫ કલાકે વાડીયાજી આતશબેહરામ, ધોબીતળાવ, મુંબઇ-૨.

ફીરોઝ મેહેરજી અંકલેસરીયા તે હોમાયના ધની. તે મરહુમો પુતલા મેહેરજી અંકલેસરીયાના દીકરા. તે દાનેશ ને મેહરશાહના પપા. તે જેસમીનના સસરા. તે રોહીન્ટન, મીનુ તથા મરહુમો બોમી ને નવલના ભાઇ. તે શાઇનાના બપાવા. (ઉં. વ. ૮૨) રે. ઠે. ૮૧૫, એન્જિનિયર બિલ્ડિંગ, જામે જમશેદ રોડ, પારસી કોલોની, દાદર (ઇસ્ટ). મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૧-૯-૨૪ના દીને બપોરે ૩.૪૦ વાગે રૂસ્તમ ફરામ અગિયારીમાં છેજી.

પેરીચર અફલાતુન બખશાય (ઉં. વ. ૮૮) તા. ૧૦-૯-૨૪એ ગુજરી ગયા છે. તે મરહુમ અફલાતુનના વાઇફ. મરહુમ ખોરશેદ અને મરહુમ સરોશના દીકરી. ફિરદોસ, ફરદૂનના મધર. ફરાહના સાસુ. બિજાનના દાદી. ઉઠમણુંઃ તા. ૧૧-૯-૨૪ બપોરે ૩.૪૦ વાગ્યે.

## હિન્દુ મરણ

**હાલાઈ લુહાણા**

મૂળ ગામ ધીણગી હાલ કાંદિવલી ગોરધનદાસ ધરમસી મોદીના ધર્મપત્ની કાંતાગૌરી (ઉં. વ. ૮૩) સોમવાર તા.૯-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. મથુરાદાસ ગોપાલદાસ બાળદિયા (પડધા)ના દીકરી. અજીત, કેતન, અલ્કા નિતીન રાજા, કાશ્મીરા પરેશ જાખરીયા, સંધ્યા અમિત ગણાત્રાના માતુશ્રી. રીનાના સાસુ. ઉન્નતી, દિધીતી, રાધા, રૂદ્રના દાદી. પ્રાર્થનાસભા બુધવાર તા.૧૧-૯-૨૦૨૪ના ૫.૩૦ થી ૭.૦૦. હાલાઈ લુહાણા મહાજનવાડી, પહેલે માળે, એસ.વી રોડ, કાંદિવલી (પ). બંને પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખવામાં આવેલ છે. લૌકીક વ્યવહાર બંધ છે.

**કપોળ**

હરસપુર દેવળીયાવાળા કલંઘર હાલ બોરીવલી નિવાસી અશ્વિનભાઈ ચુનીલાલ હરજીવનદાસ મહેતા (ઉં. વ. ૭૪) ૮-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે જયશ્રીબેનના પતિ. ચી. આશિષ તથા અ.સૌ. નીતલ વિમલકુમાર રમેશચંદ્ર કાંચરીયાના પિતાશ્રી. અ.સૌ. દર્શનાના સસરા. કિરીટભાઈ તથા કિરણબેન ચંદ્રકાન્ત જીવરાજ મુનીના ભાઈ. સસુર પક્ષે સિહોરવાળા સ્વ. કનૈયાલાલ આત્મારામ મહેતાના જમાઈ. ચી. હીરલ, નિયતી, ધ્વનીના દાદા. પ્રાર્થનાસભા ગુરુવાર ૧૨-૯-૨૪ના ૪ થી ૬. શ્રી ગુરુદ્વારા દરબાર, સાઈબાબા નગર, સાઈબાબા મંદિરની બાજુમાં. બોરીવલી (વેસ્ટ) લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**દશા સોરઠિયા વણિક**

ધોરાજી નિવાસી હાલ ડોંબીવલી રમેશચંદ્ર જગન્નાથ ગગલાણી (ઉં. વ. ૭૮) તે રેખાબેનના પતિ. સ્વ. સુશીલા શાંતિલાલ લોટીયા, મૃદુલા પ્રવિણકુમાર માલવીયા, સ્વ. અનિલ જગન્નાથ ગગલાણી, કિરણ મહેશકુમાર વખારીયા, સ્વ. ભારતીબેન, સ્વ. પ્રતિભા અનિલકુમાર વખારીયા, ગં.સ્વ. હીના શૈલેષકુમાર માવાણી, છાયા જયેશકુમાર મયાણીના ભાઈ. સ્વ. કાંતાબેન ફુલચંદ વખારીયાના જમાઈ. પ્રવિણભાઈ, રમેશભાઈ, શશીકાંતભાઈ, સ્વ. નરેશભાઈ, ગુણવંતી કૃષ્ણકાંત મલકાણ, નીતા નરેશ માવાણીના બનેવી. નમીતા, પ્રતિક, કીંજલના મોટા બાપુજી. ૮-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી મારુ કંસારા સોની**

ઘાટકોપર નિવાસી શોભનાબેન બારમેડા (ઉં. વ. ૬૭) તે ગં.સ્વ. લક્ષ્મીબેન દેવજીભાઈ લખમશીભાઈ બારમેડાના પુત્રવધૂ. તે મહેન્દ્રભાઈના ધર્મપત્ની. તે સ્વ. જમનાબેન માવજીભાઈ બુધ્ધભટ્ટી-ભુજના સુપુત્રી. યતીન, યશ્મિ, પ્રશાંતના માતા. તે મિત્તલ, નેહા, પારસભાઈ દોશીના સાસુ. હિતના દાદી. તે રવિવાર ૮-૯-૨૪ના શ્રીરામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા બુધવાર ૧૧-૯-૨૪ના ૪ થી ૫.૩૦, સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફૂટ રોડ, લવંડર બાગની બાજુમાં, ઘાટકોપર ઈસ્ટ.

**ડીંડુ મહેશ્વરી વણિક**

સ્વ. જયેન્દ્રભાઈ અને સ્વ. મિનાક્ષીબેન મહેતાના સુપુત્ર આશિષ મહેતા (ઉં. વ. ૫૬) રવિવાર ૮-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સોનલબેનના પતિ. નિમિતના પિતા. જયેશ મહેતા, આશાબેન ઘીવાલા, દિપ્તીબેન પારેખ તથા મનીષાબેન શાહના ભાઈ. મધુકાંન્તભાઈ તથા ભારતીબેન શેઠના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક પ્રથા બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય બ્રાહ્મણ**

મહેશભાઈ શાંતિલાલ ભટ્ટ (ઉં. વ. ૭૬) તા. ૯ સપ્ટેમ્બરના મુંબઈ દહિસર મુકામે કૈલાશવાસી થયા છે. મૂળ વતન સોનગઢ તે શારદાબેન અંબાશંકર વ્યાસ, ગં.સ્વ.આશાબેન અરવિંદભાઈ બધેકા, પંકજભાઈ શાંતિલાલ ભટ્ટના ભાઈ. જય ચિરાગ તેજસના કાકા. લૌકિક પ્રથા બંધ રાખવામા આવી છે.

**દશા સોરઠિયા વણિક**

માંગરોળ નિવાસી હાલ વિરાર સ્વ.પ્રદીપભાઈ નગીનદાસ લાખાણીના ધર્મપત્ની રીટાબેન (ઉં. વ. ૬૮) તા.૯/૯/૨૪ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે બિપીનચંદ્ર અને અશોકકુમારના નાનાભાઈના પત્ની. અમિત, પિન્કી રાજ સિન્હા, જુલી અમરીશ સોનીના માતુશ્રી. કવિતાના સાસુ. પિયરપક્ષે અમદાવાદ નિવાસી સ્વ.વસુમતિ મનુભાઈ શાહના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

દેવયાનીબેન સૂર્યકાંત સ્વાર (ઉં. વ. ૬૮) ગામ કોઠારા પતિઃ સ્વ. સૂર્યકાંત નારાયણજી સ્વાર. સાસુ-સસરાઃ સ્વ. પાર્વતીબેન નારાયણજી સ્વાર, માતા-પિતાઃ સ્વ. ચંપાબેન ઠાકરશી કતીરા, ભાઇ : સ્વ. ચંદ્રકાંત ઠાકરશી કતીરા, સ્વ.વસંત ઠાકરશી કતીરા, દીકરી જમાઇઃ ભાવના રાજેશ ઠક્કર (ચંદે) દીકરાઃ સ્વ. નિલેશ સૂર્યકાંત સ્વાર, શૈલેશ સૂર્યકાંત સ્વાર. તા. ૮-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ઈન્ટરવલ

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

## બેનિફિશિયલ ઓનરશિપ: પરદે કે પીછે કૌન હૈ?

### ‘સેબી’ના નિયમોમાંથી છટકવા માગે છે વિદેશી ફંડ્સ!

એક વાત માટે ભારતના નિયામકોને દાદ આપવી પડે કે તેના અધિકારીઓએ મોટેભાગે કાયદામાં રહેલી ક્ષતિઓ દૂર કરવા અને દેશહિતમાં જ નીતિ ઘડતરનું કામ કર્યું છે. આ નિયામકોમાં પ્રથમ ભારતીય રિઝર્વ બેન્કનું અને બીજું નામ ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)નું ટાંકી શકાય.

તાજેતરમાં કેપિટલ માર્કેટ રેગ્યુલેટર સેબીએ સુધારણાનો સપાટો બોલાવ્યો હતો અને કેટલાક ટોચના ઉદ્યોગપતિઓ તેની અડફેટમાં આવ્યા હતા. સેબીએ શેરબજાર પર મોટો પ્રભાવ ધરાવનારા વિદેશી ફંડોના રોકાણને લગતા નિયમોમાં રહેલી કેટલીક ક્ષતિઓ દૂર કરવાની કવાયત શરૂ કરી હતી અને તેના એક ભાગરૂપે એફપીઆઇ માટે ડિસ્કલોઝર્સ નોર્મ્સ નક્કી કર્યા હતા.

બજાર નિયામકે અલ્ટીમેટ બેનિફિશિયલ ઓનરશિપ (બીઓ)ના ડિસ્કલોઝર્સને લગતા આ નિયમો એટલા માટે ઘડ્યા છે કે જેથી ટેક્સ હેવનના માધ્યમે મોકલવામાં આવેલું કાળું નાણું ભારતીય મૂડીબજારોમાં પાછું ન આવે અને એ રીતે એફઆઇઆઇને નામે બજારમાં કાળું નાણું ના ઠલવાય. જોકે હવે સોમવારે આ ધારાધોરણના પાલન માટેની અંતિમ તારીખ પૂર્ણ થઇ ગઇ છે ત્યારે કેટલાક વિદેશી ફંડો આ નોર્મ્સથી બચવા અને છટકબારી શોધવા વિદેશી સહાય મેળવવા હવાતિયાં મારી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

એલટીએસ ઇન્વેસ્ટમેન્ટ ફંડ અને લોટસ ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ, એમ મોરેશિયસસ્થિત બે વિદેશી પોર્ટફોલિયો ઇન્વેસ્ટર્સે વિદેશી રોકાણકારો માટે સેબીએ ઘડેલા નવા નિયમોના પાલનમાંથી તાત્કાલિક રાહત મેળવવા માટે અમેરિકાની સિક્યોરિટીઝ એપેલેટ ટ્રિબ્યૂનલ (એસએટી - સેટ)નો સંપર્ક કર્યો હોવાનું કહેવાય છે.

એ વાત નોંધવી રહી કે, યુએસસ્થિત શોર્ટ-સેલર હિંડનબર્ગ રિસર્ચ દ્વારા જાન્યુઆરી ૨૦૨૩ના અદાણી ગ્રૂપ પરના અહેવાલમાં આ બે એફપીઆઇનું નામ આપવામાં આવ્યું હતું. આ ફંડોએ અમેરિકન રેગ્યૂલેટર સેટને એવી અપી કરી છે કે તે ભારતની બજાર નિયામક સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ને ઉપરોક્ત નિયમોને પૂર્ણ કરવા માટે વધુ સમય આપવા માટે નિર્દેશ આપવા જણાવે.

શેરબજારને માટે આ બાબત અસરકર્તા પુરવાર થઇ શકે છે. સેબીએ, અંતિમ માલિકીને લગતી વિગતવાર માહિતી પૂરી પાડવામાં અને નિયમનનું ઉલ્લંઘન દૂર કરવા વધારાના હોલ્ડિંગને હળવું કરવામાં નિષ્ફળ જનારા નોન-કમ્પ્લાયન્ટ એફપીઆઇ માટે નવમી સપ્ટેમ્બર સુધીની સમયમર્યાદા નક્કી કરી હતી, જે પૂરી થઇ ચૂકી છે.

આને કારણે પાછલા શેરબજારમાં શુક્રવારે એવી અફવાઓ ચર્ચાતી હતી કે કેટલાક વિદેશી ફંડો સોમવારની સમયમર્યાદા પહેલાં તેમના હોલ્ડિંગ વેચવા માટે દોડી રહ્યા હતા. જોવાની વાત એ છે કે, હોલ્ડિંગમાં લાભદાયી માલિકોની માહિતી જાહેર કરવા માટેની સેબીની સમયમર્યાદા સોમવારે, નવમી સપ્ટેમ્બર પૂરી થઇ ગઇ હોવા છતાં, બે એફપીઆઇએ આ ધોરણોને પૂર્ણ કરવા માટે માર્ચ ૨૦૨૫ સુધીના સમયની માગણી સાથે એપેલેટ ટ્રિબ્યૂનલ સેટના દરવાજા ખખડાવ્યા છે.

હવે સેટના ચુકાદાની રાહ જોવાઈ રહી છે. જો ચુકાદો તેમની તરફેણમાં આવે છે, તો તે બજારને અસર કરશે નહીં. અન્યથા આ એફપીઆઇ તરફથી વેચાણનું દબાણ આવી શકે છે, જે બજારને નજીવી અસર કરી શકે છે.

સેબીએ ઓગસ્ટ ૨૦૨૩માં એક પરિપત્ર બહાર પાડીને, વિદેશી ફંડોને તેમની ૫૦ ટકાથી વધુ ઇક્વિટી એસેટ્સ અંડર મેનેજમેન્ટ (એયુએમ) એક જ કોર્પોરેટ જૂથમાં હોય અથવા ભારતીય ઇક્વિટી માર્કેટમાં રૂ. ૨૫,૦૦૦ કરોડથી વધુની કુલ હોલ્ડિંગ હોય તો તે એફપીઆઇમાં માલિકી, આર્થિક હિત અથવા નિયંત્રણ ધરાવતી તમામ એન્ટિટીની વિગતવાર માહિતી જાહેર કરવા નિર્દેશ આપ્યો હતો.

એફપીઆઇ રૂટ દ્વારા ચોક્કસ પ્રમોટરો દ્વારા સંભવિત રાઉન્ડ-ટ્રીપિંગને રોકવા માટે આ નિયમો રજૂ કરવામાં આવ્યા હતા. સેબીના પગલાની ઉત્પત્તિ એક ટોચના ઉદ્યોગ જૂથના પ્રકરણમાં થઈ હતી, જ્યાં માર્કેટ રેગ્યુલેટર આ ઉદ્યોગ જૂથના શેરોમાં કેટલાક વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોના લાભકારી માલિકોને ઓળખી શક્યા નહોતા કારણ કે, તત્કાલીન નિયમોમાં ઘણા ઇન્વેસ્ટમેન્ટમાં સાચા માલિકોને ઓળખવામાં કચાશ હતી.

પરિપત્ર મુજબ, જેમનું રોકાણ સમયરેખાની સમાપ્તિ પછી નિર્ધારિત થ્રેશોલ્ડ કરતાં વધી જતું હોય એવા એફપીઆઇને જાહેરાત કરવા માટે ૩૦ ટ્રેડિંગ દિવસનો સમય આપવામાં આવશે, જે પછી તેમની નોંધણી અમાન્ય, અનવેલિડ થઈ જશે. એફપીઆઈ પછી તેની સિક્યોરિટીઝને ફડચામાં લઈ જવી પડશે અને સર્કયુલર મુજબ પ્રમાણપત્ર અમાન્ય બન્યાના દિવસથી ૧૮૦ કેલેન્ડર દિવસોમાં તેની નોંધણી સરેન્ડર કરીને ભારતીય સિક્યોરિટીઝ માર્કેટમાંથી બહાર નીકળી જવાનું રહેશે. સરવાળે આ ધોરણોને લાગુ કરવા એ તંદુરસ્ત અને ઇચ્છનીય વલણ છે, જેનાથી એફપીઆઇ રોકાણ સંપૂર્ણપણે પારદર્શક બની શકશે. ■



વિશેષ__વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

### રેપ-મર્ડર પર પણ રાજકારણ

## આ તે પ્રજાસેવક નેતાઓ છે કે ભૂખ્યા વરુઓ?

**બળાત્કારની પીડિતા મોતને ભેટે તો ૧૦ જ દિવસમાં અપરાધીને ફાંસી આપી દેવાની જોગવાઈવાળો કડક ‘અપરાજિતા એક્ટ’ વિધાનસભામાં પસાર કરાવીને મમતા બેનરજી રાજકારણ રમી રહ્યાં છે એ ખરું, પણ આ રમતની શરૂઆત કોણે કરી ? આ વાદ-વિવાદ વધુ ને વધુ કેમ ઘેરો બની રહ્યો છે એની પાછળનું રાજકારણ પણ જાણવું જરૂરી છે**



કોલકાતાની આર.જી. કાર હોસ્પિટલમાં ૩૧ વર્ષની ટ્રેની ડોક્ટર દીકરી પર રેપ કરીને હત્યા કરવાનો મામલો હજુ પણ બરાબર ગાજી રહ્યો છે. પશ્ચિમ બંગાળનાં મુખ્ય મંત્રી મમતા બેનરજી સરકારે રાજકીય દાવ ખેલીને ‘અપરાજિતા એક્ટ’ વિધાનસભામાં પસાર કરાવી દીધો. બળાત્કારના કેસમાં ફાંસીની સજાની જોગવાઈ કરતો આ ‘અપરાજિતા એક્ટ’ દેશમાં બળાત્કાર અંગેનો સૌથી આકરો કાયદો હોવાનો મમતા બેનરજીનો દાવો છે.

આ કાયદાના મુદ્દે પણ હવે ડખો ઊભો થયો છે કેમ કે રાજ્યપાલ સીવી આનંદ બોઝે આ ખરડા સામે વાંધો લીધો છે. મમતા બેનરજીએ રાજભવન સામે દેખાવોની ચીમકી આપતાં બોઝે પોતાની કડક ટીકા-ટિપ્પણી સાથે ખરડો રાષ્ટ્રપતિને મોકલી દીધો છે, એની સાથે રાજયપાલે તો કોલકાતાના પોલીસ કમિશનર વિનીત ગોયલને દૂર કરવા માટે કેબિનેટ બેઠક બોલાવવાનું ફરમાન કરીને નવો વિવાદ પણ છંછેડ્યો છે.

બીજી તરફ, સુપ્રીમ કોર્ટે જ્યાં લેડી ડોક્ટર પર રેપ અને હત્યા થઈ એ આર.જી. કાર હોસ્પિટલ’ ના ડોક્ટરોને હડતાળ સમેટી લેવા ચીમકી આપી છે. ડોક્ટરોએ ચીમકીને ઘોળીને પી જઈને હડતાળ ચાલુ રાખી એટલે હવે સુપ્રીમ કોર્ટ આકરા તેવર અપનાવે એવું લાગે છે.

અધૂરામાં પૂરું, રેપનો ભોગ બનેલી ડોક્ટર પર રેપના મુદ્દે ફોરેન્સિક રિપોર્ટમાં કશું તારણ નથી નિકળતું તેથી પુરાવા સાથે ચેડાં હોવાનો મુદ્દો ઊભો કરીને સુપ્રીમ કોર્ટે સખત નારાજગી વ્યક્ત કરીને કોલકાતા પોલીસને ખખડાવી પણ છે...

આ બધા ઘટનાક્રમ વચ્ચે રાષ્ટ્રપતિ મમતાજીના ‘અપરાજિતા’ કાયદાને મંજૂરી આપે છે કે નહીં તેના પર સૌની નજર છે.

આ કાયદામાં બળાત્કારની કોઈ પણ ઘટના માટે ફાંસીની સજાની જોગવાઈ છે. તેનું અર્થઘટન એવું ના કરાય કે, રેપ કેસમાં ઓછામાં ઓછી સજા જ ફાંસી છે , પણ મહત્તમ સજા ફાંસી છે. અમુક કિસ્સામાં ઓછામાં ઓછી સજા જ ફાંસી છે ખરી. રેપના કારણે પીડિત કોમામાં જતી રહે કે મોતને ભેટે તો ૧૦ જ દિવસમાં ફાંસી આપી દેવાની જોગવાઈ છે. રેપ વિથ મર્ડરના કેસમાં પણ ફાંસીની સજા છે.

આ ઉપરાંત રેપ કેસની તપાસ ૩૬ દિવસમાં પૂરી કરવાની રહેશે અને ગેંગરેપના કેસમાં બધા દોષિતોને ઓછામાં ઓછી આજીવન કેદની સજા થશે. આ તબક્કે મમતાદીદીએ ખેલેલા રાજકીય દાવની વાત કરવી જરૂરી છે. મમતાજીએ બળાત્કાર અંગેનો નવો કાયદો બનાવીને બોલ નરેન્દ્ર મોદી સરકારની કોર્ટમાં નાખી દીધો છે અને ભાજપ અને પોતાના વિરોધી સામે એક મુદ્દો ઊભો કરી દીધા છે કે જેનો ભવિષ્યમાં ઉપયોગ કરી શકાશે. એક રીતે મમતાએ એના વિરોધીઓને ભેરવી દીધા છે કેમ કે મમતા સરકારે વિધાનસભામાં પસાર કરેલો ખરડો કદી કાયદો બની જ શકે તેમ નથી. સૌથી પહેલું તો એ કે, રાજ્ય સરકાર આ પ્રકારના કાયદા ના બનાવી શકે. ભારતમાં રાજ્યોને ક્યા પ્રકારના કાયદા બનાવવા અને કેન્દ્ર સરકારે ક્યા પ્રકારના કાયદા બનાવવા તે અંગે બંધારણીય જોગવાઈઓ છે, જે મુજબ બળાત્કાર, હત્યા સહિતના અપરાધો અંગે કાયદા બનાવવાનો અધિકાર માત્ર કેન્દ્ર સરકારને છે. કેન્દ્ર સરકારે બનાવેલા આવા કાયદા અમલમાં છે જ ત્યારે રાજ્યોએ નવા કાયદા બનાવવાની જરૂર નથી.

બીજું એ કે, સંસદે બનાવેલા કાયદામાં રાજ્યો સુધારા ના કરી શકે. પહેલાં ઈન્ડિયન પિનલ કોડ અમલમા હતો ને હવે તેના સ્થાને ભારતીય ન્યાય સંહિતા (BNS) નામે નવો કાયદો આવ્યો છે. આ સિવાય ક્રિમિનલ પ્રોસિજર એકટના સ્થાને આવેલા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) અને બાળકોને બળાત્કાર સહિતના જાતીય અપરાધોથી રક્ષણ આપવા બનાવાયેલા ‘પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યૂઅલ એક્ટ’ (POCSO) પણ અમલમાં છે. આ કાયદામાં માત્ર ને માત્ર દેશની સંસદ સુધારો કરી શકે, પણ મમતા બેનરજીએ બંગાળની વિધાનસભામાં આ ત્રણેય કાયદામાં સુધારો કરતો નવો ‘અપરાજિતા વુમન એન્ડ ચાઇલ્ડ (પશ્ચિમ બંગાળ ક્રિમિનલ લો અમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૪’ બનાવી દીધો.

આમ જુઓ તો મમતાની આ હરકત એકદમ ગેરબંધારણીય છે,પણ ભાજપ એવું કહેવા જાય તો બરાબરના ભેખડે ભેરવાય. મમતા એવું કહીને ઊભાં રહી જાય કે, ‘અમે પસાર કરેલો ખરડો ગેરબંધારણીય છે તો બળાત્કારને રોકવા માટે અમે કરી છે એવી આકરી જોગવાઈઓ બળાત્કારને લગતા કાયદાઓમાં કરો....’ કેદ્ર સરકાર એવું કરવા જાય તો મમતાને જશ મળે તેથી એ એવું નહીં કરે.

આ કાયદાની ટીકા પણ કોઈ નહીં કરી શકે કેમ કે કોઈ પક્ષ ટીકા કરે તો બળાત્કારીઓને છાવરે છે અને આવા અપરાધીઓને આકરી સજા કરાવવામાં એને રસ નથી એવા આક્ષેપ મમતા કરવા માંડે ! આમ રેપ-મર્ડરને રાજકીય રંગ આપવાનું મમતાજીના વિરોધીઓને ભારે પડવાનું જ છે.

હા, આ રેપ-મર્ડર ઘટના પછી મમતા બેનરજી રાજકારણ રમી રહ્યાં છે એ વાત સાચી છે, પણ તેની શરૂઆત ભાજપે કરી છે. ટ્રેની ડોક્ટરની હત્યાના મુદ્દે રાજકારણ રમવાની શરૂઆત કરીને આ મુદ્દાને પશ્ચિમ બંગાળ સરકારની નિષ્ફળતા અને ‘તૃણમૂલ કૉંગ્રેસ’ની ગુંડાગીરી સાથે જોડી દીધો અને જાણે બંગાળમાં જ આ પ્રકારની ઘટના બની છે અને માત્ર બંગાળ સરકાર જ મહિલાઓની સુરક્ષા કરવામાં નિષ્ફળ ગઈ છે.

વાસ્તવમાં દેશના દરેક રાજ્યમાં આ પ્રકારની શરમજનક ઘટનાઓ બને છે,ભાજપ શાસિત રાજ્યોમાં બનતી કે ભૂતકાળમાં બનેલ ઘટનાઓ અંગે સરકાર મૌન સાધી લે છે.

આ દેશમાં ઠેકઠેકાણે આવી શરમજનક ઘટનાઓ બને છે, પણ ભાજપના નેતા ક્યાંય જવાની તસદી પણ લેતા નથી. બલ્કે સહાનુભૂતિનાં બે બોલ બોલવાની પણ તમા નથી રાખતા ત્યારે કોલકાતામાં ન્યાય અપાવવાનો એમને સણકો ઊપડી આવ્યો છે તેની પાછળ રાજકારણ જ છે અને મમતા એ રાજકારણનો જવાબ રાજકારણથી આપી રહ્યાં છે.

આ ઘટનાક્રમ આપણે કેવા દેશમાં જીવી રહ્યા છીએ એ બતાવે છે. એક દીકરીના રેપ-મર્ડરનું સત્ય શોધવાના બદલે આપણા હલકટ નેતા તેમાંથી રાજકીય ફાયદો કઈ રીતે મેળવી શકાય તેની ગંદી રમતમાં પડ્યા છે. એ લોકોમાં સંવેદના કે શરમ નામની કોઈ ચીજ જ નથી એ આપણી કમનસીબી છે ને તેનાથી પણ મોટી કમનસીબી એ છે કે, આ દેશની બહુમતી પ્રજા આવા નેતાઓને પૂજતી ફરે છે. ■

સાયબર સાવધાની
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## પોતીકા ઘરનાં સપનાને પણ ઠગારાની લાલચનો લૂણો લાગ્યો

**સાયબર** ઠગોની ક્રૂરતા પાસે પિશાચ, રાક્ષસ, અસુર અને યમરાજ પણ પાછા પડી જાય. આ ચહેરા વગરના ધુતારા કોઇ કરતા કોઇને છોડતા નથી. પછી એ વૃદ્ધજન હોય કે મધ્યમ વર્ગનો મહેનતકશ માનવી હોય.


કહેવાય છે કે મુંબઇમાં રોટલો અને ચોટલો એટલે કે ખાવાનું અને પત્ની મળી જાય પણ ઓટલો, એટલે ઘર મળવું મુશ્કેલ જ નહીં, અસંભવ છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને મધ્યમ વર્ગને ઘર મળી રહે અને એ પણ માર્કેટ ભાવથી ઓછા દરે એટલે રાજય સરકારે ‘મ્હાડા’ એટલે કે મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીની સ્થાપના કરી છે. ૧૯૪૮માં મહારાષ્ટ્ર હાઉસિંગ બોર્ડ (એમ.એચ.બી.)ની સ્થાપના થઇ હતી. અને ૧૯૭૬માં ‘મ્હાડા’ અસ્તિત્વમાં આવી.

૨૦૨૪માં મ્હાડાએ વિવિધ શ્રેણીઓ અંતર્ગત ઘરોની લોટરી માટે ઓનલાઇન અરજી મગાવી હતી. આની અરજી કરવામાં ઘણાં નિયમોનું પાલન કરવું પડતું હોય છે અને અનેક દસ્તાવેજ પૂરાં પાડવા પડે છે. આની પાછળનો મૂળ અને આવકાર્ય ઉદ્દેશ્ય એટલો કે ઘર યોગ્ય અને જરૂરતમંદને જ મળે. અલબત્ત, ભૂતકાળમાં આમાંય ઘણાં વચેટિયા કળા કરી જતા હતાં.

ગોબાચારી ઓછી થાય એટલે ઓનલાઇન અરજી શરૂ કરાઇ. આથી સાયબર ફ્રોડસ્ટર્સની દાઢ ‘સળકી’ અગાઉ




ઘણાં નિશ્ચિતપણે ઘર ફાળવી આપવાની લાલચ દેખાડીને ઘર ઇચ્છુકો પાસેથી રકમ પડાવતા રહેતા હતા. આ વખતેય ઘણાં ઓનલાઇન અરજદારોને ફોન કરતા હતા કે આપને લોટરીમાં ઘર ચોક્કસ મળી જશે. આ માટે કયારેક બૅન્ક અકાઉન્ટની વિગતો મંગાય, પાસવર્ડ પૂછાય કે પછી કે.વાય.સી., ઓટીપી, ડેબિટ કાર્ડ, આધાર નંબર કે પેન કાર્ડ જેવી અત્યંત ગુપ્ત અને સંવેદનશીલ માહિતી મેળવાતી હતી. આવી કોઇ માહિતી અજ્ઞાત માણસોને ન આપવા માટે પોલીસે જાહેર અપીલ સુદ્ધાં કરવી પડી હતી.




વાત આટલેથી જ ન અટકી. સાયબર ઠગોએ મ્હાડાનું બનાવટી પોર્ટલ બનાવ્યું. સત્તાવાર વેબસાઇટના નામમાં નજીવો ફરક કર્યો. આ વેબસાઇટનું પેજ દેખાવમાં મ્હાડાની સાચુકલી સાઇટ જેવું જ બનાવાયું હતું. આ બનાવટી વેબસાઇટ અરજી ફોર્મ સ્વીકારવા સાથે રકમ પણ પડાવતી હતી. સત્તાવાર સાઇટમાં ‘મ્હાડા’ના બૅન્ક ખાતામાં ડિપોઝિટની રકમ જમા કરાવવા કહેવાય છે, જયારે આ બનાવટી વેબસાઇટ પર કયુઆર કોડ સ્કેન કરીને રકમ જમા કરાવવા કહેવાતું હતું. જે માણસ બનાવટી સાઇટને અસલી સમજીને એક પછી એક વિગત આપતો હોય અને કયુઆર કોડ પણ સ્કેન કરવાનો જ.

પોતીકા ઘરનું સપનું જોનારા એને સાકાર કરવા માટે કાળી મજૂરીના એક-એક રૂપિયાની બચત કરનારા અને બાળકોને નાના-નાના આનંદથી વંચિત રાખનારાઓની રકમ પડાવી લેવાનું પાપ કરનારા કયારેય સુખી ન જ થાય.

પણ આટલી સંવેદનશીલતા કે સમજ હોય એ સાયબર ઠગ બને ખરો? ■

# પેલી ‘પુષ્પા’વાળા અલ્લુ અર્જુનને ઝક્કાશ ઓફર!

ઊડતી વાત___ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

આમ તો આ નામ અલ્લુ અર્જુન ઘણાને પહેલી નજરે અપરિચિત લાગે મતે તમને સીધો પરિચય કરાવું તો તામિલની બ્લોકબસ્ટર અને બોલીવૂડની ફિલ્મોને ફીણ લાવનારી અને ચંદનચોર વિરપ્પન પર આધારિત ફિલ્મ ‘પુષ્પા’માં અલ્લુ અર્જુને લીડ રોલ કરેલો. હવે તમારા મગજની પેટ્રોમેક્ષ કે હેલોઝન ઝગમગી ઉઠશે અને તમને પુષ્પા કિસીકે સામને નહીં ઝૂકેગા એ ડાયલોગ જરૂર યાદ આવી જશે.



અલ્લુ અર્જુનની ફિલ્મ ‘પુષ્પા ધ રાઇઝે’ બોક્સ ઓફિસ પર કમાણીનાં તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા...

અલ્લુ અર્જુન તામિલ ફિલ્મોમાં સૌથી વધુ મહેનતાણું લેતો અભિનેતા છે. પ્રભુદેવાની માફક ડાન્સિંગ સ્કીલ માટે એ જાણીતો છે .

આપણે ત્યાં ‘પૈસા મારા પરમેશ્વરને હું પૈસાનો દાસ’ એવું કહેવાય છે. ‘નાણાં વગરનો નાથિયો અને નાણે નાથાલાલ’ એમ પણ કહેવાય છે. આપણા જીવનની મોટાભાગની પ્રવૃત્તિનું ચાલકબળ પૈસા છે.

ફિલ્મોમાં સૌ કોઇ કીર્તિ અને કલદાર માટે કામ કરે છે. અભિનેતા ફિલ્મ ઉપરાંત જાહેરખબર, ઇવેન્ટમાં હાજર રહી ફેન્સ તરફ હાથ હલાવી મોટી રકમ લઇને ચાલતી પકડે છે.ઘણીવાર મેગેઝિન માટે ફોટો શૂટ કરાવવા કલદાર મળે છે તો કેટલાક ઉરાંદઉટાંગ જાહેરાત દ્વારા પોતાની તિજોરી છલકાવી રહ્યો છે.અજય દેવગન, શાહરૂખ ખાન બાદ અક્ષય કુમાર ‘પાન મસાલા’ની એડમાં જોડાયો, જયારે મેગાસ્ટાર અમિતાભ બચ્ચને ‘પાન મસાલા’ની જાહેરાતમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું.

ઘણી સેલિબ્રિટી ગમે તેટલી રકમ ઓફર કરે તો પણ ઠંડા પીણા અથવા ભ્રામક દાવા કરતી જાહેરખબર ધરાર નકારે છે. એમને કલદાર કરતાં ઇમેજની પડી હોય છે.

અલ્લુ અર્જુન અંગત રીતે તમાકુનું સેવન કરતો નથી. તેથી એ નથી ઈચ્છતો કે એના ચાહકો આ જાહેરાત જોઈને પ્રોડક્ટનું સેવન કરવા લાગે. આ અભિનેતાને પણ ‘પાન મસાલા’ કંપની તરફથી જાહેરાત માટે મોટી રકમ મળી હતી, પરંતુ અભિનેતાએ ખચકાટ વિના તેને ફગાવી દીધી હતી.

પુષ્પા ફિલ્મમાં મૈં ઝૂકેગા નહીં એવો ડાયલોગ બોલનાર અલ્લુ અર્જુન નામ મુજબ અલેલટપ્પુ લાગે છે. અરે, ભાઇ તારે ફિલ્મની માફક ‘પાનમસાલા’ની એડમાં એકટિંગ કરવાની છે. પછી આવા ચોખલિયાવેડા શા માટે? જાહેરાતની એકટિંગ કર, પૈસા લે અને બીજા સ્ટાર્સની માફક ચાલતી પકડ. દુનિયા સુધારવાનો ઠેકો લીધો છે? તું આ જાહેરાત નહીં કરે તો બીજો કોઇ કરશે. બધા રાતોરાત સંત બની જવાના નથી. બે રૂપિયાની પડીકીની જાહેરાત ત્રણ ત્રણ દિગ્ગજ એકટર અને હિરોઇન કરે છે. બદલામાં કરોડો રૂપિયાની એકનંબરી-બેનંબરી ફી મેળવીને તિજોરી તગડી કરે છે. પછી ભલે એ મસાલા કે પીણા જેવાં ધીમા મોતનો સામાન કેમ ન હોય? અરે, અહીં મોત પણ ઇન્સ્ટોલમેન્ટ પદ્ધતિએ મળે છે. અહીં જીવવાની પણ જલ્દી નથી અને મરવાની ઉતાવળ નથી.

જો અલ્લુભાઇ, મસાલા કે પીણાની આડીતેડી જાહેરાત ન કરવી હોય એ તારી મરજી, પરંતુ, આવી જાહેરાત કરવામાં અમારા રાજુ રદીને વાંધો નથી. આમ, તો તારો દેખાવ અને રાજુ રદીનો દેખાવ સેમ ટુ સેમ છે. રાજુ તારી ફીની સરખામણીએ પાન મસાલાની કંપનીને બમ્પર ટુ બમ્પર એક નંબર-બે નંબરમાં ડિસ્કાઉન્ટ દેશે. જાહેરાતમાં કોસ્ટ કટિંગ થશે. ભઇ, અમે ગુજરાતી છીએ. ધંધો અમારા લોહીમાં વહે છે. અમે તારું પણ વિચારીશું. રાજુ રદીને આવી જાહેરાત અપાવીશ તો તને ૨૦-૩૦ ટકા કમિશન આપશું..!

જાહેરાતની ડીલ કબૂલ મંજૂર કે નહીં એ અમને લેન્ડલાઇન ફોન પર જણાવજે, નહીંતર બીજા ઘણાબધા લાઇનમાં ઊભા છે! ■

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# ‘તુખ્મે તાસીર’નો અર્થ સમજાવે છે ચોવક

ઘણા ગુણો વારસામાં આવતા હોય છે, તેમ ઘણા દુર્ગુણો પણ આવતા હોય છે. ગુજરાતીમાં એક કહેવત છે કે, ‘વંશ તેવો વેલો’... આપણે સૌ એ કહેવત અને તેના અર્થથી સારી પેઠે પરિચિત છીએં. કચ્છી ચોવક એ રીતે રચાઈ છે કે, જેમાં સંગત-સોબત અને વંશને પણ આવરી લેવાયાં છે. ચોવક છેઃ ***‘‘સોબતેં અસર, તુખ્મ તેડી તાસીર’’*** ‘સોબતેં’નો અર્થ થાય છેઃ સંગત કે સોબત અને અસર એટલે અસર કે પ્રભાવ. ‘સંગ તેવો રંગ’ કહેવતની જેમ જ! અને ‘તુખ્મ’ શબ્દનો અર્થ થાય છેઃ ખાનદાન, વંશ અને ઉર્દૂમાં કહીએ તો ‘તુખ્મે તાસીર’! ‘તેડી’ શબ્દનો અર્થ થાય છેઃ તેવી. ‘તાસીર’ એટલે સ્વભાવ, રીતભાત, ગુણ કે પછી અવગુણ! હવે અર્થ બહુ સ્પષ્ટ થઈ ગયો છે, જેનો ભાવાર્થ છેઃ સોબતની અસર થવી અને ખાનદાન કે વંશનાં ગુણ-અવગુણનો પ્રભાવ!

ગુજરાતીમાં એક કહેવત છેઃ સોના કરતાં ઘડામણ મોંઘું! કચ્છીમાં ચોવક છેઃ *‘‘સોન કનાં ઘડામણી મોંઘી’’* ‘સોન’ એટલે સોનું’ ‘કનાં’ શબ્દનો અર્થ થાય છેઃ કરતાં અને ‘ઘડામણી’ એટલે ઘડામણી. ‘મોંઘુ’નો અર્થ પણ અહીં મોંઘું જ થાય છે. ચોવકના કહેવાનો મતલબ એ જ છે કે, મૂળ વસ્તુ કરતાં તેના પર જાળવણી કે બનાવટનો ખર્ચો વધારે થવો.

ઘણા લોભી માણસોને લોભ કરતાં પણ બરાબર આવડતું હોય છે અને પરિણામે લોભ કરતાં કરતાં એ શ્રીમંત બની જાય છે, પણ ઘણા તો એ બાબતમાં પણ કાચા સાબિત થાય છે. જેમકે ‘અતિ લોભ એ પાપનું મૂળ’ આ ગુજરાતી કહેવતના ઊંડા અર્થમાં ન જતાં આપણે તેવા જ અર્થમાં બનેલી ચોવક માણીએં. ચોવક છેઃ ***‘‘શેઠ, તણાંણા કીં? ત ચેં લોભેં લોભેં’’*** શેઠ શબ્દ ખરેખર શેઠ હોય તેના માટે પણ પ્રયોજાય છે. શેઠનો દેખાવ કરનાર માટે પણ પ્રયોજાય છે અને માનાર્થે પણ પ્રયોજાય છે. એવા એક શેઠને જ્યારે નુકસાની ભોગવવાનો સમય આવ્યો ત્યારે કોઈએ પૂછયુંઃ શેઠ, કેમ આવું થયું? (શેઠ, તણાંણા કીં?) તો તેમણે જવાબ આપ્યો ‘લોભેં લોભેં’ (અતિ લોભના કારણે) જ્યારે લોભ કરતાં નુકસાની વેઠવી પડે ત્યારે આ ચોવક વપરાય છે.

એક સુંદર મજાની ચોવક છેઃ ***‘‘સોભા ઈતરી ઓભા’’*** અહીં પણ ‘સોભા’ એટલે ‘શોભા’ અને ‘ઈતરી’ એટલે એટલી કે જેટલી, અને ‘ઓભા’નો અર્થ થાય છેઃ ઉપાધી! હવે, શબ્દાર્થ જોઈએ તોઃ વધારે શોભા કરવાથી શોભિત નથી થવાતું. પરંતુ જેટલી શોભા વધારવામાં આવે તેટલી તેને જાળવી રાખવાની જવાબદારી વધે. મતલબ એ થાય છે કે, વધારે શોભા કરવાથી શોભાની મજબૂતાઈ કે કાયમી સ્વરૂપ જળવાઈ નથી રહેતું! અહીં માત્ર ગમ્મત ખાતર ‘સ્ત્રીઓના પ્રાસંગિક મેક અપ અને શણગાર’નું ઉદાહરણ લઈ શકાય!

સોનાની આગળ આપણે વાત કરી તો, સોનાને આવરી લેતી એક બીજી ચોવકનું પણ સ્મરણ થયું છે. તમને ગમશે, કારણ કે આપણે સૌ તેના અર્થથી પરિચિત છીએં. ચોવક છેઃ ***‘‘સોનજી જાર પાણીમેં ન વિજા જે’’*** ‘સોન’ અને ‘જી’ એ બે શબ્દોને સાથે લેવા જરૂરી છે, અને તેનો અર્થ થાય છેઃ સોનાની ‘જાર’ એટલે ‘જાળ’ અને ‘ન વિજા જે’ એ ત્રણ શબ્દોનો અર્થ થાય છેઃ ન નખાય. આખો અર્થ ગુજરાતી કહેવતમાં સમાવિષ્ટ છેઃ સોનાની જાળ પાણીમાં ન નખાય! ભાવાર્થ એવો થાય છે કે, દરેક વસ્તુનો ઉપયોગ યોગ્ય જગ્યાએ જ થવો જોઈએ.

સગાવાદની વાત કરતી એક ચોવક છેઃ ***‘‘સૂઈ સગે કુરા તણેં’’*** ‘સૂઈ’ એટલે સોય. ‘સગે કુરા તણે’એ ત્રણ શબ્દોના સમૂહનો અર્થ થાય છેઃ સગા તરફ તણાય. ‘કુરા’ એટલે બાજુ અને ‘તણે’ એટલે તણાય! સોયની ગતિ ટેભા તરફ હોય છે! સોયનાં સગાં તો કાપડ કે તેમાં પરોવાયેલો દોરો જ હોય છે! રૂપક સ્વરૂપમાં રચાયેલી આ ચોવક ‘સગાવાદ’ તરફ આંગળી ચિંધે છે! ■

વિશેષ
અનંત મામતોરા
feedback@bombaysamachar.com

# આ તારીખોની તવારીખ ક્યારે આવશે?



ન્યાય મળે એ માટે લોકો કોર્ટના પગથિયા ચડે છે, પરંતુ અનેક પ્રકરણોમાં કેસ વર્ષાનુવર્ષે લટકી જાય છે. ન્યાય મેળવવા અદાલતનો દરવાજો ખખડાવનાર લાખો લોકોને ‘તારીખ પે તારીખ’ જ મળવાની ધક્કાદાયક બાબત પ્રકાશમાં આવી છે.

દેશના સર્વોચ્ચ અદાલતમાં આશરે ૮૨,૮૩૯ ખટલા પ્રલંબિત છે જે પડતર કેસોની આજ સુધીની સૌથી મોટી સંખ્યા છે. સર્વોચ્ચ અદાલતમાં ન્યાયમૂર્તિઓની સંખ્યા વધારવામાં આવી હોવા છતાં પડતર કેસની સંખ્યામાં ઉછાળો આવી રહ્યો છે. ૨૦૧૯માં સુપ્રીમ કોર્ટમાં જજની સંખ્યા ૨૬ હતી. તેને વધારીને ૩૧ કરવામાં આવી છે. ૨૦૧૧માં સંસદીય કાયદા હેઠળ ન્યાયધીશની સંખ્યા ૩૧થી ૩૪ કરવામાં આવી. આમ છતાં પ્રડતર કેસની સંખ્યા ૫૭,૦૬૦થી વધીને ૬૦,૦૦૦ પર પહોંચી છે.

ગયા વર્ષમાં ફક્ત ૨૭,૬૦૪ પ્રલંબિત કેસની નોંધ થઈ હતી. ૨૦૨૪માં ૩૮,૯૯૫ નવા કેસ દાખલ થયા, આમાંથી ૩૭,૧૫૮ કેસમાં ચુકાદો આપવામાં આવ્યો. છેલ્લા ૧૦ વર્ષમાં પ્રલંબિત કેસની સંખ્યા આઠ ઘણી વધી છે. ૨૦૧૫ અને ૨૦૧૭ એ બે વર્ષમાં પ્રલંબિત કેસની સંખ્યા ઓછી થઈ હતી.

૨૦૧૪માં વડી અદાલતમાં ૪૧ લાખ ખટલા પ્રલંબિત હતા. હવે આ ખટલાની સંખ્યા ૫૧ લાખ પર પહોંચી છે. હાઈ કોર્ટમાં પડતર કેસની સંખ્યા ફક્ત એક વાર ઓછી થઈ છે. ૨૦૨૪માં ટ્રાયલ કોર્ટમાં ૨.૬ કરોડ ખટલા પ્રલંબિત હતા. હવે એ વધીને ૪.૫ કરોડ થઈ ગયા છે. ■

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી ગુરુવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી-ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| CLAP | કુળ |
| CLAY | શણગારેલું |
| CLAD | તાળી |
| CLAN | બગાઈ |
| CLAG | માટી |

### ઓળખાણ રાખો

પુરુષની સીમિત ફેશન દુનિયામાં આગવું સ્થાન ધરાવતા સૂટના પ્રકારની ઓળખાણ પડી? મોટેભાગે બો ટાઈ અથવા નેકટાઈ સાથે પહેરવામાં આવે છે.

અ) SINGLE BREASTED
બ) SLIM FIT
ક) TUXEDO
ડ) VENTLESS



### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ગ | જા | ૨ ન | ન | | ૩ વિ | ના | ૪ ચ | ૫ ક | |
| ણા | | હીં | | ૬ વિ | ઘ્ન | | ૭ સ | રા | ૮ વ |
| ૯ ધી | ર | | ૧૦ અ | ના | હ | ત | | | ક્ર |
| શ | | ૧૧ બ | ળ | | ર્તા | | ૧૨ વ | ૧૩ સ | તું |
| | ૧૪ રિ | દ્ધિ | સિ | દ્ધિ | | ૧૫ ગ | | ૧૬ ના | ડ |
| ૧૭ લ | ટ | | યું | | ૧૮ ગ | ણ | ૧૯ ના | થ | |
| મ્બો | | ૨૦ ન | | ૨૧ ક | ણ | | ડી | | ૨૨ એ |
| ૨૩ દ | ર | વ | ર્ષે | | ૨૪ પ | ણ | | ૨૫ ત | ક |
| ર | | સા | | ૨૬ ર | તિ | | ૨૭ સા | | દં |
| | ૨૮ ગૌ | રી | સુ | ત | | ૨૯ શ | રુ | આ | ત |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | | ૪ | ૫ | ૬ | |
| | | | | ૮ | ૯ | | ૧૦ | | |
| ૧૧ | | ૧૨ | | | ૧૩ | | | | ૧૪ |
| | | | | ૧૫ | | | | | |
| | ૧૬ | | | ૧૭ | | | | ૧૮ | |
| ૧૯ | | | | ૨૦ | | | ૨૧ | | |
| | | ૨૨ | ૨૩ | | | ૨૪ | | | |
| ૨૫ | ૨૫અ | | | ૨૬ | | ૨૭ | | | |
| ૨૮ | | | | ૨૯ | ૩૦ | | | ૩૧ | |
| | ૩૨ | | | | | | | ૩૩ | |

**આડી ચાવી**

૧. સાથે મુસાફરી કરનાર (૫)
૪. સવારનો નાસ્તો (૪)
૮. ગમાર, મુરખ (૨)
૧૦. હઠીલું, અનાડી (૨)
૧૧. ઘણાને જમ્યા પછી --- કરવા જોઈએ (૪)
૧૩. લાગણીભર્યો ઝુકાવ (૩)
૧૫. તાવમાં પીવી પડે (૨)
૧૬. બદ્દુવા (૨)
૧૭. ભારવાહક પ્રાણી (૩)
૧૮. કિંમતી લાકડું (૨)
૨૦. વિદ્યાસંસ્થાના અધ્યક્ષ (૨)
૨૧. ભલાઈ, ભલમનસાઈ (૩)
૨૨. ઝડપ, વેગ (૨)
૨૫. સમયસર (૫)
૨૭. શ્રેષ્ઠ (૨)
૨૮. દૂધની મલાઈ (૨)
૨૯. મર્યાદા (૩)
૩૨. વર્તણૂક (૬)
૩૩. શહેરનું ફળિયું (૨)

**ઊભી ચાવી**

૧. સીમાની પાર (૪)
૩. દુખતી---ના દબાવો (૨)
૫. લોકગીતની નાયિકા (૪)
૬. --- એન્ડ જેફની કાર્ટૂનપટ્ટી આવતી (૨)
૯. મોટી મોટી ડિંગ હાકનાર (૫)
૧૨. રૂઢિ પ્રમાણે (૬)
૧૪. છાનાં પરાક્રમો, છાની વાતો (૬)
૧૫. બહેન ભાઈને બાંધે (૩)
૧૮. મતલબ, સત્ત્વ, નિચોડ (૨)
૧૯. મડદાની જેમ (૪)
૨૩. --- મારખાં એટલે બડાઈખોર (૨)
૨૪. પારસીઓનો કસ્તી પહેરવાનો સંસ્કાર (૪)
૨૫.અ મધ્યમ વર્ગના --- વધતા જાય છે (૩)
૨૬. પાસા ફેંકવાની વિદ્યા (૩)
૩૦. મોકો, ચાન્સ, તક (૨)
૩૧. બગીચો (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘સજાગ તટરક્ષક દળને કારણે મુસીબત ટળી ગઈ’ પંક્તિમાં તટ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) તેજ બ) ત્રિવેણી ક) કિનારો ડ) ચકોર

### ગુજરાત મોરી મોરી રે

‘જાત પર દુઃખ આવી પડે ત્યારે અન્યની પીડા સમજાય’ એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

પરવીતી ન આપવીતી જાણે જાણે સહુ કોઈ

### માતૃભાષાની મહેક

યુગ પ્રમાણે ગણેશજીને દસ હાથ, છ હાથ, ચાર હાથ અને બે હાથ હતા એવો અલગ અલગ ઉલ્લેખ છે. દશભુજ ગણેશનું વાહન સિંહ, ષડ્ભુજ ગણેશનું મયૂર, ચાર ભુજ ગણેશનું ઉંદર અને બે ભુજ ગણેશનું અશ્વ કહેવાય છે. એમના ચાર હાથમાં અનુક્રમે શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરવામાં આવ્યા હોય છે.

### ઈર્શાદ

સુખકર્તા, દુઃખહર્તા વાર્તા વિઘ્નાચી,
નુરવી પુરવી પ્રેમ કૃપા જયાચી!

-- ગણેશ આરતી

### માઈન્ડ ગેમ

દક્ષિણ ભારતના કર્ણાટક રાજ્યમાં શંકર ભગવાન કયા નામથી પૂજાય છે એ જણાવો. એ નામના મંદિરમાં એશિયામાં બીજા નંબરની ઊંચી પ્રતિમા છે.

અ) મૂળેશ્વર બ) વેંકટેશ્વર
ક) રંગનાથ સ્વામી ડ) મુરુડેશ્વર

### સુડોકુ-૬૦૭૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | ૬ | | ૭ | | ૪ | |
| ૫ | | ૩ | ૪ | | ૨ | ૯ | | ૮ |
| | | | | ૩ | | | | |
| ૯ | ૮ | | | | | | ૩ | ૨ |
| | | ૬ | ૩ | | ૧ | ૮ | | |
| ૭ | ૩ | | | | | | ૯ | ૬ |
| | | | | ૪ | | | | |
| ૩ | | ૯ | ૮ | | ૬ | ૨ | | ૫ |
| | ૧ | | ૫ | | ૯ | | ૭ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૬૦૭૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૮ | ૭ | ૨ | ૯ | ૧ | ૩ | ૫ | ૪ |
| ૩ | ૯ | ૧ | ૪ | ૫ | ૮ | ૬ | ૭ | ૨ |
| ૫ | ૪ | ૨ | ૭ | ૬ | ૩ | ૧ | ૮ | ૯ |
| ૪ | ૫ | ૬ | ૧ | ૨ | ૯ | ૭ | ૩ | ૮ |
| ૭ | ૩ | ૯ | ૬ | ૮ | ૫ | ૨ | ૪ | ૧ |
| ૧ | ૨ | ૮ | ૩ | ૪ | ૭ | ૯ | ૬ | ૫ |
| ૮ | ૧ | ૫ | ૯ | ૭ | ૬ | ૪ | ૨ | ૩ |
| ૯ | ૭ | ૪ | ૫ | ૩ | ૨ | ૮ | ૧ | ૬ |
| ૨ | ૬ | ૩ | ૮ | ૧ | ૪ | ૫ | ૯ | ૭ |

### ગયા બુધવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| PRAY | પ્રાર્થના કરવી |
| PREY | શિકાર |
| PRICE | કિંમત |
| PRIZE | બક્ષિસ |
| PRIDE | સ્વાભિમાન |

**ઓળખાણ પડી?**
થાઈલેન્ડ

**માઈન્ડ ગેમ**
અયોધ્યાપુરમ

**ચતુર આપો જવાબ**
અર્થ જણાવો
મુસાફર

**ગુજરાત મોરી મોરી રે**
નીતિએ નારાયણ વસે ને અનીતિએ કૂતરાં ભસે

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) નીતા દેસાઈ (૩) મુલરાજ કપૂર (૪) ડૉ. પ્રકાશ કટકિયા (૫) સુરેખા દેસાઈ (૬) ભારતી પ્રકાશ કટકિયા (૭) ધીરેન્દ્ર ઉદેશી (૮) સુભાષ મોમાયા (૯) ભારતી બુચ (૧૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) પ્રવીણ વોરા (૧૩) લજિતા ખોના (૧૪) પુષ્પા પટેલ (૧૫) શ્રદ્ધા આશર (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) મીનળ કાપડિયા (૨૦) શિલ્પા શ્રોફ (૨૧) ભાવના કર્વે (૨૨) અશોક સંઘવી (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) મહેશ દોશી (૨૬) રજનીકાંત પટવા (૨૭) અંજુ ટોલિયા (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) જગદીશ ઠક્કર (૩૦) હર્ષા મહેતા (૩૧) રમેશ દલાલ (૩૨) હિના દલાલ (૩૩) ઈનાક્ષી દલાલ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) મનીષા શેઠ (૩૬) ફાલ્ગુની શેઠ (૩૭) અરવિંદ કામદાર (૩૮) પુષ્પા ખોના (૩૯) કલ્પના આશર (૪૦) નિતિન બજરિયા (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૫) તાહેર ઔરંગાબાદવાલા (૪૬) પ્રતિમા પમાણી (૪૭) કિશોર બી. સંઘરાજકા (૪૮) મહેશ સંઘવી

પ્રકરણ ૫૯



# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

**વિક્રમને શાંતિ થઈ :** હાશ, શ્યામલીને કંઈ થયું નથી પણ ઈન્સ્પેક્ટર અહીંયા શા માટે આવ્યો છે? ખૂનના ખબર તો છાપામાં વાંચવા મળી જાય તો એના માટે પોલીસ ઘરે ખબર આપવા ન આવે. જરૂર કંઈક ગરબડ છે. વિક્રમના મનમાં એક અજાણ્યો ભય પેસી પડ્યો.

‘ઈન્સ્પેક્ટર, મને એ નથી સમજાતું કે તમે આ વાત અમને શા માટે કરો છો? વિક્રમ, કમિશનરને ફોન લગાડ. મારે એમને ફરિયાદ કરવી પડશે... સોરી ઈન્સ્પેક્ટર, મારો સમય ખૂબ જ કીમતી છે...’

‘એમ અકળાઈ ન જાઓ, મિ. દીવાન. વિક્રમભાઈ દીવાન કમિશનરને ફોન નહીં જ લગાવે એની મને ખાતરી છે... રાઈટ મિ. વિક્રમ દીવાન?’

પોતાના મોબાઈલ પર ફોન લગાડવા તૈયાર વિક્રમ ઈન્સ્પેક્ટરની વાત સાંભળીને અટકી ગયો. એનું આખું શરીર ધ્રૂજી ઊઠ્યું. આ ઈન્સ્પેક્ટરને જરૂર મારી અને શ્યામલીના સંબંધ વિશે ખબર પડી ગઈ લાગે છે.

‘ઈન્સ્પેક્ટર, આ વર્દી પહેરવાથી તમને નાટકીય રીતે વાત કરવાનો અધિકાર નથી મળી જતો... હું તમને પાંચ મિનિટનો સમય આપું છું. જો પાંચ મિનિટમાં તમે વાત પૂરી કરીને રવાના નહીં થાવ તો હું કમિશનરને ફોન લગાડીશ...’

‘ઓ.કે. મિ. દીવાન, આજે સાંજના ૬.૦૫ કલાકે શ્રીમતી ગાંગુલીનું ખૂન થયું. ખૂન થયાના બરાબર અડધા કલાકે પોલીસ સ્ટેશન પર એક નનામો ફોન આવ્યો. ફોન કરનારે કહ્યું કે દીવાન પરિવારનો એક સભ્ય નિયમિતપણે આ મકાનની મુલાકાત લે છે...!’

વિક્રમ પોતાની જગ્યાએ જડવત્ ઊભો રહી ગયો.

‘ઓ.કે. ઈન્સ્પેક્ટર, માની લઈએ કે અમારામાંથી કોઈ એ મકાનની નિયમિત મુલાકાત લેતું હતું, બટ સો વ્હોટ? એનો અર્થ એ કે ખૂન એણે કર્યું?’ જગમોહન વિફર્યો હતો.

વિક્રમને આશ્ચર્ય થયું કે કોણ એ મકાનની મુલાકાત લે છે એ પૂછવાને બદલે પપ્પાએ ઈન્સ્પેક્ટર પર વળતો હુમલો કર્યો.

‘મિ. દીવાન, અમને ફોન કરનાર વ્યક્તિએ અમને ખાસ જણાવ્યું કે જગમોહન દીવાનના મોટા પુત્ર વિક્રમ દીવાન અવારનવાર એ મકાનમાં આવે છે અને એમની પૂછપરછ કરશો તો ખૂનીની ભાળ મળી જશે...’

***

ફોન મૂક્યા બાદ કુમાર ચક્રવર્તીના ચહેરા પર સંતોષની લાગણી છવાઈ હતી.

હવે મજા આવશે... કુમાર વિચારતો હતો. હવે પોલીસ ઈન્કવાયરી શરુ થશે અને વિક્રમ દીવાન પાર્ક સર્કસ તો શું પોતાના ઘરની બહાર મહિનાઓ સુધી નહીં નીકળે.

કુમાર મહિનાઓ બાદ આજે પહેલી વાર મુક્તમને હસી રહ્યો હતો

આજે સાંજના જ શ્યામલીનો ફોન હતો,

‘કુમાર, મારા નીચેના ફ્લેટમાં કોઈ એક મિસિસ ગાંગુલી નામની ઓલ્ડ લેડીનું મર્ડર થયું છે... મને ખૂબ ડર લાગે છે... તું અહીં આવી જાને...’

ત્યારે કુમારે એને સમજાવતાં કહ્યું હતું :

‘શ્યામલી, હાલમાં મારું ત્યાં આવવું ઉચિત નથી.મકાનમાં ચોતરફ પોલીસ હશે. દરેક ફ્લેટમાં જઈને એ લોકો પૂછપરછ કરશે. એ સંજોગોમાં મારી હાજરીથી એ લોકો વહેમાશે... હું કાલે આવવાની ટ્રાય કરીશ...’

કુમાર પોતાની પત્નીને સમજાવતો હતો.

‘ તો કુમાર, હું વિક્રમને બોલાવું?

શ્યામલીના શબ્દો સાંભળીને કુમારને ઝાળ લાગી ગઈ હતી :

શ્યામલીને સાચે જ વિક્રમ વિના નથી ચાલતું? કુમારને લાગ્યું કે વિક્રમ સાથેની દોસ્તી કામચલાઉ હોવી જોઈએ અને એ પણ નાણાકીય ભીડમાંથી બહાર નીકળવા પૂરતી જ પણ આ શ્યામલીએ આ સંબંધ કદાચ વધુ ગંભીરતાથી લીધો છે. ક્યાંક એવું તો નથીને કે શ્યામલી શ્રીમંત નબીરાના પ્રેમમાં પડી ગઈ છે...? કુમારના મનમાં શંકા ઘોળાતી હતી.

શ્યામલીનો ઉપયોગ કરીને કુમારને નાણાં જોઈતાં હતાં, પણ શ્યામલીના ભોગે તો નહીં જ...

એવું ન બને કે રુપિયા મળી જાય ને પણ શ્યામલીને ખોવી પડે?

કુમારે ત્યાર બાદ ગેસ્ટ હાઉસ બહારના પબ્લિક ફિન બુથમાંથી અલિપુર થાણામાં નંબર જોડીને બોલ્યો હતોઃ

‘પાર્ક સર્કસ મર્ડર કેસ વિશે મારે એક ઈન્ફોર્મેશન આપવી છે..! ’

***

‘દીવાનસર, તમે મારી મજબૂરી સમજી શકો છો. અમારા પર ફોન આવ્યો છે એટલે અમારે વિક્રમ દીવાનની પૂછપરછ કરવી જ પડશે.’ ઈન્સ્પેક્ટર પ્રમાણિક વિનમ્રતાથી સમજાવતો હતો.

‘પૂછપરછ તમે અહીં પણ કરી શકો છો...’ વિક્રમે કહ્યું . એને પપ્પાની ખામોશી ખટકી.

‘ના, મિ. દીવાન, હું અહીં ઈન્ટરોગેશન ન કરી શકું. મકાનનો ચોકીદાર, લિફ્ટમેન વગેરે થાણા પર આપણી રાહ જુએ છે. એ લોકો સમક્ષ તમારી ઓળખવિધિ થઈ જાય એટલે મારું કામ પત્યું... આ તો જસ્ટ ફોર્માલિટી છે...’

‘પણ, હું તમને થોડી વાર પહેલાં જ કહી ચૂક્યો છું કે હું એ મકાનમાં કોઈ દિવસ ગયો નથી... તો તમે મારો વિશ્વાસ કેમ નથી કરતા? પપ્પા, તમે કમિશનરને વાત કરીને... આ તો આપણું અપમાન છે...’

વિક્રમને પપ્પાનું મૌન સમજાતું નહોતું. એણે પપ્પા સામે જોયું, એની નજરમાં ડર, ગુસ્સો અને નારાજગીના મિશ્રિત ભાવ ડોકાતા હતા.

‘વિક્રમ, ઈન્સ્પેક્ટરની વાત ખોટી નથી,’ જગમોહને મૌન તોડ્યું :

‘જો મકાનના લિફ્ટમેન અને ચોકીદાર ત્યાં હોય તો તારે ત્યાં જવું જોઈએ. આમેય તું તો એ મકાનમાં કદી ગયો નથી તો ડર શા માટે?’

‘શું પપ્પા, તમે પણ ! પ્રશ્ન ડરનો નથી, દીવાન પરિવારના સમ્માન, ખાનદાનની ઈજ્જતનો સવાલ છે. દીવાન પરિવારના કોઈ વારસદારને પોલીસ સ્ટેશન પર લઈ જાય અને તમે તમાશો જોયા કરશો..? .’ વિક્રમના અવાજમાં કડવાશ છલકતી હતી.

‘શું તમે પણ તમારી જીદ પકડીને બેઠા છો નાના છોકરાની જેમ ?’ પ્રભાથી ન રહેવાયું :

‘તમે ધારો તો કમિશનર સાહેબ સાથે વાત કરીને તોડ કાઢી શકો છો... તો શા માટે નથી કરતા?’

‘પ્રભા ને વિક્રમ, તમે બન્ને વાત સમજવાની કોશિશ કરો દરેક વખતે આપણા અધિકારોનો ઉપયોગ કરવો યોગ્ય નથી અને આ તો અધિકારોનો દુરુપયોગ લેખાશે. એક સામાન્ય મર્ડર કેસ છે. વિક્રમે માત્ર થાણા પર જઈને પોલીસને સહકાર આપવાનો છે. બી અ ગુડ સિટીઝન, વિક્રમ...’

‘માય ફુટ ગુડ સિટીઝન...’ વિક્રમે પગ પછાડ્યો.

‘કાકુ’ અત્યાર સુધી ચૂપ રહેલી ગાયત્રી બોલી ઊઠી :

‘વિક્રમભાઈ જ્યારે કહે છે કે એ કદી એ મકાનમાં ગયા નથી તો આપણે એમનો વિશ્વાસ કરવો જોઈએ. હું એમ નથી કહેતી કે આપણે કોઈ ગેરકાયદેસર કામ કરીએ પણ ઈન્સ્પેક્ટર...’

ગાયત્રીએ ઈન્સ્પેક્ટર તરફ ફરીઃ


‘સર, પ્લીઝ ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ, દીવાન પરિવારના જ્યેષ્ઠ પુત્ર એક ખૂન કેસમાં થાણામાં જાય તો ટી.વી. અને છાપાવાળા વાતનું વતેસર કરી નાખે. કોઈ પણ ટ્રાયલ વિના મીડિયા વિક્રમભાઈને ખૂની જ જાહેર કરી દેશે... તો શું એ યોગ્ય ગણાશે? તમે તો તમારી રુટિન ઈન્કવાયરી કરીને છૂટી જશો, પણ અમારા કુટુંબને જે નુકસાન જશે એની ભરપાઈ કોણ કરશે?’

ઈન્સ્પેક્ટર પ્રમાણિક વિચારમાં પડી ગયો.

‘મિ. દીવાન, મેડમની વાતમાં તથ્ય છે. મીડિયાને તો દૂધમાંથી પોરા કાઢવાની આદત હોય જ છે. તમારા કુટુંબ પર કોઈ કાદવ ઉછાળે એ તો અમને પણ નહીં ગમે...’

‘જુઓ, તમને ઠીક લાગે તેમ કરો...’ જગમોહને કહ્યું.

‘ઓકે,સર હું હમણાં પાછો જાઉં છું.




અમારી રીતે અમે કેસમાં આગળ વધીએ છીએ. હું મારા સિનિયર સાથે વાત કરીશ. જરૂર લાગશે તો ચોકીદાર અને લિફ્ટમેનને અહીં લેતો આવીશ... એટલે તમારે કોઈને થાણા પર ન આવવું પડે... બાય... મિ. દીવાન, સોરી ફોર ધ ટ્રબલ...’

ઈન્સ્પેક્ટરની વિદાય પછી નારાજ વિક્રમ ખિજવાઈ ગયો :

‘પપ્પા, મેં તમારી પાસેથી આવી આશા નહોતી રાખી. આનો અર્થ એ થાય કે કાલે સવારના એ લોકો મને ખોટા મર્ડર કેસમાં ફાંસી લટકાવી દે તો તમે મને ન બચાવો, ખરું ને? ગાયત્રી, થેન્ક યુ વેરી મચ. તમારી મદદને હું યાદ રાખીશ.’ કહેતાં વિક્રમ ગુસ્સામાં લાંબા ડગ ભરતો હોલની બહાર નીકળી ગયો. પ્રભા પણ દીકરાની પાછળ મોઢું ફુલાવીને નીકળી ગઈ.

‘વાહ ક્યા ફિલ્મી સીન હૈ’ એવું બબડતા જતીનકુમાર અને રેવતી પણ નીકળી ગયાં.

‘સોરી, કાકુ, મારે કારણે બધાં તમારાથી નારાજ થઈ ગયા.’

જગમોહન ચૂપ રહ્યો. કરણથી બોલ્યા વિના ન રહેવાયુંઃ

‘ગાયત્રી, યુ આર સિમ્પલી ગ્રેટ... તારું મગજ બહુ જ શાર્પ છે...’

જગમોહન મનમાં ખુશ થતો હતો. ઘરનાં બધાં એનાથી નારાજ હતાં, પણ એ કોઈ નવી વાત નહોતી.પણ ઘરનાં બધાં ગાયત્રીને પસંદ કરવા લાગ્યાં હતાં અને એ નવી વાત હતી. જગમોહનને એ જ જોઈતું હતું.

***

‘શ્યામલી,’ વિક્રમ હજી ગુસ્સામાં હતો : મારે ઘરે પોલીસ આવી હતી.’

‘કેમ... વિક્રમ શું થયું? ’ શ્યામલી વિહ્વળ થઈ ઊઠી.’

‘તારા મકાનમાં કોઈ મિસિસ ગાંગુલીનું ખૂન થયું અને કોઈએ પોલીસને ફોન કરીને કહ્યું કે હું એ મકાનની અવારનવાર મુલાકાત લઉં છું. ફોન કરનારે ખાસ કહ્યું કે વિક્રમ દીવાનને પૂછપરછ કરવાથી ખૂનીનો પત્તો લાગી જશે.’

‘ઓહ માય ગોડ... કોણ હશે એ?’ શ્યામલી ચિંતામાં પડી ગઈ.

‘મને તો તારો પેલો નકલી પતિ લાગે છે...’

‘વિક્રમ, તું મને થોડો સમય આપ, હું એનો પતો લગાડીને જ જંપીશ...’ વિક્રમને ટાઢો પાડવા શ્યામલીએ કહ્યું .

વિક્રમે લાઈન કાપી નાખી , પણ શ્યામલીનું મગજ વિચારે ચડી ગયું હતું. એણે ફોન જોડ્યોઃ

‘કુમાર, મારે તારી સાથે એક વાત કરવી છે, હમણાં જ...’

***

વિક્રમને ખબર હતી કે આજે રાતના એને ઊંઘ નહીં આવે.

ઈન્સ્પેક્ટર હાલ પૂરતો તો ચાલ્યો ગયો, પણ જ્યારે ચોકીદાર અને લિફ્ટમેનને લઈને આવશે ત્યારે?

વિક્રમને લાગ્યું કે કોઈ એની પાછળ પડ્યું છે, જ્યારથી શ્યામલીએ એના જીવનમાં પ્રવેશ કર્યો છે ત્યારથી અણધારી આફતો પણ જીવનમાં દાખલ થઈ છે.

વિક્રમે બાજુમાં બેડ પર સૂતેલી પૂજા સામે જોયું. પૂજા આંખ ખુલ્લી રાખીને આડી પડી હતી. કદાચ કંઈક વિચારતી હતી.

‘પૂજા, શું વિચારે છે?’

‘પૂજા, શું વિચારે છે ? શું લાગે છે?’

‘વિક્રમ, તમે એ મકાનમાં રેગ્યુલર જાઓ છો એ મને ખબર છે...’ પૂજા બોલી.

‘હું ત્યાં જાઉં છું એટલે ? શા માટે હું ત્યાં જાઉં ? ?’ વિક્રમના પેટમાં ફાળ પડી.

‘એ નથી ખબર, પણ તમે પોલીસ સામે ખોટું બોલ્યા એ હકીકત છે...’ પૂજા નિર્લેપભાવે બોલતી હતી.

વિક્રમ ચૂપ રહ્યો.પૂજા સામે જોતો રહ્યોઃ

‘વિક્રમ...’ પૂજા અચાનક બેઠી થઈ ગઈઃ

‘વિક્રમ, મને લાગે છે કે આપણા ઘરમાં કંઈક બનવાનું છે... કદાચ કોઈ દુર્ઘટના!’

(ક્રમશ :)■

---

## ઔર યે મૌસમ હંસીં...

દેવલ શાસ્ત્રી

feedback@bombaysamachar.com

# લગ્ન જીવન ટકાવવા સ્લીપ ડિવોર્સ કેટલું જરૂરી?

આધુનિક સમયમાં પતિ-પત્ની બંને પોતપોતાની કારકિર્દી ઘડવા માટે સખત મહેનત કરતા હોય છે. બંનેમાંથી કોઈ એક વિદેશી કંપનીમાં કામ કરતા હોય તો ત્યાંના સમય મુજબ કામ કરવું પડે..

આ પરિસ્થિતિમાં એક જ રૂમમાં રહેવાથી બંનેના જોબ પર્ફોર્મન્સ પર અસર થવાની શક્યતા રહે છે. આજકાલ એક નવો ટ્રેન્ડ ચાલુ થયો છે, જેમાં પ્રેમનો સમયને છોડતા નોકરી-ધંધાના સમય મુજબ અલગ રહેવાનો છે. જો જોબનો સમય રાત્રિનો હોય તો અલગ રૂમમાં રહેવું પડે, જે આજેઃ ‘સ્લીપ ડિવોર્સ’ તરીકે ઓળખાય છે.

સ્લીપ ડિવોર્સ એ ફક્ત કામ કરતા દંપતીને લાગુ પડે એ જરૂરી નથી. આપણે ઘણાં દંપતી એવાં જોઈએ છીએ, જેમાં પતિ આખી રાત્રી દરમિયાન જોર જોરથી નસકોરાં બોલાવતો હોય. પુરુષને ઘસઘસાટ ઊંઘ આવે ત્યારે નસકોરાં બોલે તો જ એને સંતોષ થતો હોય છે. જાતજાતના અવાજ સાથે નસકોરાં બોલતા હોય અને એ માટે ટ્રિટમેન્ટ કરાવવા છતાં કોઈ ફેર પડે નહિ એ સંજોગોમાં દિવસ દરમિયાન



કામકાજથી થાકેલી સ્ત્રીએ શું કરવું જોઈએ? અલગ રૂમમાં સૂવા જવું જોઈએ. આ સૌથી સહેલું અને વ્યવહારુ સજેશન છે, આ પણ સ્લીપ ડિવોર્સ છે. આધુનિક સમયમાં દંપતીની વ્યસ્તતાઓ તથા અકલ્પનિય સમસ્યાઓમાં અમેરિકા જેવા દેશોમાં બંને માટે સ્વતંત્ર બેડરૂમની ડિમાન્ડ કોમન છે.

અમેરિકામાં થયેલા એક અભ્યાસ મુજબ અંદાજે પાંત્રીસ ટકા દંપતીઓ કાયમી અથવા જરૂર પડે ત્યારે અલગ રૂમમાં સૂવા માટે જાય છે. સરળ શબ્દોમાં કહીએ તો દર ત્રીજું દંપતી ત્યાં સ્લીપ ડિવોર્સી છે. અમેરિકામાં કેટલાંક દંપતીની સમસ્યા કદાચ ભારતીય દંપતીઓને પણ લાગુ પડતી હશે, પતિ નોકરી ધંધા માટે મુસાફરી કરતા રહે છે એ દરમિયાન હોટલની રૂમ તથા મુસાફરી વખતે પૂરતો આરામ મળે છે. સુખ સગવડ સાથે મુસાફરી કરતો પતિ ઘરે આવે છે ત્યારે એકદમ ફ્રેશ હોય છે, આ પતિ ઘરે આવીને સૂતો નથી અને અને થાકેલી પત્નીને સૂવા દેતો નથી. કુછ સમજે?

આપણી પરંપરામાં માનવામાં આવે છે કે પતિ-પત્ની દિવસ દરમિયાન મહેનત કરે, પરિશ્રમ કરે પણ બેડરૂમ તો એક જ હોવો જોઈએ. ચાલીસ વર્ષના લગ્નજીવનને અંતે બંને ક્યારેય અલગ સૂવાનું પસંદ કરી શકતાં નથી. મોટાભાગના દંપતીમાં પંખાની સ્પીડથી સમસ્યાઓનો પ્રારંભ થતો હોય છે. એકને પાંખો ફુલ સ્પીડમાં જોઈએ અને બીજાને સ્લોની આદત હોય છે. એડજસ્ટ કરતાં રહેવું-એકમેકને અનુકૂળ થતા રહેવું એ સફળ લગ્નજીવનની નિશાની છે એવા ભાર નીચે આપણે ત્યાં દંપતી વ્યક્તિગત સ્વતંત્રતા ભોગવી શકતાં નથી.

બીજી તરફ, સ્લીપ ડિવોર્સનો હેતુ દંપતી વચ્ચે સ્પષ્ટ હોય તો ક્યારેય વિવાદ થતો નથી. આમ છતાં, ઝગડો કરીને અલગ રૂમમાં રહે તો ભવિષ્યમાં ગંભીર સમસ્યા થઇ શકે છે. બંને સમજદાર હોય તો પ્રેમ કરવા અને સમસ્યા નિવારવા માટે સ્લીપ ડિવોર્સ સુખનો માર્ગ બની શકે.

આજકાલ સોશિયલ મીડિયાના યુગમાં પત્ની મોડે સુધી રીલ્સ જોતી રહે અને તેનો અવાજ પતિની ઊંઘમાં ડિસ્ટર્બ કરે છે. પતિને નોકરી-ધંધાનું કામ હોય અને રાત્રે લાઈટ ચાલુ રાખવી પડતી હોય તો પત્ની સૂઈ શકતી નથી. ક્યારેક બેમાંથી કોઈ એક પાત્રને મોડે સુધી વાંચવાની ટેવ હોય એ સંજોગોમાં ઘર્ષણ સિવાય કશું બચતું નથી. વાત ફક્ત શાંતિપૂર્વક સૂવાની હોય છે પણ વિવાદ થાય ત્યારે કહાં કી બાત કહાં તક પહુંચ જાતી હે, આ અનુભવ બધાને થયેલો હોય છે.

વિશ્વભરમાં થયેલા સંશોધન મુજબ પુરુષ આસાનીથી એકલા રહી શક્તો હોય છે, જ્યારે સ્ત્રીને એ જ ઘરમાં અલગ બેડરૂમમાં રહેવું પડે એ કષ્ટદાયક ગણીને બહુ પસંદ કરતી નથી. એક અભ્યાસ મુજબ એવું માનવામાં આવે છે કે જો બે રાત્રી સુધી સરખો આરામ ના મળે તો ત્રીજા દિવસે સ્વભાવ પર અસર થતી હોય છે પછી મનદુઃખ વધી જવાની સંભાવના રહે છે. આ સ્થિતિમાં દંપતીએ સાથે બેસીને નિર્ણય લેવો જોઈએ કે સ્લીપ ડિવોર્સ એ છૂટાછેડા નથી, પણ એને થતાં રોકવાનો માર્ગ બની શકે.

સ્લીપ ડિવોર્સ શબ્દ ભલે ભારેખમ લાગે પણ આપણી ફિલ્મોમાં વર્ષોથી દર્શાવવામાં આવતું હોય છે કે પતિ-પત્ની વચ્ચે અબોલા હોય અથવા નાછૂટકે સંબંધ બાંધવામાં આવ્યો હોય ત્યારે એક પાત્ર પથારીમાં સૂતું હોય છે અને બીજું પાત્ર ગાદલા નાખીને નીચે સૂતું હોય છે. ફિલ્મોમાં એક પાત્ર બાલ્કનીમાં સૂઈ જતું એ દ્રશ્ય આપણને સહજ લાગતું હતું. કદાચ એ વાત કલ્પના બહારની છે કે એક પથારીમાં સૂતાં દંપતી વચ્ચે વર્ષો પછી ચાદરથી શરૂ થઈને ઓશીકાથી માંડીને ઓઢવા સુધી ઝગડા થતાં હોય છે.

ઘસઘસાટ ઊંઘમાં પત્નીના વાળ પરેશાન કરે છે એવી ફરિયાદ મનોચિકિત્સક પાસે થાય છે. યુવાનીમાં પૂરતી ઊંઘ વગર વાંધો આવતો નથી, પણ કામધંધા વધતાં ચાલીસી પછી શરીરને આરામ જોઈતો હોય છે. જીવનના એ તબક્કામાં પૂરતો આરામ મળે નહિ ત્યારે એની અસર સ્વભાવ પર પડે છે અને મનદુઃખનો પ્રારંભ થાય છે.

જો દંપતી સમજદાર હોય તો સ્લીપ ડિવોર્સનો ફાયદો લઈને વ્યક્તિગત સ્વતંત્રતા ભોગવી શકે છે અને સર્જનાત્મક કાર્ય કરી શકે છે. દંપતી સારી રીતે આરામ કરી શકે તો દિવસ દરમિયાન વિવાદ થવાની સંભાવના ઘટે છે, લગ્નજીવન તંદુરસ્ત બને છે.

હા, એ અલગ વાત છે કે અલગ સૂવાથી બંને વચ્ચે આત્મીયતા ઘટવાની પૂરેપૂરી સંભાવના રહેલી છે. ઘણા ચિકિત્સકો સલાહ આપે છે કે શારીરિક આરામ જેટલો સમય અલગથી સૂઈ જાવ, પણ બેડરૂમથી જુદા કરશો નહિ. જો ચાર કલાક પૂરતી ઊંઘ જોઈએ તો એ સમય કાઢી લો પણ અલગ સૂવું એ સમસ્યાનું નિરાકરણ નથી. બાકી, ચોઈસ ઇઝ યોર્સ. ■

**ધ એન્ડ :**

*સફળ લગ્નજીવન માટે અસંખ્ય વાર પ્રેમમાં પડવું પડે છે અને એ પણ એક જ વ્યક્તિના (અજ્ઞાત)*

---

## તસવીરની આરપાર

____ભાટી એન.

feedback@bombaysamachar.com

# જગવિખ્યાત તરણેતર મેળાનો કલરફુલ તસવીરી ઈતિહાસ

''આજનાં ઉતારા જઈ તરણેતર કરશું જો, તરણેતરિયો મેળો. જોવાની જુગતિ.''

ચોમાસામાં ઓણ વચ્ચે ચાર દિવસ અનરાધાર વરસાદ થતા ને ફજેતફાળકામાં S.O.P. નાં કડક વલણના કારણે તરણેતરનો જગ વિખ્યાત મેળો ભરાશે કે નહીં...!? તરણેતર મેળાના ચાહકોના અતિ આગ્રહનાં કારણે તંત્રે પણ પોઝિટિવ વલણ રાખી બિન્દાસ ફજેતફાળકા, મોતનાં કૂવા, હુડકા સાથે મેળો પૂરબહારમાં ખીલેલ. આ માસમાં મેળાની મૌસમ છલકે છે...! હૃદયનુ ભૂતિ ને શાતા આપવા મેળાનું મનોરંજન જનગણમનને પાવનકારી બનાવી લોકપ્રીતિનો રસ નિયતિની અભિવ્યક્તિ થાય. મેળાની ધૂપસુગંધ જન સામાન્યમાં ઈશ્વરભક્તિ, પ્રેમભક્તિ, સંસ્કૃતિભક્તિ, વેશભૂષાભક્તિ, કર્તવ્ય પ્રેમનું ચેતોવિસ્તારમાં વલોણું થાય છે...! મેળાની રસતૃપ્તિ માનવીના અભિન્ન અંગમાં ટહુકા કરી લોકભાષાના ચરખામાં વણાટકામ થાય છે. શિથિલતા આવેલા ચારિત્ર્યમાં ઓજસ્વિતા, તેજસ્વિતાનાં પ્રકાશ પૂંજ પ્રજ્વલિત થાય છે...!



માનવીને ઉત્કર્ષતા હરખનાં મીઠા ઝરણાની વીરડીનું રસાનુભૂતિ, મંગલકારી સત્સંગ શિવભક્તિનું સંગમતીર્થ દ્દષ્ટિવંત દીસે છે.

ત્રિનેત્રેશ્વર મહાદેવ લોકભાષામાં બોલવું સુગમ પડે એટલે લોકબોલીમાં તરણેતરથી પ્રચલિત છે. તરણેતરનો મેળો જનસામાન્યનું પ્રતિનિધિત્વ કરે છે...! આ મેળો સપ્તરંગી મેઘધનુષ્ય ચીતરે છે. ''તરણેતરનો મેળો''શું પ્રેમભક્તિનો મેળો છે...!? ‘જી.હા...!’ આ મેળો યોવનના હિલોળે, જેઓ કોઈનો સાથ ઝંખે છે...! તેમાં પણ ચાર આંખ્યું ભેગી થાય. મરક મરક હસતા મસ્તીમાં લાગણીની છોળે ઝૂલતા ચાર... ચાર... દિવસ સુધી આ મેળામાં મહાલે છે. કાઠિયાવાડીની આ ભૂમિમાં રંગ વૈવિધ્યભર્યા વેશ પરિધાન અહીં નીરખવા મળે છે.! લોક સંસ્કૃતિનાં પ્રતીકસમાં લોક કળા અને લોકસાહિત્યનાં અહીં દર્શન થાય છે. તરણેતરનો આ વિશાળ લોકમેળો લોકજીવનને આનંદથી મઘમઘતું બનાવી સાધકોને આધ્યાત્મિક આનંદ આપે છે...!

### ચેમ્પિયન ઓફ ધ શૉ... સાનિયા નિલેષ માતમભાઈને ૧ લાખનો ચેક




ભૌતિકવાદીઓને સૌંદર્યાનું ભૂતિ કરાવી દૈહિક સુખ આપે છે.

આ મેળો ભક્તિ, શક્તિ અને સૌંદર્યનો ત્રિવેણીસંગમ છે. લોકઉર્મિની અભિવ્યક્તિનું સહિયારું સ્થાન છે. ભરવાડ, રબારી, કોળી કોમની સ્ત્રી-પુરુષોના રાસ, હુડોરાસ, ટિટોડો જેવાં લોકનૃત્યો આ મેળામાં હવે તો વિવિધ હરીફાઈ થાય છે, જેમાં વેશભૂષા, રાસ, ગરબા, પાવાની સંગાથે આ વખતે શ્રેષ્ઠ આખલા, ભેંસ, તેમ ગાયમાં શ્રેષ્ઠ ગાયને ઈનામો આપવામાં આવેલ. પ્રતિવર્ષ મુખ્ય મંત્રી આવે છે. પણ આ વખતે તેઓ ન આવતા મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ, મુળુભાઈ બેરાએ હાજરી મેળામાં આપી હતી. ને સાંસ્કૃતિક રાસ, હુડોરાસ થાનગઢની મંડળીએ રમઝટ બોલાવી હતી. આ વર્ષે મેળો નહીં ભરાય તેવી ચર્ચા હતી, પણ સુરેન્દ્રનગરનાં સાંસદે કલેક્ટરને કહી આ ઐતિહાસિક મેળો ગમેતે ભોગે ભરાવો જોઈએ આથી સરકારીતંત્ર ઓચિંતું બેઠું થઈ તરણેતરનો મેળો ભરાશે તેવી જાહેરાત કરતા ઝાલાવાડના લોકોમાં ખુશીની હેલી પ્રસરી ગઇ હતી.

તરણેતરનો મેળો ધાર્મિક દૃષ્ટિએ જોઈએ તો ભાદરવા સુદ પાંચમના દિવસે મંદિરના કુંડમાં ગંગાજી પ્રગટે છે. આથી પાંચમના દિવસે કુંડમાં સ્નાન કરવાનું માહાત્મ્ય અદ્કેરું છે. તરણેતરનું મંદિર કલાત્મકતા માટે પણ વિશ્વ વિખ્યાત છે. આ મંદિરમાં ઉત્તમોત્તમ મૂર્તિઓ, ફૂલવેલ, ફ્રીહેન્ડ ડિઝાઈન કાબિલે તારીફ છે. આ મંદિરમાં બારીક નકશીકામ મંદિરની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. ગુજરાતમાં આવાં કળાત્મક મંદિરો ખૂબ ઓછાં છે, તેમાનું એક ''ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિર'' છે. ''ઋષિપંચમી''ના દિવસે લખતર સ્ટેટની બાવનગજની કેશરી ધજા ચઢાવાનું મહત્ત્વ છે. તે દિવસે લખતરનો રાજવી પરિવાર રાજવી ઠાઠમાં આવે છે. માથે સાફો કલગી, તલવાર, સોનાનાં અલંકારને કલરફુલ રાજવી વેશભૂષામાં ઢોલ વગાડતા ધજાજીનું સ્વાગત કરવામાં આવેલ ત્યાર બાદ પૂજન અર્ચન રાજવી પરિવારના વરદ હસ્તે થયા બાદ બાવનગજની ધજા મંદિર પર ફરકાવામાં આવી આમ ૨૦૨૪ના મેળાની કલરફુલ તસવીરો સાથે મેળો માણીએ. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## સાહેબ, ખાડાઓ વચ્ચે આવતી સડક હટાવી લ્યો ને!



મુંબઈ જ નહીં, દેશના અનેક નાનાં - મોટાં શહેરમાં વરસાદ પછી સડક પર નાનકડા ટાપુ રચી દેતા ખાડાની જાણકારી હવે આંચકો નથી આપતી. વાત ક્યારેક એ હદે વણસી જાય છે કે 'શહેરમાં ખાડા છે કે ખાડાઓ વચ્ચે શહેર વસે છે' એની મૂંઝવણ થાય છે. માર્ગ મુસાફરીમાં પડતી મુસીબતો અંગે કરવામાં આવતી ફરિયાદ ક્યારેક બહેરા કાને અથડાય છે તો એક્શન લઈ એનું સમારકામ થવાના પણ દાખલા છે.

રાજસ્થાનના પાલી જિલ્લામાં સડકની દુર્દશાની વારંવાર કરવામાં આવેલી લેખિત ફરિયાદોનો કોઈ ફાયદો ન થયો ત્યારે એક ફળદ્રુપ દિમાગે એવા અંદાજમાં ફરિયાદ કરી કે વાંચીને પહેલા તો હસવું આવે, પણ એની ગંભીરતાનો ખ્યાલ આવતા 'યે ક્યા હો રહા હૈ' જેવા વિચાર જરૂર આવી જાય. જિલ્લા પ્રશાસનને લખવામાં આવેલા પત્રમાં વ્યથા ઠાલવવામાં આવી છે કે 'ખાબડ ખૂબડ રસ્તા પર ચાલવાથી હિમાલય ચડવા જેવું મુશ્કેલ સાહસ કરતા હોવાની લાગણી થઈ રહી છે. તકલીફ એક જ છે કે ખાડાથી બચતા - કૂદતાં આગળ વધતા વચ્ચે થોડા સપાટ રસ્તા આવી જાય છે. પરિણામે ઉપર-નીચે થવાની રોલર કોસ્ટર રાઈડની મજા બગડી જાય છે. નમ્ર નિવેદન છે કે ખાડાઓ વચ્ચે આવતી આ સપાટ સડક હટાવી લેશો તો અમારા આનંદમાં કોઈ વિક્ષેપ નહીં પડે. અમે ભરપૂર મજા માણી શકીશું.'

અક્ષરે અક્ષરે કટાક્ષ ટપકે છે એવી આ ચિઠ્ઠી વાઈરલ થઈ છે અને પ્રશાસનને પીગળાવી નાગરિક જીવન સરળ બનાવશે એવી આશા રાખવામાં આવી રહી છે.

## ભૂત શોધવાનું ભૂત



'ભૂત' શબ્દને માત્ર કપોળ કલ્પિત ભય સાથે જ નિસ્બત નથી, ભૂત ભરાવું એટલે ધૂન ચડવી એવો પણ અર્થ છે. યુકેના બસ ડ્રાઈવર કેન ઓલિવરની રઝળપાટ આ અર્થને ખરા અર્થમાં સાર્થક કરે છે.

વિજ્ઞાન ભૂતને નથી સ્વીકારતું અને એને કારણે ફેલાતી અંધશ્રદ્ધાના ચહેરાની ચીરફાડ કરી સત્ય રજૂ કરતા લોકો 'ઘોસ્ટ બસ્ટર' તરીકે ઓળખાય છે. કેન ઓલિવરને બસ નોકરીમાંથી આરામ મળે છે એનો ઘણો ઉપયોગ 'ભૂત શોધવા' માટે વ્યતીત કરી 'ઘોસ્ટ બસ્ટર'ની જવાબદારી નિભાવે છે. ૪૦ વર્ષનો કેન અત્યાર સુધીમાં એવા ૫૦ 'ભૂતિયા' અને ત્યજી દેવાયેલાં સ્થળે ફરી વળ્યો, જ્યાંફરકતા માણસના પડછાયાને પણ પરસેવો વળી જાય. ઘર હોય કે ગુફા, ખાણ હોય કે કબ્રસ્તાન, કેન ઓલિવર ત્યાં પહોંચી જાય છે અને એની આસપાસ વીંટળાયેલી કપોળકલ્પિત માન્યતા તોડી ફોડી સત્ય રજૂ કરે છે. વાત સારી છે અને આવું ભૂત અનેક લોકોને ભરાય તો ભૂતનો કલ્પિત ભય ભાગી જાય એ બહુ ઊંચી સમાજસેવા જ ગણાય.

## કાકડીના કમઠાણ તમે શું જાણો, ગાજર બાબુ!



લોકસાહિત્યમાં આરોગ્યની જાણકારી આપતી કહેવત છે કે 'કુણી કુણી કાકડી ને ભાદરવાની છાશ, તાવ સંદેશો મોકલે કે આજ આવું કે કાલ?'

અલબત્ત, કાકડી આરોગવાના અનેક ફાયદા પણ છે. જોકે, કેનેડાના વિડિયો ક્રિયેટરની કાકડીનું સેલડ બનાવવાની રેસિપીએ સોશિયલ મીડિયામાં એવી ધૂમ મચાવી છે કે યુરોપના આઇસલેન્ડ નામના દેશમાં કાકડીની ઊભી થયેલી અછત માટે કાકડી કુમાર લોગન મોફિટને જવાબદાર ઠેરવવામાં આવ્યો છે.

૬૦ લાખ ફોલોઅર્સ ધરાવતા મિસ્ટર મોફિટે જુલાઈ મહિનામાં ક્યૂક્યુમ્બર (કાકડીનું અંગ્રેજી નામ) સેલડ બનાવવાના વિડિયો અપલોડ કરવાના શરૂ કર્યા. એમાં ભાઈસાહેબ કાકડીની સ્લાઈસ કેવી રીતે કરવી, એમાં શું શું કેટલી માત્રામાં ઉમેરવું એ દેખાડે છે અને પછી કન્ટેનર બંધ કરી જોરથી સરસ રીતે શેક કરી સેલડનો પહેલો પીસ પોતે ખાઈ પછી એવી રીતે બાય બાય કરે છે કે અનેક લોકોને 'કાકડીના કાવાદાવા' કરવાનું મન થાય છે. વળી, સેલડની વરાયટી પણ આપે છે. જનતાને એવું ઘેલું લાગ્યું છે કે આઈસલેન્ડના ખેડૂતોના એસોસિયેશને કાકડીની અછત ઊભી થઈ હોવાની અને ખેડૂતો સટાસટ વધુ રહેલી માંગણીને પહોંચી વળવા અસમર્થ હોવાની કબૂલાત કરે છે.

એક કાકડીના કમઠાણ તમે શું જાણો, ગાજર બાબુ!

## દેખાવમાં પાણો, તોળવામાં સોનું



'સૌરાષ્ટ્રનું માણહ પથ્થરમાંથી પાણી કાઢે એવી એ ધરતીની તાકાત' એવી ઉક્તિ એક સમયે અત્યંત લોકપ્રિય હતી. અલબત્ત, હવે નથી રહ્યું એ સૌરાષ્ટ્ર કે નથી રહ્યું એવું માણહ. જોકે, જેને પાણા જેવો તુચ્છ સમજ્યો હતો એ હકીકતમાં પારસ જેવો અતિ મૂલ્યવાન નીકળ્યો હોવાનો પ્રસંગ યુરોપમાં બન્યો છે.

વાત એમ છે કે રોમાનિયામાં રહેતી એક મહિલાએ બારણું અટકાવી રાખવા સાત પાઉન્ડ (આશરે ૭૨૫ રૂપિયા) ખર્ચી પાણા જેવો એક નાનકડો રોક ડોરસ્ટોપ તરીકે વાપરવા માટે ખરીદ્યો હતો. મહિલાના અવસાન પછી એ ઘર સંબંધીના ભાગે આવ્યું અને ઘરની ચકાસણી કરતી વખતે સંબંધીને એ ડોરસ્ટોપ મૂલ્ય ધરાવતું હોય એવું લાગ્યું અને તેણે એ વેચી પૈસા ઉપજાવ્યા. ફરતો ફરતો એ પાણો (ડોરસ્ટોપ) પોલેન્ડના મ્યુઝિયમમાં પહોંચ્યો. અભ્યાસુ લોકોના પરીક્ષણમાં ખબર પડી કે દેખાવમાં પાણો લાગતો ડોરસ્ટોપ તો મૂલ્યવાન એમ્બર સ્ટોન છે. પાંચ કરોડ વર્ષ જૂનો માનવામાં આવતા આ 'પાણા'ની કિંમત ૧૧ લાખ ડોલર (આશરે ૯ કરોડ રૂપિયા) અંદાજવામાં આવી છે.

કરોડો વર્ષો પહેલાં નાનકડા જીવજંતુ આ પાણામાં ફસાઈ જતા અને પરિણામે એનું અશ્મિ સ્વરૂપમાં મૂલ્ય અનેકગણું વધી ગયું. વૈજ્ઞાનિક સંશોધનમાં એ ખૂબ મદદરૂપ થવાનો છે. મજાની વાત તો એ છે કે ચોરલોકો વાર તહેવારે આ ઘરમાં ખાતર પાડી સોનાના આભૂષણો ચોરી ગયા, પણ નજર સામેના કુબેરનો ખજાનો ન ઓળખી શક્યા. જેવા જેના નસીબ.

## ફરતા ફરતા ક્યારેક ફેર ચડી જાય



ક્રિસ્ટોફર કોલંબસ, વાસ્કો દ ગામા કે ઈબ્ન બતૂતા પ્રવાસ જગતના ધૂરંધર ગણાય છે. પ્રવાસ દરમિયાન અનેક પ્રકારની મુશ્કેલી - વિટંબણાનો સામનો કરવો પડે છે. ઉમાશંકર જોશીની 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા'ના રટણ સાથે ફરવા નીકળતા સફર ખેડૂઓનો મિજાજ અલગ જ હોય છે. આવા મિજાજના અમેરિકન ટ્રાવેલર ઈન્ડી નેલસન આ પારથી પેલે પાર ને પેલે પારથી આગળ ને આગળ ઘૂમવામાં પાસપોર્ટ રિન્યુઅલ, આઈડી વેરિફિકેશન, ભાષા નઆવડે જેવી વિવિધ અડચણોનોસામનો કરવો પડ્યો હોય એ સ્વાભાવિક છે.

જોકે, ઉત્તર કોરિયા સુધી જઈ આવેલા નેલસનને કેટલાક દેશમાં તો જાસૂસીના આરોપસર ચાર વખત અટકાયતમાં રાખવામાં આવ્યો હતો. આ બધો ત્રાસ હસતા મોઢે એણે સહન કરી લીધો છે અને આજની તારીખમાં સૌથી વધુ (૧૭૦) એરલાઇન્સમાં મુસાફરી કરવાનોઃ 'ગિનેસ વર્લ્ડ રેકોર્ડ્સ' એના નામ સાથે નોંધાય ગયો છે. અગાઉનો વિશ્વ વિક્રમ જાપાનના રુજી ફુરુષો (૧૫૬ એરલાઇન્સ)ના નામે હતો. પહેલી વાર શંકાને આધારે અટકમાં લેવામાં આવ્યો ત્યારે નેલસન 'હવે આમાંથી બચવું મુશ્કેલ' માની બેઠો હતો. જોકે, ચોથી વાર એવું થયા પછી 'ઇટ્સ ઓકે' જેવી લાગણી થાય છે.

## લ્યો કરો વાત!

*માનવ શરીરના પ્રત્યેક અંગની પોતપોતાની ખાસિયત છે. દરેક વ્યક્તિ પોતાની આવડત અનુસાર એની પાસે કામ લેતી હોય છે. બે હાથનો ઉદ્યમ સ્વાશ્રયી બનાવી શકે છે તો આ જ બે હાથ યાચક બનાવી ભિક્ષા પણ મંગાવી શકે છે. સવાલ દાનતનો છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા એક વિડિયોમાં ૫૫ વર્ષની એક મહિલા દિવસ દરમિયાન બે હાથથી ઘરનું બધું કામ આટોપી સંધ્યા ટાણે રિક્ષા ચલાવી અર્થ ઉપાર્જન કરે છે. બે હાથ પ્રભુ ભક્તિમાં જોડવાને બદલે રિક્ષા ચલાવે છે. એ કહે છે : 'કારણ કે પુત્ર નથી મદદ કરતો કે નથી કોઈ કામધંધો કરતો. બે ટંક ભોજન માટે બે હાથ ફેલાવી ભીખ માંગવા કરતાં બહેતર છે કે કશુંક કામ કરું.'* ■

---

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# સમાધાન વત્તા સહયોગમાં સમાયું છે સૌનું સુખ

### પ્રશંસા તથા પ્રોત્સાહન વ્યક્તિને આગળ વધારનારું પ્રેરક બળ છે



**સંસારમાં** નિર્દોષ વ્યક્તિઓની સંખ્યા બહુ ઓછી છે.જો કોઈ માણસમાં દસ ગુણની સરખામણીમાં બે ચાર દોષ હોય તો ચલાવી લેવું જોઈએ,નહીં તો આજકાલનું સામાજિક-આર્થિક-રાજનૈતિક વાતાવરણ જ એવું અસ્વાભાવિક બની ગયું છે કે એના પરિણામે લોકોમાં જાતજાતના દુર્ગુણ ને દોષ સહજ રીતે જ ઉત્પન્ન થઈ જાય છે.એ પરિસ્થિતિમાં સુધારા અને સહયોગની અપેક્ષા રાખનાર સમાધાનની ભાવનાથી કામ લેવાનું જાણતા હોય અને સફળ થવું હોય તો લોકોની નિર્બળતા અને ત્રુટિઓ માફ કરવી જ પડશે-બધાની સાથે સહૃદયતાથી વર્તવું પડશે. એથી એ આપણા મિત્રો બની રહે પછી ધીમે ધીમે આપણી વાતો પર ધ્યાન દઈને પોતાની જાતની સુધારણા કરવા માટે સમર્થ બની શકે.

બધાની બુદ્ધિ એકસરખી હોતી નથી.આત્મ પરીક્ષણની ક્ષમતા બધામાં હોતી નથી. આ દુનિયામાં અડધા પાગલ છે. અડધા ગાંડા ન પણ હોય તોય એટલું તો નક્કી જ છે કે આત્મ-પરીક્ષણની અને વસ્તુસ્થિતિ સમજવાની યોગ્યતા બહુ ઓછા લોકોમાં હોય છે. એ ભાવાવેશ, તરંગો અને સ્વતંત્ર ધારણા અનુસાર પોતપોતાના મત પ્રમાણે વર્તે છે. એમાં વિચારશીલતાનું નહીં , પણ અંધ વિશ્વાસ વધુ જોવા મળે છે. જ્યાં વિચારશીલતાની પ્રધાનતા છે, ત્યાં ભૂલ સમજીને એનો સ્વીકાર કરવાની ક્ષમતા હશે, પરંતુ એવા ભાગ્યશાળી લોકો આ ધરતી પર માત્ર આંગળીને વેઢે ગણાય એટલા જ છે. મોટા ભાગના તો અસંસ્કૃત માનસથી જ ભરેલા જોવા મળે છે. આપણે કામ એવા લોકો પાસેથી જ લેવાનું છે. આથી જો એવી નીતિ-રીતિ સાથે કુશળતા ન દાખવીએ તો સારાં પરિણામોની આશા રાખી શકાય નહીં.

જ્યારે તમારે કોઇ વ્યક્તિને એની ભૂલ બતાવવી હોય તો પહેલા એની સામે સહાનુભૂતિ પ્રગટ કરો. આંટીઘૂંટીવાળી પરિસ્થિતિને કારણે એમ કરવા મજબૂર બનવું પડ્યું હશે એમ કહી સાંત્વન આપો.જો એણે જાણી જોઈને પણ ભૂલ કરી હોય તો પણ બધાની વચ્ચે અપમાનિત કરવું બરાબર નથી, કારણ કે પોતે અપરાધી સાબિત ન થાય એટલા માટે ભૂલને ભૂલ સાબિત થવા જ નહીં દે. ઊલટું દુરાગ્રહપૂર્વક એનું સમર્થન કરશે. તમે કોઈને ચૂપ કરી શકો, પરંતુ તેનાથી એ તમારી વાત માનવા મજબૂર થશે નહીં. ઊલટું એ પોતાના અપમાનનો બદલો લેવા માટે તત્પર રહેશે.

જ્યારે કોઈ વ્યક્તિ ભૂલ કરે ત્યારે એણે મજબૂર થઈને અથવા તો દબાણવશ કે અન્ય કોઈ કારણસર એમ કરવું પડ્યું હશે એમ કહીને ભૂલનો એકરાર કરાવવો સરળ થઈ પડે છે.આપણે એની ભૂલ બતાવીને પોતાને બુદ્ધિશાળી સાબિત કરીએ છીએ એવી શંકા પણ એના મનમાં ઉદ્ભવવા દેવી જોઈએ નહીં.જે પ્રકારની ભૂલ એ માણસે કરી છે એવી ભૂલ બીજા પણ કરે છે કે કરી ચૂક્યા છે એવાં ઉદાહરણ આપવાથી એ ભૂલ સ્વીકારવામાં આનાકાની નહીં કરે.જો તમારા પોતાનાથી કોઈ એવી ભૂલ થઈ હોય તો એ ઉદાહરણ પણ આપી શકાય અને એને નિશ્ચિત કરી શકાય કે એને નીચા દેખાડવા માટે વાત કહેવામાં આવતી નથી.આવી ચર્ચા બધા લોકોની વચ્ચે કરવા કરતાં એકાંતમાં જ કરવી, કારણ કે ત્યાં એને પ્રતિષ્ઠા ઘટવાની બીક નથી હોતી તેથી સત્ય સુધી પહોંચવાનો આપણો માર્ગ પણ સરળ બની જાય છે.

જેણે ભૂલ કરી હોય એને જાહેરમાં અપરાધી કે પાપી કહેવો હાનિકર્તા છે,કારણ કે એનાથી એની તામસી પ્રકૃતિને પ્રોત્સાહન મળશે.જ્યારે કોઈને અપરાધી-પાપી-દુષ્ટ -મૂર્ખ કે નાલાયક સાબિત કરવામાં આવે તો શક્ય છે કે એને પોતાના સદ્ગુણો અને સાત્વિક પ્રકૃતિ ઉપરથી વિશ્વાસ ઊઠી જાય પછી નિર્લજ્જ બનીને દુર્ગુણી લોકોની પંક્તિમાં જઈને ઊભો રહે અને નીચતાભર્યાં કાર્ય કરવા લાગે તેથી કોઈએ ગુનો કર્યો હોય તો એને ભૂલના નામે ઓળખવો જ હિતકારક છે. આથી 'પાપી' કે 'અપરાધી' જેવો હલકો શબ્દપ્રયોગ ટાળીને ભૂલને સુધારવાનું સરળ બનાવીએ.

સામાજિક જીવનમાં સૈનિકની જેમ નહીં, પણ સહયોગ અને ભાઈચારાના આધારે જ વાત કરવી જોઈએ.એમાં હુકમ આપવાની પદ્ધતિ સફળ થઈ શકતી નથી.પગાર લેનાર નોકર પણ ઈચ્છે છે કે એને કોઈ મશીન માનવામાં ન આવે.જે કાર્યમાં પોતાની ઈચ્છા ન હોય - મન ન હોય- જે કામમાં મમત્વ ન ભળ્યું હોય તો પછી એ કામમાં વેઠ જ ઉતારતા હોય એમ જ કરવામાં આવે છે. હુકમ કરવામાં આવે ત્યારે એની વિરુદ્ધ મનમાં વિદ્રોહની ઈચ્છા ઉઠયા કરે છે. તમે જોયું હશે કે નાનાં બાળકો પણ હુકમ સાંભળવાનું પસંદ નથી કરતા. એને અપરાધીની જેમ આજ્ઞાપાલન માટે મજબૂર કરવામાં આવે એ જરા પણ ગમતું નથી હોતું. વિશ્વમાં આજકાલ સ્વતંત્રતાની તીવ્ર માગ છે.સ્વતંત્રતા માટે માનવ જાતિ તીવ્ર સંઘર્ષ કરી રહી છે.મોટાં મોટાં બલિદાન આપી રહી છે. અધ્યાત્મવાદી પણ મુક્તિ ઈચ્છે છે. મુક્તિ કે સ્વતંત્રતા એક જ વસ્તુનાં બે નામ છે.

કોઈ કાર્ય કરાવવા માટે તીવ્ર ઈચ્છા જગાડવી અને એ તરફ આકર્ષિત કરવો એ સૌથી પ્રભાવશાળી રીત છે. અમુક કાર્ય સારું છે-અમુક ખોટું છે-અમુક પાપ છે કે પુણ્ય છે એટલું કહી દેવા માત્રથી કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી. એમને ભય- હાનિ કે અનિષ્ટ ઉત્પન્ન થવાની આશંકા છે એમ સારી રીતે સમજાવીને એને કુકર્મોમા કરતા અટકાવી શકાય છે અને હા, જેમની ચેતના હજુ નિર્બળ છે એમના ઉપર લોભ અને ભય દ્વારા જ પ્રભાવ પાડવો સંભવ છે.પશુને ઘાસ બતાવીને કે લાઠીનો ભય બતાવીને જ ક્યાંક લઈ જઈ શકાય છે.અલ્પ વિવેકવાળા લોકો સાથે પણ ઉત્તમ કે ઉચિત માર્ગે લઈ જવા માટે આ સાધનનો ઉપયોગ સાર્થક નીવડે છે. ■

---

પ્રાસંગિક__
અમૂલ દવે
feedback@bombaysamachar.com

# વાવો તેવું લણો... ભારતમાં આતંકવાદ ફેલાવનાર પાકિસ્તાનને હવે ભંગાણનો ભય




**પાકિસ્તાનની** આર્થિક હાલત તો બદતર છે, પરંતુ રાજકીય સ્થિતિ પણ ઝડપથી વણસી રહી છે. સામાન્ય ચૂંટણીમાં તો આમીરએ ગોલમાલ અને ગેરરીતિ અજમાવીને જેલમાં ધકેલેલા ઈમરાન ખાનને સત્તાથી વિમુખ રાખ્યા છે, પરંતુ હાલની શહબાઝ શરીફ સરકારની હાથમાંથી બાજી સરકતી જાય છે. પાકિસ્તાનમાં એક સાંધે અને એકસો તેર તૂટે એવી હાલત છે. પડોશી દેશો ભારત- ઈરાન અને અફઘાનિસ્તાન સાથેના સંબંધમાં ખટાશ છે તો પીઓકે (પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર , પાકિસ્તાનના તાબા હેઠળના કાશ્મીર), બલુચિસ્તાન અને સિંધમાં ઉકળતો ચરુ છે. બલુચિસ્તાનમાં મામલો બીચક્યો છે. બલુચિસ્તાનમાં આતંકવાદ વકરી રહ્યો છે. બલુચિસ્તાનમાં તાજેતરનાં વર્ષનો સૌથી મોટો આતંકવાદી હુમલો થયો છે. જે રીતે પંજાબીઓને બસમાંથી ઊતરીને વીણી વીણીને મારી નાખ્યા એ સૂચવે છે કે આ તો એક પ્રકારનો નરસંહાર હતો. આમાં ૩૮ લોકોએ જાન ગુમાવ્યા છે , જેમાં ૧૪ સૈનિક અને પોલીસનો પણ સમાવેશ થતો હતો.

અલગ દેશની માગણી કરી રહેલા 'બલુચ લિબરેશન આર્મી' ('બીએલએ')નો આ હુમલા પાછળ હાથ છે. આ સંગઠને ચીની પ્રોજેક્ટ્સને નિશાન બનાવ્યું છે. પાકિસ્તાન જે સીમાપારથી ઘૂસણખોરી કરાવીને ભારતમાં આતંકવાદની નિકાસ કરતું હતું એને હવે હાથના કર્યા હૈયે વાગી રહ્યા છે... જેવું વાવો તેવું લણો. કબીરજીએ વર્ણવેલી કાવ્ય પંક્તિ છેઃ 'કરતા થા સો ક્યોં કિયા, અબ કર ક્યોં પછતાય. બોયા પેડ બબૂલ કા, આમ કહાઁ સે ખાય' એટલે કે બાવળિયો ઉછેર્યો હોય અને પછી એના છાંયડે બેઠા બેઠા આને કેરી આવે એવું ઈચ્છો તો આવે કેવી રીતે?

પાકિસ્તાન પોતાના ઈતિહાસ અને ભૂલોમાંથી પાઠ શીખતું નથી. ધર્મના આધારે વિભાજન કરવાની માગણી વડે પાકિસ્તાન તો મેળવ્યું, પરંતુ પૂર્વ બંગાળમાં ભાષાનો સવાલ ઊભો થયો. પંજાબીની દાદાગીરી અને ઈજારાશાહી સામે પૂર્વ બંગાળના લોકોએ બંડ પોકાર્યું અને બાંગ્લાદેશનો જન્મ થયો. દેશના બે ટુકડા થઈ ગયા હોવા છતાં તેમાંથી બોધપાઠ ન લઈને કાશ્મીરીઓ, લઘુમતીઓ સિંધીઓ અને બલુચી લોકોના અધિકારોને કચડીને પંજાબીઓએ પોતાની સર્વોપરિતા સ્થાપી છે. પાકિસ્તાની લશ્કરમાં અને રાજનીતિમાં પંજાબીઓની બોલબાલા છે. આ જ કારણ છે કે લેટેસ્ટ ટેરર અટેકમાં પંજાબીઓને જ મારી નાખવામાં આવ્યા છે. પાકિસ્તાને બલુચીની સમસ્યાને લશ્કરના દમન દ્વારા ડામવાનો વિફળ પ્રયાસ કર્યો છે. પાકિસ્તાનનું લશ્કર હવે બેકફૂટ પર છે. પાકિસ્તાન બલુચિસ્તાનની સમસ્યા માટે ભારતને જવાબદાર ગણાવે છે.

બલૂચિસ્તાનમાં અનેક ચીની પ્રકલ્પો ચાલે છે, જેમાં એક વ્યૂહાત્મક બંદર અને સોના અને તાંબાની ખાણનો સમાવેશ થાય છે. 'બલુચ લિબરેશન આર્મી' એક સ્વતંત્ર રાષ્ટ્રની માગણી કરે છે. છેલ્લા તાજા હુમલાની જવાબદારી આ સંગઠને લીધે છે, જે આને : 'હરૂફ' એટલે કે 'તેજ અંધેરી આંધી' કહે છે.

હુમલા માટે જે દિવસ પસંદ કરવામાં આવ્યો એ પણ ઉલ્લેખનીય છે. ૨૬ ઓગસ્ટે બલૂચ રાષ્ટ્રવાદી નેતા અકબર બુગતીની પુણ્યતિથિ હતી. બુગતીને ૨૦૦૬માં પાકિસ્તાની સુરક્ષા દળોએ મારી નાખ્યો હતો. પંજાબીઓને ટાર્ગેટ કિલિંગમાં એમની હત્યા થઈ હતી. પાકિસ્તાનમાં ૨૦૨૩માં ૫૨૭ અને ૨૦૨૪માં અત્યાર સુધી ૪૧૬ આતંકવાદી ઘટના નોંધાઈ છે.

બલૂચિસ્તાનની રાજધાની મુસાખેલ ક્વેટાથી ૪૫૦ કિલોમીટર ઈશાને છે. બંડખોરો નિયમિત રીતે પંજાબીને નિશાન બનાવે છે. લશ્કરમાં પંજાબીઓની બહુમતી છે અને એ જ લોકો બલુચી બંડખોર સામે લડે છે.

'બીએલએ' એક એવો સ્વતંત્ર દેશ ઈચ્છે છે જે પાકિસ્તાન, ઈરાન અને અફઘાનિસ્તાનના અમુક વિસ્તારોને જોડીને બનાવવામાં આવે. તેને તાલિબાનનું સમર્થન પ્રાપ્ત છે. તાલિબાને નવેમ્બર ૨૦૨૨માં સરકારની જોડેનો યુદ્ધવિરામ પાછો ખેંચી લીધો અને પોતાના લડવૈયાઓને પાકિસ્તાન આર્મી પર હુમલો કરવાનો આદેશ આપ્યો.

આ બધા વચ્ચે, ઈરાન અને પાકિસ્તાન વચ્ચે ખાટા સંબંધોએ પાકિસ્તાનની અસુરક્ષા અને અસ્થિરતા વધારી દીધી છે. બન્ને વચ્ચે ૯૦૦ કિલોમીટર લાંબી સરહદ છે, જ્યાં તસ્કર અને લડવૈયાઓ મુક્ત રીતે ફરે છે. આતંકવાદીઓનો ત્રાસ બંને દેશને છે. આતંકવાદી માટે બન્ને દેશ એકમેક પર દોષારોપણ કરે છે.

'બીએલએ' અલગ વિસ્તારોથી લડાયકોને ભેગા કરવામાં સફળ રહ્યું છે. તેની પાસે ૩૦૦૦ લડવૈયા છે. તેમનો મુખ્ય ઈરાદો બહારના લોકોને રાજ્યમાં આવતા રોકવાનો છે. ચીનના પ્રોજેક્ટે પણ અહીં અશાંતિ ઊભી કરી છે. સ્થાનિક લોકો માને છે કે ચીન અમારા બલુચિસ્તાનના કુદરતી સાધનોનું શોષણ અને દોહન કરવા માગે છે. પાકિસ્તાનમાં હજારો ચીની કામદારો કામ કરી રહ્યા છે. આમાંના મોટાભાગના ચીનના ૬૦ અબજ ડૉલરના બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટિવમાં સામેલ છે.

બલુચિસ્તાનનું કદ દેશના ૪૦ ટકા જેટલું છે, પરંતુ તેની ઈકોનોમી દેશની ઈકોનોમીની છ ટકા જ છે. બલુચિસ્તાનમાં આઝાદીની ચળવળ પાકિસ્તાનની સ્વતંત્રતા એટલી જૂની છે. પાકિસ્તાન આ સમસ્યાને લશ્કરની મદદથી નહીં, પરંતુ રાજકીય રીતે જ ઉકેલી શકશે. પાકિસ્તાને બલુચિસ્તાનના લોકોનો રાજકીય સહભાગ વધારવો પડશે. રાજ્યના કુદરતી સંસાધનોમાં સરખો હિસ્સો આપવો પડશે. બલૂચના લોકોની અસ્મિતા અને સંસ્કૃતિ જળવાઈ રહેશે એવી ગેરંટી આપવી પડશે.

બીજી તરફ, પાકિસ્તાન આતંકવાદ માટે ભારત કે ઈરાનને દોષ આપીને કશું મેળવી નહીં શકે. પાકિસ્તાને સમજવું જોઈએ કે અફઘાન તાલિબાનના પુનરાગમન બાદ પખ્તુનવા અને બલુચિસ્તાનમાં હુમલા વધી ગયા છે. પાકિસ્તાને પંજાબ સિવાયના બીજા પ્રાંતો સાથે કરતો ભેદભાવ દૂર કરવો પડશે. જો એવું નહીં કરે તો ફરી એક વાર તેનું વિભાજન થાય એવું જોખમ છે. ■

# પેરાલિમ્પિકના મેડલ વિજેતા ખેલાડીઓ માટે ઈનામની જાહેરાત, ગોલ્ડ જીતનાર ખેલાડીઓને મળશે ૭૫ લાખ

નવી દિલ્હીઃ કેન્દ્રિય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ મંગળવારે તાજેતરમાં પૂર્ણ થયેલી પેરિસ પેરાલિમ્પિક ગેમ્સમાં મેડલ જીતનાર ભારતીય ખેલાડીઓ માટે રોકડ ઇનામની જાહેરાત કરી હતી, જેમાં ગોલ્ડ મેડલ વિજેતાઓને ૭૫ લાખ રૂપિયા, સિલ્વર મેડલ વિજેતાઓને ૫૦ લાખ રૂપિયા અને બ્રોન્ઝ મેડલ વિજેતાઓને ૩૦ લાખ રૂપિયા આપવામાં આવશે. તીરંદાજ શીતલ દેવી જેવા મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં મેડલ જીતનાર ખેલાડીઓને ૨૨.૫ લાખ રૂપિયા આપવામાં આવશે. રમતગમત મંત્રીએ અહીં મેડલ વિજેતાઓને સન્માનિત કરવા માટે આયોજિત એક ભવ્ય કાર્યક્રમમાં આ જાહેરાત કરી હતી. માંડવીયાએ ૨૦૨૮ લોસ એન્જલસ પેરાલિમ્પિકમાં વધુ મેડલ જીતવા માટે પેરા એથ્લેટ્સને સંપૂર્ણ સમર્થન અને સુવિધાઓ આપવાનું વચન પણ આપ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, દેશ પેરાલિમ્પિક અને પેરા સ્પોર્ટ્સમાં આગળ વધી રહ્યો છે. ૨૦૧૬માં ૪ મેડલમાંથી ભારતે ટોક્યોમાં ૧૯ મેડલ, પેરિસમાં ૨૯ મેડલ જીત્યા અને ૧૮મું સ્થાન મેળવ્યું છે.. ''અમે અમારા તમામ પેરા એથ્લેટ્સને તમામ સુવિધાઓ પૂરી પાડીશું જેથી કરીને આપણે ૨૦૨૮ લોસ એન્જલસ પેરાલિમ્પિકમાં વધુ મેડલ અને ગોલ્ડ મેડલ જીતી શકીએ. ભારતે પેરિસ પેરાલિમ્પિકમાં સાત ગોલ્ડ, નવ સિલ્વર અને ૧૩ બ્રોન્ઝ મેડલ સહિત ૨૯ મેડલ સાથે તેના ઐતિહાસિક અભિયાનનું સમાપન કર્યું હતું, જે સ્પર્ધાના ઇતિહાસમાં દેશનું શ્રેષ્ઠ પ્રદર્શન છે. તેના શાનદાર પ્રદર્શનથી ભારતે પેરાલિમ્પિક ગેમ્સના ઈતિહાસમાં ૫૦ મેડલનો આંકડો પણ પાર કર્યો હતો. ■

# પેરાલિમ્પિકના મેડલ વિજેતા ખેલાડીઓ ભારત પરત ફર્યા, દિલ્હી એરપોર્ટ પર કરાયું ભવ્ય સ્વાગત

નવી દિલ્હીઃ પેરિસમાં તાજેતરમાં પૂર્ણ થયેલી પેરાલિમ્પિક ગેમ્સમાં ૨૯ મેડલ જીતનાર ભારતના પેરાલિમ્પિક મેડલ વિજેતાઓનું મંગળવારે અહીંના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સેંકડો સમર્થકોએ ફૂલો, માળાઓ અને મીઠાઈઓથી ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

ખેલાડીઓ આજે જ્યારે સવારે એરપોર્ટની બહાર આવ્યા ત્યારે ઢોલ-નગારાં સાથે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ખેલાડીઓને આવકારવા માટે સમર્થકો, રમતગમતના સંચાલકો અને પરિવારના સભ્યો પહોંચ્યા હતા. જેવલિન ફેંકનાર સુમિત અંતિલે પીટીઆઈને કહ્યું હતું કે ''આ ભવ્ય સ્વાગત માટે તમારો ખૂબ ખૂબ આભાર.''

સુમિતે ૭૦.૫૯ મીટરના પ્રયાસ સાથે પોતાનો જ ગેમ્સ રેકોર્ડ તોડીને એફ૬૪ કેટેગરીમાં સતત બીજો ગોલ્ડ મેડલ જીત્યો હતો. વિશ્વ ચેમ્પિયન શૂટર અવની લેખરા બાદ તે પેરાલિમ્પિક ટાઇટલનો બચાવ કરનાર બીજો ભારતીય બન્યો હતો. ટોક્યો ગેમ્સમાં મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલ સ્ટેન્ડિંગ એસએચ૧ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યા બાદ અવનીએ પેરિસ પેરાલિમ્પિકમાં પણ આ જ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તે ગત સપ્તાહે તેની સ્પર્ધાઓ પૂરી કરીને દેશ પરત ફરી હતી.

૨૦૧૫માં એક મોટરસાઇકલ અકસ્માતમાં અંતિલે તેનો ડાબો પગ ઘૂંટણની નીચે ગુમાવ્યો હતો. અકસ્માત પહેલાં તે સક્ષમ ખેલાડીઓના વર્ગમાં કુસ્તીબાજ હતો. અકસ્માત બાદ તેનો પગ ઘૂંટણની નીચેથી કાપવો પડ્યો હતો.

અંતિલે કહ્યું હતું કે જ્યારે તમે સારી તૈયારી કરો છો ત્યારે તમે આપોઆપ આત્મવિશ્વાસ અનુભવો છો. હું ટૂંક સમયમાં ૭૫ મીટરનો આંકડો પાર કરવાનો પ્રયાસ કરીશ. મેં થોડા દિવસોથી ચા પીધી નથી, હું મારા પરિવાર સાથે ચા પીવા માંગું છું.

પંજાબ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં પીએચ.ડી કરી રહેલા તીરંદાજ હરવિન્દર સિંહ સ્વાગતથી અભિભૂત થઈ ગયો હતો. બાળપણમાં ડેન્ગ્યૂની સારવારની આડઅસરને કારણે તેના પગને નુકસાન થયું હતું. ત્રણ વર્ષ પહેલાં ટોક્યોમાં બ્રોન્ઝ સાથે આ રમતમાં દેશનો પ્રથમ મેડલ વિજેતા બન્યા બાદ તે પેરિસમાં પેરાલિમ્પિકમાં ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય તીરંદાજ બન્યો હતો.

તેણે કહ્યું હતું કે મને મારી જાતને વ્યસ્ત રાખવી ગમે છે. આ મને ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરે છે અને મારું મન ઓછું ભટકાય છે. કોઈપણ વ્યક્તિ જે પરેશાન અથવા હારી જાય છે તે પેરા એથ્લેટ્સ પાસેથી પ્રેરણા લઈ શકે છે.


સમર્થકોએ હરવિન્દર અને સાથી તીરંદાજ શીતલ દેવી પર ફૂલોની વર્ષા કરી હતી. હાથ વિના જન્મેલી શીતલ રાકેશ કુમાર સાથે મિશ્રિત ટીમ ઇવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીતી હતી જ્યારે વ્યક્તિગત મેડલથી ઓછા અંતરથી ચૂકી ગઈ હતી. શીતલે કહ્યું હતું કે મારો અનુભવ ઘણો સારો હતો. હું ખૂબ જ ખુશ છું કે ભારતે તીરંદાજીમાં બે મેડલ જીત્યા. અમને સારો સપોર્ટ મળ્યો અને તેથી જ અમે ઘણા મેડલ જીત્યા.''

ભારત મેડલ ટેબલમાં ૧૮મા સ્થાને છે. જેવલિન ફેંકનાર નવદીપે એફ૪૧ કેટેગરીમાં ભાગ લીધો હતો, તેને તેના સમર્થકોએ ઊંચકીને તેમની સાથે ઉજવણી કરી હતી.

નવદીપે ૪૭.૩૨ મીટરના વ્યક્તિગત શ્રેષ્ઠ પ્રદર્શન સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારતે ૮૪ ખેલાડીઓની ટુકડી મોકલી હતી, જે આ ગેમ્સ માટે દેશની અત્યાર સુધીની સૌથી મોટી ટુકડી હતી. દેશે તેનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું અને સાત ગોલ્ડ મેડલ સહિત કુલ ૨૯ મેડલ જીત્યા હતા. ■

# સિનરે ગર્લફ્રેન્ડના એક્સ-બોયફ્રેન્ડની ટિપ્પણી પછી ટાઈટલ જીતી દેખાડ્યું

## વર્લ્ડ નંબર-વન પ્લેયર ૩૦ કરોડ રૂપિયાની ઈનામી રકમ પણ જીત્યો



ન્યૂ યોર્કઃ ઇટલીનો વર્લ્ડ નંબર-વન ટેનિસ ખેલાડી યાનિક સિનર રવિવારે પહેલી જ વખત યુએસ ઓપનનો તાજ જીત્યા બાદ પરિવારના સભ્યો તેમ જ કોચને મળ્યા પછી રશિયન ગર્લફ્રેન્ડ પાસે પહોંચી ગયો હતો અને તેની સાથે ઐતિહાસિક જીત સેલિબ્રેટ કરી હતી.

સિનરની ગર્લફ્રેન્ડ ઍના ખલિનસ્કાયા મહિલા ટેનિસની ૧૪મા નંબરની ખેલાડી છે અને આ વખતની યુએસ ઓપનમાં તે ત્રીજા રાઉન્ડમાં હારી ગઈ હતી. જોકે ઍના પોતાની હાર પછી બોયફ્રેન્ડ સિનરને ચિયર-અપ કરવા તેની દરેક મેચ જોવા આવી હતી. ઍનાના એક્સ બોયફ્રેન્ડ ઓસ્ટ્રેલિયાના નિક કિર્ગીયોસે તાજેતરમાં સિનર વિશે ટીકાત્મક ટિપ્પણીઓ કરી હતી. જોકે સિનરે યુએસ ઓપનનું ટાઈટલ જીતીને તેને વળતો જવાબ આપી દીધો છે. સિનરે રવિવારે યુએસ ઓપનની ફાઇનલમાં અમેરિકાના ટેલર ફ્રીત્ઝને ૬-૩, ૬-૪, ૭-૫થી હરાવ્યો હતો. સિનર આ વિજેતાપદ સાથે ૩૦ કરોડ રૂપિયાની ઈનામી રકમ પણ જીત્યો છે.

ગયા મહિને સિનરના ડ્રગ્સ ટેસ્ટને લગતા બે રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. જોકે એમાં તપાસ થઈ રહી છે એ દરમિયાન તે યુએસ ઓપનનો નવો વિજેતા બન્યો છે. ઍનાના ભૂતપૂર્વ બોયફ્રેન્ડ અને જાણીતા ટેનિસ ખેલાડી નિક કિર્ગીયોસે સિનર વિશે કમેન્ટ કરી હતી કે કેવું હાસ્યાસ્પદ કહેવાય... તારાથી અકસ્માતે ડ્રગ્સ લેવાયું હશે કે પછી તે જાણી જોઈને લીધું હશે, બે વાર તારો ડ્રગ્સ ટેસ્ટનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. વાહ! રિપોર્ટ પોઝિટિવ આવ્યા પછી પણ તું રમી શક્યો, તારા માટે બધું ફિક્સ થઈ ગયું લાગે છે!'

યાનિક સિનર ૧૯૭૭ પછીનો વિશ્વનો એવો પહેલો ટેનિસ ખેલાડી છે જે પોતાના પહેલા બે ગ્રેન્ડ સ્લેમ ટાઈટલ એક જ સીઝનમાં (એક જ વર્ષમાં) જીત્યો છે. જાન્યુઆરીમાં તે ઓસ્ટ્રેલિયન ઓપન જીત્યો હતો. ૧૯૭૭માં ગિલેર્મો વિયાસ એક જ સીઝનમાં પોતાના પ્રથમ બે ગ્રેન્ડ સ્લેમ ટાઈટલ જીત્યા હતા. સિનરે રવિવારે વિજેતાપદ મેળવ્યા પછી ટ્રોફી લઈને ગર્લફ્રેન્ડ ઍના સાથે ઘણી તસવીરો પડાવી હતી. ■

# દુલીપ ટ્રોફીના બીજા રાઉન્ડ માટે બીસીસીઆઇએ જાહેર કરી ટીમો, મયંક અગ્રવાલ બન્યો ઈન્ડિયા એનો કેપ્ટન



મુંબઇઃ દુલીપ ટ્રોફી ૨૦૨૪ના બીજા રાઉન્ડ માટે મંગળવારે ચારેય ટીમોની જાહેરાત કરવામાં આવી હતી. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે (બીસીસીઆઇ) ૧૨ સપ્ટેમ્બરથી અનંતપુરમાં શરૂ થનારી મેચો માટે ટીમની જાહેરાત કરી છે. આગામી મેચો માટે ઈન્ડિયા-એ, ઈન્ડિયા-બી અને ઈન્ડિયા-ડીની ટીમોમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા છે. જ્યારે ઈન્ડિયા સી ટીમમાં કોઈપણ ફેરફાર કરવામાં આવ્યો નથી.

ભારત-એના કેપ્ટન શુભમન ગિલ, કેએલ રાહુલ, ધ્રુવ જુરેલ, કુલદીપ યાદવ અને આકાશ દીપનો બાંગ્લાદેશ સામેની આગામી ટેસ્ટ શ્રેણી માટે ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. હવે આ ખેલાડીઓ ૧૯ સપ્ટેમ્બરથી શરૂ થનારી ટેસ્ટ મેચની તૈયારી શરૂ કરશે.

પસંદગીકારોએ ગિલના સ્થાને પ્રથમ સિંહ (રેલવે), કેએલ રાહુલના સ્થાને અક્ષય વાડકર (વિદર્ભ) અને ધ્રુવ જુરેલના સ્થાને એસકે રાશિદ (આંધ્ર પ્રદેશ)નો સમાવેશ કર્યો છે. ટીમમાં કુલદીપનું સ્થાન લેફ્ટ આર્મ સ્પિનર શમ્સ મુલાની લેશે જ્યારે આકિબ ખાન (યુપીસીએ) આકાશ દીપની જગ્યાએ ટીમમાં સામેલ થશે. આ સાથે જ મયંક અગ્રવાલને ઈન્ડિયા-એનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે.

ઈન્ડિયા બીના યશસ્વી જયસ્વાલ અને ઋષભ પંતનો ભારતીય ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેમની જગ્યાએ પસંદગીકારોએ અનુક્રમે સુયશ પ્રભુદેસાઈ અને રિંકુ સિંહને ટીમનો ભાગ બનાવ્યા છે. ફાસ્ટ બોલર યશ દયાલને પ્રથમ વખત રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મળ્યું છે. સરફરાઝ ખાનનો પણ ભારતીય ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જો કે તે બીજા રાઉન્ડની મેચમાં રમશે. દયાલના સ્થાને હિમાંશુ મંત્રી (મધ્ય પ્રદેશ ક્રિકેટ એસોસિયેશન)ને ઈન્ડિયા-બીમાં સામેલ કરવામાં આવ્યો છે.

બીજા રાઉન્ડ માટે ભારતીય ટીમમાં પણ એક ફેરફાર કરવામાં આવ્યો છે. આગામી ટેસ્ટ માટે અક્ષર પટેલની ટીમ ઈન્ડિયામાં પસંદગી કરવામાં આવી છે. આવી સ્થિતિમાં ભારતના સ્ટાર ઓલરાઉન્ડરના સ્થાને હરિયાણાના નિશાંત સિંધુની પસંદગી કરવામાં આવી છે. તુષાર દેશપાંડે ઈજાના કારણે બીજા રાઉન્ડમાંથી બહાર થઈ ગયો છે અને તેના સ્થાને ભારત-એમાં વિદ્વાથ કાવરપ્પાનો સમાવેશ કરાયો હતો. ■

## દેશ-વિદેશ

# જમ્મુ અને કાશ્મીરની ચૂંટણીમાં સૌથી મોટું રહસ્ય : કોણ બનશે મુખ્ય પ્રધાન ?

સુરેશ એસ, ડુગ્ગર

જમ્મુ : બહુચર્ચિત અને બહુપ્રતિક્ષિત જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીનો તખ્તો ગોઠવાઈ ગયો છે ત્યારે રાજકીય પક્ષો મુખ્ય પ્રધાનપદ માટેના ઉમેદવારનાં નામ જાહેર કર્યા વિના મેદાનમાં ઉતર્યા છે. પરિસ્થિતિ એટલી અનિશ્ચિત છે કે પહેલાં મુખ્ય પ્રધાનના પદ પર રહી ચુકેલા નેશનલ કોન્ફરન્સ અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી) જેવા પરંપરાગત સશક્ત પક્ષે પણ મુખ્ય પ્રધાનપદ માટે પોતાના ઉમેદવારનું નામ જાહેર કરવાની હિંમત દાખવી નથી.

રાજકીય પંડિતોના જણાવ્યા પ્રમાણે આ ખચકાટ સ્પષ્ટ જનાદેશ હાંસલ કરવા અંગેના અવિશ્વાસમાંથી જન્મ્યો છે. રાજકીય પંડિતોના કહેવા મૂજબ કોઈ પક્ષ સ્વતંત્ર રૂપથી સરકાર બનાવાનો દાવો કરવાની સ્થિતિમાં નથી, આંતરિક અસંતોષ ફાટી નીકળે એવા ડરનો પણ પ્રભાવ છે, કારણ કે ચૂંટણી પછી યુતિ કરવાની જરૂર પડી શકે. ખંડિત રાજકીય પરિદૃશ્યને લીધે એવી પ્રતીતિ થઈ રહી છે કે ભાવી સરકારને છેલ્લા બે ચૂંટણીની જેમ પછી ગઠબંધન બનાવવાની જરૂર પડશે.

૨૦૧૪ની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ પીડીપી સાથે યુતિ કરીને સરકાર રચી. ૨૦૦૮માં નેશનલ કોન્ફરન્સ કૉંગ્રેસના ટેકાથી સત્તા પર આવી હતી. એજ પ્રમાણે ૨૦૦૨ની સરકાર કૉંગ્રેસ અને પીડીપીના ગઠબંધનની બની હતી. પીડીપી ફરી એક વાર કિંગમેકરની ભૂમિકામાં આવવાની આશા રાખે છે. પીડીપીએ અલગ-અલગ સમય પર ભાજપ અને કૉંગ્રેસને સમર્થન આપ્યું છે.

ગયા અઠવાડિયે બીજબિહાડા વિધાનસભા ક્ષેત્રમાંથી પક્ષનાં ઉમેદવાર ઈલ્તિજા મુફ્તીએ દાવો કર્યો છે કે પીડીપી ફરી કિંગમેકરની ભૂમિકામાં આવશે. ઈલ્તિજાએ ૨૯ ઓગસ્ટે મીડિયાને કહ્યું હતું કે મને એવો વિશ્વાસ છે કે અમે જે પણ સ્થિતિમાં હોઈશું પરંતુ કિંગમેકરની ભૂમિકામાં જરૂર હોઈશું.

એક વાત તો સાફ છે કે કોઈ પણ પક્ષને બહુમત નહીં મળે. આથી રાજકીય પક્ષો મુખ્ય પ્રધાનપદના ઉમેદવારોનાં નામો જાહેર કરવાને બદલે પ્રચાર અભિયાન પર ધ્યાન આપવાનું પસંદ કર્યું છે. ભાજપ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નામ પર મત માગી રહ્યું છે. કૉંગ્રેસ રાહુલ ગાંધીને આગેવાન નેતા જાહેર કરીને મત માગી રહી છે. જ્યારે નેશનલ કોન્ફરન્સ ફારૂક અબદુલ્લા અને પીડીપી મુફતી મોહમ્મદ સઈદના વારસાનો લાભ ઉઠાવી રહી છે. નાના પક્ષો પણ થોડી બેઠક જીતીને પોતાને મુખ્ય ખેલાડી તરીકે રજૂ કરવાના પ્રયાસો કરી રહ્યા છે.

ભાજપે પોતાની રાષ્ટ્રીય રણનીતિ પ્રમાણે કોઈનું નામ મુખ્ય પ્રધાનપદ માટે જાહેર કર્યું નથી. ભૂતપૂર્વ ઉપ મુખ્ય પ્રધાન કવિન્દર ગુપ્તા અને નિર્મલ સિંહ અને લાંબા સમયથી પ્રદેશાધ્યક્ષ રહેલા રવિન્દ્ર રૈના જેવા અનેક મજબૂત નેતાઓ છે, પરંતુ આ પક્ષ મોદી અને ગૃહપ્રધાન અમિત શાહની લોકપ્રિયતાના આધારે જંગ લડી રહ્યો છે. ■

# યુક્રેનનો રશિયા પર હુમલોઃ ૧૪૦ ડ્રોન તોડી પાડ્યાનો રશિયાનો દાવો

નવી દિલ્હીઃ યુક્રેને ૧૪૦ કરતા પણ વધુ ડ્રોનથી રશિયાની રાજધાની મૉસ્કો અને તેની આસપાસના વિસ્તાર પર હુમલો કર્યો હતો એમ જણાવતાં રશિયાના અધિકારીઓએ કહ્યું હતું કે છેલ્લા અઢી વર્ષમાં યુક્રેનનો રશિયા પરનો આ સૌથી મોટો હુમલો હતો.

બે ડ્રોન મૉસ્કો શહેરની ભાગોળે આવેલા રામૅન્સ્કૉયે નગરની બે બહુમાળી ઈમારત સાથે ટકરાયા હોવાનું જણાવતાં ગવર્નર ઍન્ડ્રેઈ વૉરોબ્યૉવે કહ્યું હતું કે આ હુમલામાં બે મહિલાનાં મોત થયા હોવા ઉપરાંત ત્રણ જણ ઘાયલ થયા હતા.

બચાવ ટુકડીએ કાટમાળ ખસેડવાનું કામ શરૂ કરતાં આસપાસની પાંચ રહેવાસી ઈમારત ખાલી કરાવવામાં આવી હતી.

આ હુમલાએ વહીવટીતંત્રને આસપાસના વિસ્તારમાં આવેલા ત્રણ ઍરપોર્ટ બંધ કરાવવાની ફરજ પડી હતી અને ૪૮ ફલાઈટને અન્યત્ર વાળવામાં આવી હતી, એમ રશિયાના નાગરિકી ઉડ્ડયન ખાતાએ જણાવ્યું હતું.

મૉસ્કોમાં શહેરની ભાગોળે આવેલા વિસ્તારના ખાનગી બંગલાઓ પર ડ્રોનનો કાટમાળ પડ્યો હતો, પરંતુ કોઈને ઈજા થઈ નહોતી, એમ તેમણે કહ્યું હતું.

મૉસ્કો તરફ આગળ વધી રહેલા ડઝનબંધ ડ્રોનને હવામાં જ તોડી પાડવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

રશિયાના સંરક્ષણ ખાતા જણાવ્યા અનુસાર તેમણે રશિયાના નવ વિસ્તારમાં યુક્રેનના કુલ ૧૪૪ ડ્રોન તોડી પાડ્યા હતા.

આ મહિને યુક્રેનનો રશિયા પર બીજો મોટો હુમલા હતો. પહેલી સપ્ટેમ્બરે યુક્રેન દ્વારા રશિયાના અલગ અલગ ૧૨ વિસ્તાર પર કરવામાં આવેલા હુમલા દરમિયાન યુક્રેનના ૧૫૮ ડ્રોનને આંતરવામાં આવ્યા હતા. (એજન્સી) ■

# સાયબર સુરક્ષા વિના દેશની પ્રગતિ અશક્યઃ અમિત શાહ

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે મંગળવારે જણાવ્યું હતું કે, સાયબર સુરક્ષાને સુનિશ્ચિત કર્યા વિના દેશની પ્રગતિ શક્ય નથી અને સાયબર સુરક્ષાને રાષ્ટ્રીય સુરક્ષાનો અભિન્ન ભાગ ગણાવ્યો હતો.

તેમણે એમ પણ કહ્યું કે સાયબર ક્રાઈમને કોઈ સીમા નથી હોતી, અને તેથી તે અનિવાર્ય છે કે તમામ હિતધારકો આ ખતરાને પહોંચી વળવા માટે સાથે આવે.

તેમણે અહીં ૧૪સી અથવા ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરના સ્થાપના દિવસની ઉજવણીને સંબોધતા કહ્યું કે ''સાયબર સુરક્ષા એ રાષ્ટ્રીય સુરક્ષાનો અભિન્ન ભાગ છે. આપણે સાયબર સુરક્ષાને સુનિશ્ચિત કરવી જોઈએ કારણ કે સાયબર સુરક્ષા વિના દેશની પ્રગતિ શક્ય નથી,''

ગૃહ પ્રધાને જણાવ્યું હતું કે ભારતમાં સાયબર ક્રાઈમનો સામનો કરવા માટે સરકાર આગામી પાંચ વર્ષમાં ૫૦૦૦ સાયબર કમાન્ડોને તાલીમ આપીને તૈયાર કરવાની યોજના બનાવી રહી છે.

સાયબર સ્પેસને સુરક્ષિત બનાવવાના મહત્ત્વ પર ભાર મૂકતા તેમણે કહ્યું કે વિશ્વના ૪૬ ટકા ડિજિટલ વ્યવહારો ભારતમાં થાય છે. શાહે દેશમાં સાયબર ક્રાઈમ સામે લડવા માટે ૧૪સી હેઠળ ચાર પ્લેટફોર્મનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

૧૪સી ની સ્થાપના ૨૦૧૮માં ગૃહ મંત્રાલય હેઠળ કરવામાં આવી હતી. તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય દેશમાં સાયબર ક્રાઈમ સંબંધિત તમામ મુદ્દાઓને ઉકેલવા માટે રાષ્ટ્રીય સ્તરના સંકલન કેન્દ્રની સ્થાપના કરવાનો છે.

૧૪સી એ કાયદાનો અમલ કરતી એજન્સીઓની ક્ષમતાઓને વધારવા અને સાયબર ક્રાઇમ સાથે કામ કરતા વિવિધ હિસ્સેદારો વચ્ચે સંકલન સુધારવા માટે પણ ફરજિયાત છે. ■

# પીએમએ એનઆરએફની પ્રથમ ગવર્નિંગ બોર્ડની બેઠકની અધ્યક્ષતા કરી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે નવા રચાયેલા અનુસંધાન નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન (એનઆરએફ)ની પ્રથમ ગવર્નિંગ બોર્ડની બેઠકની અધ્યક્ષતા કરી હતી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ફાઉન્ડેશનની બેઠક, જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઇપી)ની ભલામણો અનુસાર વૈજ્ઞાનિક સંશોધન તરફ ઉચ્ચ સ્તરીય વ્યૂહાત્મક દિશા પ્રદાન કરવા માટે એક સર્વોચ્ચ સંસ્થા તરીકે કાર્ય કરશે, જેમાં શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને હાજરી આપી હતી.

એનઆરએફ નો ઉદ્દેશ્ય સંશોધન અને વિકાસ (આરડી)ને બીજ આપવા, વૃદ્ધિ અને પ્રોત્સાહન આપવાનો અને સમગ્ર ભારતની યુનિવર્સિટીઓ, કોલેજો, સંશોધન સંસ્થાઓ અને પ્રયોગશાળાઓમાં સંશોધન અને નવીનતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો છે.

બેઠકમાં સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર અજય કુમાર સૂદ સહિત વરિષ્ઠ અધિકારીઓએ પણ ભાગ લીધો હતો.■

# સરહદો સંપૂર્ણપણે સુરક્ષિત; આતંકવાદીઓને જમ્મુ અને કાશ્મીરની ચૂંટણીમાં ખલેલ પહોંચાડવા નહીં દેવાય : બીએસએફ

ભદરવાહ/જમ્મુ : જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદીઓ ઘૂસણખોરી ન કરે અને વિધાનસભાની ચૂંટણીમાં ખલેલ પહોંચાડે નહીં તેની ખાતરી કરવા માટે સરહદો પર ઘૂસણખોરી વિરોધી પગલાં લેવામાં આવ્યાં છે, એમ બીએસએફના એક ટોચના અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું.

બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ), જમ્મુ સીમાના મહાનિરીક્ષક ડી કે બૂરા ડોડા જિલ્લાના ભદરવાહ વિસ્તારમાં પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા.

સીમાઓ સંપૂર્ણપણે સુરક્ષિત છે કારણ કે બીએસએફએ પોલીસ સહિતની સહ એજન્સીઓ સાથે સંકલન કરીને, ઘૂસણખોરી રોકવા માટેના તમામ જરૂરી પગલાં લીધાં છે. હું દરેકને ખાતરી આપવા માગું છું કે ચૂંટણી પ્રક્રિયા દરમિયાન આવી કોઈપણ પ્રવૃત્તિ (સરહદ પારથી આતંકવાદીઓની ઘૂસણખોરી)ને મંજૂરી આપવામાં આવશે નહીં, તેવું બીએસએફ અધિકારીએ કહ્યું હતું.

તેમણે કહ્યું કે બીએસએફ કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે સક્ષમ છે અને સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીઓનું સંચાલન સુનિશ્ચિત કરવામાં તેની ભૂમિકા ભજવશે.

બીએસએફ એક સક્ષમ દળ છે અને તમે અમારા સૈનિકોને મુશ્કેલ પ્રદેશોમાં વધુ તહેનાત જોશો. કારણ કે તેઓ કોઈપણ પ્રકારની પરિસ્થિતિનો સામનો કરવામાં સક્ષમ છે અને તેમનું કામ બહાદુરીથી કરે છે. ચૂંટણીના સલામત આચાર માટે બીએસએફ અહીં (ચેનાબ ખીણમાં) તહેનાત છે, એમ તેમણે કહ્યું હતું.

જમ્મુ અને કાશ્મીરમાં પ્રથમ તબક્કામાં ૧૮ સપ્ટેમ્બરે મતદાન થશે. ■

## પોલાવરમ પ્રોજેક્ટ

# ઓડિશાના મલકાનગિરિનાં ૨૩૬ ગામડાંને થશે અસર

ભુવનેશ્વરઃ વિપક્ષ બીજુ જનતા દળ (બીજેડી)એ મંગળવારે દાવો કર્યો હતો કે પડોશી રાજ્ય આંધ્ર પ્રદેશના બહુલક્ષી પોલાવરમ પ્રોજેક્ટની ઓડિશાના મલકાનગિરિ જિલ્લાનાં ૨૩૬ ગામડાંને અસર થશે.

આ પ્રોજેક્ટની ૨૩૬ ગામડાંના લોકોના જીવન અને રોજગાર પર અસર થશે, એમ તેમણે કહ્યું હતું.

દેવી પ્રસાદ મિશ્રાના વડપણ હેઠળ પક્ષના વરિષ્ઠ નેતાઓનો સમાવેશ કરતી ફૅક્ટ ફાઈન્ડિંગ ટીમે તૈયાર કરેલા અહેવાલને આધારે વિપક્ષે આ દાવો કર્યો હતો.

ફૅક્ટ ફાઈન્ડિંગ ટીમે તાજેતરમાં જ આ અહેવાલ બીજેડીના પ્રમુખ નવિન પટનાયકને સુપરત કર્યો હતો.

પ્રોજેક્ટને કારણે જિલ્લાના કાલિમેલા, પાડિયા અને મોટૂ ગ્રામ પંચાયત સહિતના વિસ્તારના લોકો તેમના ઘર અને જમીન ગુમાવશે.

મલકાનગિરિમાં કાયમ વધુ વરસાદ પડે છે. આ પ્રોજેક્ટને કારણે જિલ્લાની સ્થિતિ વધુ વણસશે.

બીજેડી આ યોજનાનો સંસદ, રાજ્ય વિધાનસભા અને ગ્રામ પંચાયત સહિત તમામ સ્તરે વિરોધ કરે છે.

બીજેડી આ વિસ્તારના આદિવાસી ભાઈબહેનો અને અન્ય અસરગ્રસ્તો માટે લડવાનું ચાલુ રાખશે, એમ તેમણે કહ્યું હતું.

યોજનાને અમલમાં મૂકતા અગાઉ અસરગ્રસ્ત ગામડાંઓમાં વસતા લોકો સાથે કોઈ જ ચર્ચાવિચારણા કે બેઠકનું આયોજન કરવામાં નહોતું આવ્યું.

આ ઉપરાંત પશુધન, ખેતીવાડીની જમીન, પાક, સરકારી સંસથાનો, જાહેર માળખાકીય સુવિધાઓ અને પર્યાવરણને થયેલા નુકસાનની પણ આકારણી કરવામાં ન આવી હોવાનો અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે. (એજન્સી) ■

### ૪. ધાર્મીક સંબંધી

**સામૂહિક શ્રીમદ્ ભાગવત કથા**
સમદર્શન સેવા પરિવાર 300 પરિવાર - અન્નદાન, દહાણુ- આદિવાસી 3000 વિદ્યાર્થીઓના લાભાર્થે, વ્યાસપીઠ ઈશ્વરચંદ્ર વ્યાસજી, પવિત્ર પિતૃપક્ષમાં - 25 સપ્ટેમ્બરથી 2 ઓક્ટોબર, યમુનાષ્ટકમ, પોથી પૂજા, કથા- વિશ્વકર્મા AC Hall, વિલેપાર્લે વેસ્ટ. પોથી યજમાન, અમાસ-પિતૃતર્પણ, હવન. 9324250850. (૧૪૯૪૩/એ)

### ૭. ખુશખબર

**સિનિયર સિટિઝન**
મુંબઈમાં ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી 9819006404. (એસડીબી-૨૧૫૨)

### ૯. લગ્ન સંબંધી

■ NRIનાં/ અમેરીકાનાં/ કેનેડાનાં/ દુબઈનાં બાયોડેટાઓ રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૪૮૩૨)

**જૈન વૈષ્ણવ**
બધા Age ગ્રુપના યુવક-યુવતીઓના Bio-data whatsapp ગ્રુપમાં મળશે. Rs. 500/- "Kapil Sagpan" 9324863855. Sunday Get together છે. (દહેજ નહીં). (બી-૧૪૭૪૩)

**સમુહ જનોઈ**
બ્રાહ્મણ સેવાસમાજ તા. 17/11/2024 Rs. 10,000/-, કાંદિવલી ખાતે. સંપર્ક- અલકેશભાઈ વ્યાસ- 9819673665. (દહેજ નહીં). (૧૪૯૧૧-એ)

■ દેખાવડી મરાઠી કન્યા ઉંમર 28, ઊંચાઈ 5'.4" શિક્ષણ - 12મી, મેડિકલમાં બિલિંગનું કામ કરે છે, પગાર - 10,000/- છે. કન્યાના વડીલ નથી, કાકા કાકી સાથે રહે છે. અપેક્ષા - મહેનતું છોકરો જોઈએ તાત્કાલિક લગ્નઃ મોબાઈલ 7218568997. (દહેજ નહીં). (બી-૧૪૮૫૪)

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટાકાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૪૭૬૪)

### ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રી યમુના**
દક્ષિણ ભારત, 6 બેઠકજી, વ્રજયાત્રા, કચ્છરણોત્સવ ટેન્ટમાં, કેરલા, મુન્નાર. 9892377559. (બી-૧૪૮૧૬)

■ **નવીજ ઇનોવા ક્રિસ્ટા, કિયા કરન્સ, અર્ટિગા 6 સીટર ભાડે મળશે. ''નીલ - તેજ - ટ્રાવેલ્સ'' - 8828221010 / 9322694599. (બી-૧૪૭૭૯)**

**સ્વતંત્ર ગુજરાતી / જૈન રસોડે**
રાજસ્થાની મહારાજના હાથનું ગુજરાતી, કાઠીયાવાડી, પંજાબી, ચાઇનીઝ, સ્વાદિષ્ટ ભોજન, ચટપટા નાસ્તા, ડ્રાયફ્રુટ, બેડ ટી થી મસાલા દુધ સુધીની બધીજ સુવિધાઓ.
3/4 સ્ટાર ડીલક્સ હોટલ સાથેના પ્રવાસો
**ડીલક્સ કાશ્મીર 8N/9D**
દુધ પથરી, શિકારા સહેલ, મોગલ ગાર્ડન ની ટિકીટ ચંદનવાડી, બેતાલ વેલી, આરુ વેલી, એપ્પલ વેલી
Oct - 29 / Nov - 3, 9, 12
Dec - 15, 22, 25, 30
**નેપાલ 7N/8D**
કાઠમંડુ, ચિત્તવન, પોખરા
Oct - 30 / Nov - 3, 9, 16
Dec - 5, 22, 25
**આસામ - મેઘાલય - અરુણાચલ 11N/12D**
Nov-18, Dec-22 / January to June
**દાર્જિલિંગ-સિક્કિમ 8N/9D**
Oct - 30 / Nov - 3, 12, 20
Dec - 12, 24, 30
Holiday MAKER 9867745678 9029994849 7900118786
S-140, Raghuleela Mall, 2nd Floor, Kandivali West, Mumbai - 400067.
(B-14777)

**સંપૂર્ણ રાજસ્થાન દર્શન**
ચિત્તોડગઢ ઉદયપુર શ્રીનાથજી રાણકપુર જોધપુર જેસલમેર રણુંજા બિકાનેર પુષ્કર જયપુર પ્રવાસ દિવસ ૧૩, ૩ જાન્યુઆરી. જય અંબે ટૂર 9930929799 / 9869509133. (૧૪૯૫૭-સી)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


### ૧૨. યાત્રા સહેલગાહ

**KASHTABHANJAN HOLIDAYS**
ચારધામ 17,500/- ઓક્ટોબરમાં, શક્તિપીઠ વૈષ્ણોવદેવી 9000 ડિસેમ્બરમાં - 9773117451/ 9820795493. (બી-૧૪૭૯૪)

**નેપાલ યાત્રા**
15 જાન્યુઆરી - પોખરા, કાઠમંડુ, જનકપુર, ચિતવન, અયોધ્યા, કાશી વિશ્વનાથ. 9870222106. (૧૪૯૬૩-એ)

**નિઃશુલ્ક જાત્રા**
મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરુલ લોનાવાલામાં જૈન દેરાસર જાત્રા શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. (એસડીબી-૨૧૫૪)

**DEEPAWALI PACKAGES**
દુબઈ - 37,500/-, ગોવા - 7,999/-, સાઈટસીઇંગ વેજીટેરીયન ડીનર. 9820002810. (૧૪૯૭૮-એ)

RENTACAB MUMBAI LOCAL Outstation PickupDrop. Car, Bus Booking all over India. Domestic, International Flight, Hotel Package & Travel Insurance. Arham Holidays 9769977466 / 9892534488. (B-14796)

### ૧૪. નોકરી ખાલી છે

**મસ્જિદબંદર વેસ્ટમાં**
Tally અને BRS Account જાણકાર જોઈએ, Walking Interview - Vaibhav Marketing 275, Samuel Street, Shreeji Bhawan Building, Vadgadi. 8452920204. (બી-૧૪૮૫૨)

**અંધેરીમાં**
**રસોઈ, ઘરકામ અને અપંગ માસીની સારસંભાળ માટે ગુજરાતી, વૈષ્ણવ, બ્રાહ્મણ, જૈન બહેનની જરૂર છે. 8971972599. (એસડીબી-૨૧૫૦)**

■ **કાર માટે અનુભવી ગુજરાતી ડ્રાઈવર પાર્ટ ટાઈમ જોઈએ છે. 8971972599. (એસડીબી-૨૧૫૧)**

**WANTED SUB-EDITOR WITH 8-10 years experience, fluent in English & Gujarati for Weekly Newspaper. WhatsApp biodata to: 8422912600. (B-14858)**

WANTED CANDIDATE TO work at our BSE Office, with Computer knowledge, especially knowledge of Share Dealing & Back Office preferred. Post Your CV on 9821115814. (220)

**MANAGER**
Would like to Start Business Networking in different Chapter interested Manager WhatsApp only 9820020672. (SDB-2153)

### ૧૭. જગ્યા આપવી છે

**શ્રી વિમલ એસ્ટેટ મુલુંડ (વેસ્ટમાં)**
**દેવીદયાલ ગાર્ડન પાસે, 4 BHK (વીથ ટેરેસ), (૨ સ્ટીલ પાર્કિંગ) રેડી પઝેશનમાં વેચાણથી સંપર્ક - 9819864456, 8104009694. (૧૪૯૪૫-એ)**

**પરેલ/શિવરી**
અશોક ગાર્ડન્સ/ ટાવર્સ /૨/૩/૪/૫ બેડરૂમ લેવા/વેચવા/ ભાડેથી- ૯૬૧૯૦૧૪૫૫૫/ ૯૮૨૧૦૧૪૫૫૫. (બી-૧૪૭૧૭)

**કાંદિવલી ઠાકુર કોમ્પ્લેક્ષમાં/ વિલેજમાં**
''વન બેડ 87,00,000/-'' ''ટુ બેડ ફુલ્લી ફર્નિશ્ડ 1,55,00,000/-'' ''થ્રી બેડ લોખંડવાલામાં 1,80,00,000/-'' ''શ્રીજી'' 9820045571. (જેપી/ ૪૯૪૦-સી)

**ઘાટકોપર-વિદ્યાવિહાર-ચેમ્બુર-તિલકનગર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી/વેચાણથી લેવા-વેચવા ''પંકજ નરેન્દ્રભાઈ વોરા'' ૯૩૨૧૧૦૩૨૪૯. (૧૪૯૨૬-ઈ)

**કાંદિવલી (વેસ્ટ)**
સ્ટેશન 0.5 Km, એસવી રોડ 5 પોડિયમ+ 22 માળનું ટાવર 2 બેડરૂમ 1.80 કરોડ onwards 3 બેડરૂમ 2.55 કરોડ onwards 20+ એમીનિટી પોડિયમ+ Rooftop site: 9820964062 / 9867237209. (જેપી/ ૪૯૩૮/ડી)

**ગામદેવી ખાતે**
સુગન હાઈટ્સ, ગ્રાન્ટ રોડ ૩ બીએચકે ફ્લેટ દરિયાની નજીક, ટૂંકા ગાળામાં કબજો, દલાલોનું પણ સ્વાગત છે. સંપર્કઃ 9967333000. (જેપી/૪૯૪૦-એ)

**જુહુધારા કોમ્પલેક્ષ**
જેવી લીંક રોડ, ૨-૩ બેડરૂમ ઓનરશીપથી, ૩-૪ બેડરૂમ લીઝથી ૧ ½ બેડરૂમ, વીરા દેસાઈ રોડ- વેંચાણથી. બી. નરેંદ્ર જોષી ૯૮૨૦૨૯૪૯૨૨ / ૦૨૨૭૯૬૧૭૮૯૧. (૧૪૯૭૦-બી)

**અંધેરી (વેસ્ટ)**
લલ્લુભાઈ પાર્ક, 1 BHK લીવલાયસંસથી - 50,000/- ભાડુ તથા પંચવટી, ગુલ્શન, હિમાચલ, હીલ કોર્ટ, એસ.વી. રોડ 1થી 4 BHK ઓનરશીપ/લીવલાયસંસથી લેવા-વેચવા મળો ''ગૌતમ જોષી'' 93222 36433- ''મેહુલ'' 98210 69632. (૧૪૯૭૦-એ)

■ **૨ બીએચકે વેચવાનો છે, મીરા રોડ- પૂનમ સાગર કોમ્પલેક્ષમાં માલિક- ૯૩૨૩૨૮૫૮૫૫. (બી-૧૪૮૧૯)**

### ૧૭. જગ્યા આપવી છે

**દહાણુકર વાડી**
**1, 2 બેડરૂમ-, ભાડેથી 30,000/-, 40,000/ - વેચાણથી 1,10,00,000/-, 1,45,00,000/ -, 9867447391. (૧૪૯૧૭-સી)**

**વર્લી - પ્રભાદેવી**
અમારા ક્લાઈન્ટ માટે જોઈએ છે. 2 થી 6 બેડ. SFRC પ્રોપર્ટી લેવા/ વેચવા. 203 યુનિક ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ. Twin Tower Lane, પ્રભાદેવી 400025. www.squarefeetrealty.in/ info@squarefeetrealty.in, 9821036552/ 9820855056. (૧૪૯૬૬-એ)

### ૧૭. જગ્યા આપવી છે

**''બોરીવલી''-''ઈસ્ટમાં''- ''વૈભવશાળી''**
''3 બેડરૂમ'' ''(2,58,000,00)'' ''અગિયારમો ફ્લોર'' ''સ્ટેશન નજીક'' ''તાત્કાલિક'' ''ખરીદવા'' ''સુનિલભાઈ - 9821477177'' (૧૪૯૭૯-એ)

**વિલેપાર્લે વેસ્ટ**
**બજાજ રોડ, ઓનરશીપથી ૪ બેડરૂમ અને ૨ બેડરૂમના ફ્લેટસ ૧૧મે માળે, નવું બિલ્ડિંગ, ઓ.સી. સાથે. એજન્ટઃ અશ્વીન મર્ચન્ટ 9819874515. (એસડીબી-૨૧૫૬)**

**Ghatkopar East**
**(1) 1 BHK 360 Carpet @99 Lakhs, M. G. Road with Lift (2) 1 BHK 540 Carpet @1.11 Cr.++ at PANTNAGAR (3) 2 BHK 800 Carpet @2.79 Cr., fully furnished Sudhapark (4) 2 BHK 715 Carpet @2.30 Cr., higher floor Aaradhya One Earth Naidu Colony (5) 2 BHK 725 Carpet @2.30 Cr., V. B. Lane Extension (6) 2 BHK 710 Carpet @2.25 Cr. at 90 Feet Road (7) 3 BHK 822 Carpet on paper useable 950 Carpet @2.97 Cr. at off 60 Feet Road (8) 3 BHK 950 Carpet @3.81 Cr. 60 Feet Road new brand building higher floor (9) 3 BHK 945 Carpet @3.60 Cr. Vallabh Baug Lane new building with OC & 2 Parking (10) 3 BHK 980 Carpet @3.41 Cr.++ at Vallabh Baug Lane New building higher floor (11) 3 BHK 1100 Carpet @3.51 Cr. mid-higher floor with balcony, V. B. Lane extension. New building (12) 3 BHK 1100 Carpet @ 4.75 Cr. at Kukreja Palace fully furnished (13) 3 BHK 1350 Carpet @ 5.40 Cr. at 60 Feet Road higher floor with balcony (14) 4 BHK 1210 Carpet @4.23 Cr. at 90 Feet Road new building higher floor (15) 4 BHK 1550 Carpet @5.04 Cr. at new brand complex with 5 star amenities (16) 4 BHK 2000+ Carpet useable & 5.94 Cr. at off Tilak Road higher floor. Also call for Rent any Commercial Offices & Residential 1, 2, 3, 4 BHK at Ghatkopar East/West.**
**Nilesh R. Shah +91 9820267488**
(B-14837)

**કાંદિવલી (વેસ્ટ)**
પટેલ નગરની સામે એમ. જી. ક્રોસ નંબર ૪, ૩૨૨' કારપેટ, ૧ બેડરૂમ હોલ વેચવાનો. 9167008918. (૧૪૯૬૩-સી)

**પાર્લા (વેસ્ટમાં)**
ત્રણ બેડરૂમ ફ્લેટ ભાડેથી/ વેચાણથી તથા નાની મોટી ઓફીસો લેવા. પવઈમાં રિઝર્વેશનનો પ્લોટ મળશે. જીતુભાઈ શાહઃ 9820613128. (૧૪૯૬૪-એ)

**''ખાર''-''મધુ પાર્ક''**
**૩ બેડરૂમ- ૧૧૫૦', ૨ પાર્કિંગ, ૬ બેડરૂમ- ૨૩૦૦', ૪ પાર્કિંગ, નવું બિલ્ડીંગ, O.C. સાથે, જીમ, ફક્ત ગુજરાતીઓ માટે, કોનટેક. "KUNAL PAREKH" 9819100243. (બી-૧૪૭૪૧)**

**બોરીવલી (ઈસ્ટમાં)**
એક બેડરૂમ - ૫૦૦ ફ્લેટ, હેમરાજ સ્કૂલ સામે, વેચાણથી. જીતુભાઈઃ 9820613128. (૧૪૯૬૪-સી)

**JUHU SCHEME / VILE PARLE**
West. To Buy and Sell 2, 3, 4 Bedroom Flats. Contact: B Vijay Associates 9930304515, (B-14857)

**PARLE EAST**
Ready Possession 2 Bed & 4 Bed Near Derasar, Off Nehru Road, East - West Open # 8097839330 / 8779694199. (B-14838)



(B-14833)

**નેપેન્સી**
6 બેડરૂમ- 5640'- કાર્પેટ 5 પાર્કીંગ સી. ફેસીંગ ક્લબ હાઉસ શાહ- 9820068382. (૧૪૪૭૨-એ)

**ગ્રાન્ટરોડ**
2 બેડરૂમ- 800'- જુનું ભાડું- 2,50,00000/ = નેગોશીએબલ શાહ- 9820068382. (૧૪૪૭૨-બી)

**ગામદેવી**
2 બેડરૂમ- 800'- કાર્પેટ 3,75,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૪૪૭૨-સી)

**તારદેવ**
3 બેડરૂમ- 1350'- કાર્પેટ પાર્કીંગ 7,0000000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૪૪૭૨-ડી)

**સિક્કાનગર**
સ્કૂલ પાસે - ૨ બેડરૂમ ૯૦૦' કાર્પેટ, ઓનરશીપથી/ ફણસવાડી બાલાજી મંદિર પાસે ૧ બેડરૂમ ૪૫૦' જુના ભાડે, ટ્રાન્સફર કરીને 9820034317. (બી-૧૪૦૫૫)

**DOSTI FRIENDSHIP MONTH**
Xclusive offer and prices 0% Stamp Duty at Wadala Eastern Bay 2 Bed 2.65 Cr. 3 Bed 3.70 Cr. 4 Bed Jodi Flats 5.15 Cr. 7 Star amenities Free hold Land. +91 89761 02382. (B-14750)

**FLAT FOR SALE**
**An Ownership 1 BHK, 515 sq. ft. Flat, Newly Renovated for Sale at Reasonable Rate in Andheri East. Lift available for Parsees only. Please Call 9892561522. (219)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**અંધેરી (ઈસ્ટ)**
M.I.D.C. Cross Road No. A, 702' ઈન્ડસ્ટ્રીઅલ ગાળો ભાડેથી આપવાનો છે. સંપર્કઃ ૯૮૨૧૦૨૦૮૫૬ (બપોરના ૧૨થી સાંજે ૫ વાગ્યા સુધી). (૧૪૯૨૪-એ)



(14969-A)

**વાલ્કેશ્વર**
પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૧૫૯)

**વિલેપાર્લે વેસ્ટ**
**સ્ટુડન્ટ્સ / વેજ ફેમિલી માટે ફુલ્લી ફરનીશ્ડ ૧.૫ બેડરૂમનો ફ્લેટ જૂના બિલ્ડિંગમાં, ગ્રાઉન્ડ ફ્લોર ઉપર લિવલાઈસન્સથી કેર કન્સલટન્સી 9757245535 / 9152135727. (એસડીબી-૨૧૫૫)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

**વસઈ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા/ વેચવા/ ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073 હિતેષ ઉપાધ્યાય. 9326470109. (એસડીબી-૨૧૪૭)

# જૈન સમુદાયને પુરુષાર્થ કામ લાગ્યોઃ અરિહાને મળી પર્યુષણ ઉજવવાની મંજૂરી



મુંબઈઃ જર્મનીના ફોસ્ટર કેરમાં ત્રણ વર્ષથી ફસાયેલી સાડા ત્રણ વર્ષની ભારતીય બાળકી અરિહા શાહને પ્રથમ વખત જૈન ધર્મના સૌથી મહત્વપૂર્ણ તહેવાર પર્યુષણને ઉજવવાની મંજૂરી મળી હતી.

માત્ર જર્મન વાતાવરણ વચ્ચે ઉછેર પામતી આ જૈન દીકરી અરિહાને પોતાના જૈન તહેવાર પર્યુષણની આરાધના કરાવવા ખાસ મુંબઈથી ૨૨ વર્ષીય ધ્રુવી વૈદ, જેઓ 'લૂક એન લર્ન' નામની જૈન પાઠશાળામાં નાના બાળકોને જૈન ધર્મ શીખવાડે છે અને જર્મન ભાષાના ૬૨ લેવલના જાણકાર છે, તેઓ બર્લિન (જર્મની) ગયા હતા. આ ૩ વર્ષમાં પ્રથમ વખત જ એવું બન્યું કે માતા પિતાને છોડીને અરિહા કોઈ અન્ય ભારતીયને મળી હતી.

સકળ જૈન સમુદાય વતી રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબના શિષ્ય પરમ વિનમ્રમુનિ મહારાજ સાહેબ છેલ્લા એક વર્ષથી જર્મન દૂતાલય નવી દિલ્હી અને જર્મન વિદેશ મંત્રાલય, બર્લિન સાથે સતત સંપર્કમાં રહી અરિહા ભારત કેવી રીતે આવી શકે અને જ્યાં સુધી જર્મનીમાં છે, ત્યાં સુધી અરિહાને ધર્મ અને ગુજરાતી ભાષા શીખવાનો મોકો મળે તે માટે પ્રયત્ન કરી રહ્યા હતા. એક વર્ષ સુધી અવિરત પ્રયાસો બાદ, જર્મન વિદેશ મંત્રાલય જર્મન ચાઇલ્ડ સર્વિસને સમજાવવામાં સફળ રહી, અરિહાને જૈનોનું પાવન પર્યુષણ પર્વ ઉજવવા સંમતી મળી હતી. ■

## સંસ્થા સમાચાર



### ધીરગુરુદેવની નિશ્રામાં પર્યુષણની રંગચંગે ઉજવણી

**દાનભક્તિમાં ₹ એક કરોડનું ભંડોળઃ સાતાકારી પાટમાં દાનની ગંગોત્રી**

શ્રી કમાણી જૈન ભવન નિર્મિત જશવંતીબેન સી. દેસાઈ ધર્માલયના આંગણે અનેરા ઉલ્લાસ પૂર્વક પર્યુષણ પર્વની તપ-ત્યાગ-દાન સહિત રંગેચંગે ઉજવણી થયેલ.

૨ માસ ક્ષમણ, ૧૬, ૧૧ અને ૧૬ નવાઈ, ૨૭ અઠ્ઠાઈ સહિત નવી પેઢીએ તપમાં આત્મપરિચય આપ્યો હતો. બાલ તપસ્વીઓ અઠ્ઠમમાં જોડાયા હતા. સાતાકારી પાટનો દાતાઓએ લાભ લીધેલ.

ડુંગર દરબારમાં ૩ હૉલમાં ભાવિકોની ભરતીને સંબોધતા ગુરુદેવે જણાવેલ કે દિવસ ઊગે ત્યારે લાગે કે પૈસાની જરૂર છે અને સાંજ ઢળતા લાગે કે શાંતિની જરૂર છે. વધુમાં કહેલ કે હંમેશાં જોયફુલ-આનંદમાં, હોપફુલ-આશાવાદી, થેંક્ફુલ-આભારયુક્ત રહો અને કલરફુલ એટલે જીવનમાં પ્રેમ, શાંતિ, સમાધિના રંગ ભરતા રહો.

કાયમી સાધર્મી-સુપાત્રદાન ભક્તિમાં ૧ કરોડ, ૧૧ લાખનું ફંડ તેમજ આગામી સંવત્સરી સુધીમાં જૈનશાળામાં પ્રતિક્રમણ કંઠસ્થ કરનારને ૧,૧૧,૦૦૦/-થી બહુમાન કરાશે. મિષ્ટ પ્રભાવનાનો લાભ ચંદ્રવદનભાઈ દેસાઈએ લીધેલ. તપસ્વીઓના સમૂહ પારણાનો લાભ રીમાબેન રાજેશભાઈ પુનાતર અને દાતાઓ તરફથી બહુમાન કરાયું હતું. પર્યુષણ ઠંડકની બોલીનો લાભ રીટાબેન ભરતભાઈ ભાયાણી અને નૂતન વર્ષ લાડુનો લાભ બાખડા અને ભાયાણીએ લીધેલ.

શાસન પ્રગતિ સિલ્વર દાતા શ્રેણીનો દાતાઓએ જ્ઞાન પ્રસાર યોજનાનો લાભ લીધેલ. ઉદાર દિલા માલિનીબેન અને વિનસ સંઘવી, રીટાબેન અને રાજ શાહ તથા ગુજરાતી સમાજના પ્રમુખ રવીન્દ્રભાઈ વાઘાણીનું સન્માન કરાયું હતું. ■

### ૨૦. ધંધાદારી જગ્યા

**મસ્જિદ બંદર**
કાઝી સૈયદ સ્ટ્રીટ, નરસી નાથા સ્ટ્રીટ, સેમ્યુલ સ્ટ્રીટ, નાગદેવી, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ઓફિસ, ગોડાઉન લેવા - વેચવા/ ભાડેથી. ''લક્ષ્મીકાંત ભટ્ટ'' (યુઈ) ૯૮૨૧૩૦૭૨૬૨, ૯૩૨૧૨૪૪૧૯૧. (૧૪૯૪૨-એ)

**ઓપેરા હાઉસ**
ફ્રેંચ બ્રીજ પાસે 14 હાઈટ, ગ્રાઉન્ડ ફ્લોર એરિયા 622 સ્કે. ફીટનું ગોડાઉન વેચાણથી આપવું છે. 9869220281, 23862497, (એસડીબી-૨૧૪૮)

**પાંજરાપોળ**
**કમર્શિયલ જગ્યા ૨૪૦' ૧લે માળે, ૩જી પાંજરાપોળ લેન, સી. પી. ટેન્ક વેચવાની છે. સંપર્ક ઓનરઃ 9819084680. (એસડીબી-૨૧૫૮)**

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવલાઈસન્સથી કોમર્શિયલ બિલ્ડિંગમાં ફર્નિશ્ડ/અનફરનિશ્ડ ઓફિસો સ્ટેશન રોડ, 1150' તથા એસ. વી. રોડ 1600' અને 663' આપવી છે. એજન્ટઃ અશ્વીન મર્ચન્ટ 9819874515. (એસડીબી-૨૧૫૭)**

**LOWER PAREL**
1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2145)

### ૨૩. મનોરંજન

**''બજેટ મુજબ''**
''ગણપતિ ભજન'', ''નવરાત્રી દાંડિયા'', ''લગ્નગીત'', ''સંગીતસંધ્યા'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા''- 9820889938. (૧૪૯૪૮-એ)

### ૨૫. શૈક્ષણીક

**સંગીત શીખો**
હાર્મોનિયમ, કેસિયો, શાસ્ત્રીય સંગીત, શ્લોક શીખવા માટે વોટ્સએપ કરો. 9930461779. ગદાધર. (બી-૧૪૮૨૦)

### ૨૯. મશીનરી

**MACHINERY FOR SALE. Toolroom used, in good working condition. (1) LMW CNC Lathe (2) BFW BMV 60 CNC Milling, (3) Pinnacle Surface 24"x44", (4) Micromatic CYL GRD (5) Kirlosker Lathe, (6) Sip & Housar Jig Boring, (7) BFW Milling VF1 (8) Air Compressors & Toolings. For details Call: - 9323907774 / Email: steelmades@gmail.com (14977-C)**

### ૩૧. નાણાંકીય

MUTUAL FUND, INSURANCE, Mediclaim, Corporate Fixed Deposits. Call: 8169967020. (G-2499-A)

### ૩૨. જમીન-મિલકત

**સાપુતારા-નાશિક**
**હાયવે ટચ, 12 એકર (3 લાખ ગુંઠા) 1 એકર પણ મળશે, સ્કૂલ, કોલેજ, બંગલો સ્કીમ, ફાર્મ હાઉસ. 9823362229. (૧૪૯૬૭-એ)**

### ૩૨. જમીન-મિલકત

**WANTED TO PURCHASE Tenanted / non Tenanted Building South Mumbai. 9969000999. (SDB-2160)**

### ૩૩. ધંધાદારી

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કુવા- સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઈઝ''- 9820776583/ 9892298963. (૧૪૯૧૧-ડી)

**કબુતરની જાળી**
ફીટીંગ સાથે 3 વર્ષની ગેરંટી, ઓલ બર્ડ નેટ સર્વીસ, નાયલોન નેટ લોંગટાઈમ લાઈફ ''જીતુભાઈ''- 7900191232 (બી-૧૪૮૩૦)

**પ્રોજેક્ટ મેનેજમેન્ટ(PMC)**
**ફિઝીબીલીટી રીપોર્ટ**
**રીડેવલપમેન્ટ એગ્રીમેન્ટસ**
**રેરા**
**પોંઈટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૪૮૩૫)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૪૮૫૬)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીનાથજી જ્યોતિષ (હવેલીવાળા)**
**લવ મેરેજ, પતિ દુઃખ, શત્રુનાશ, બિઝનેસ, લોસ, જૂની બીમારી, હસ્તરેખા, જન્મપત્રિકા, લગ્નમાં રુકાવટ, તુરંત સમાધાન, નિરાશ વ્યક્તિ ખાસ મળો, મલાડ (વેસ્ટ) ફીઝ-500/- 9920991344/9833390898/ 02228898500. (૧૪૯૬૮-એ)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ડીપી પેસ્ટકન્ટ્રોલ**
(1997) મિનિમમ ચાર્જિસ - કોક્રોચ 550/-, માકડ 650/-, ઉધઈ સ્પ્રે 750/-, ઉંદર 450/ -, સોફા ક્લિનિંગ 250/- : 9322504177 / 8080575877. (જેપી-૪૯૪૦-બી)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' - ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૪૯૬૩-ઈ)

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ... કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૪૯૨૨-એ)

### ૫૨. કુરીઅર્સ

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૪૮૧૫)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)

### લાડકી બહેન યોજના માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન બંધ

મુંબઈઃ રાજ્ય સરકારે જાહેર કરેલી મુખ્ય પ્રધાન લાડકી બહેન યોજનાને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. આ યોજના હેઠળ દર મહિને મહિલાઓના ખાતામાં ૧૫૦૦ રૂપિયા જમા કરાવવામાં આવશે. અત્યાર સુધીમાં જુલાઈ અને ઓગસ્ટ માટે કુલ ૩૦૦૦ રૂપિયા બેંક ખાતામાં જમા કરવામાં આવ્યા હતા. પહેલો હપ્તો ૧૯ ઓગસ્ટે જમા થયો હતો. આ યોજનાનો લાભ લેવા માટે મહિલાઓ લાંબી લાંબી લાઈનમાં ઊભી રહી હતી. શરૂઆતમાં સરકારે ઍપ અને ઓનલાઈન પદ્ધતિથી કરવામાં આવેલી અરજીઓ સ્વીકારવાનું શરૂ કર્યું હતું. પણ જે લોકો હજુ સુધી ફોર્મ નથી ભરી શક્યા નથી તેમના માટે નિરાશાજનક સમાચાર એ છે કે સરકારે હવે લાડકી બહેન યોજના માટે ઓનલાઇન અરજી લેવાનું બંધ કરી દીધું છે.

શરૂઆતમાં એપના માધ્યમથી ફોર્મ ભરતી વખતે ટેકનિકલ ખામી સર્જાઈ હોવાથી સરકારે www.ladkibahin.maharashtra.gov.in નવી વેબસાઈટ શરૂ કરી. ■

# અમેરિકન બજાર પાછળ સેન્સેક્સમાં પણ આગેકૂચ, નિફ્ટીએ ૨૫,૦૦૦ની સપાટી ફરી હાંસલ કરી!

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: અમેરિકન બજારમાં આવેલા ઉછાળા સાથે તાલ મિલવતા સ્થાનિક બજારે આઇટી, ટેલિકોમ અને પસંદગીના બેન્ક શેરોની આગેવાનીએ સતત બીજા દિવસે આગેકૂચ નોંધાવવામાં સફળતા મેળવી હતી. મંગળવારે નિફ્ટી ૨૫,૦૦૦ની સપાટી ફરી હાંસલ કરવામાં સફળ રહ્યો હતો.

એશિયાઇ બજારોમાં શાંઘાઇ અને હોંગકોંગ શેરબજારમાં સુધારો હતો જ્યારે સિઓલ અને ટોકિયોના શેરબજાર નેગેટિવ ઝોનમાં ગબડ્યા હતા. યુરોવના બજારોમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. અમેરિકન શેરબજારમાં સોમવારે નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો હતો.

સત્રને અંતે સેન્સેક્સ ૩૬૧.૭૫ પોઇન્ટ અથવા તો ૦.૪૪ ટકાના ઉછાળા સાથે ૮૧,૯૨૧.૨૯ની સપાટીએ સ્થિર થયો હતો. સત્ર દરમિયાન બેન્ચમાર્ક ૬૩૭.૦૧ પોઇન્ટ અથવા તો ૦.૭૮ ટકા ઉછળીને ૮૨,૧૯૬.૫૫ પોઇન્ટ સુધી પહોંચ્યો હતો.

જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૦૪.૭૦ પોઈન્ટ અથવા તો ૦.૪૨ ટકાના ઉછાળા સાથે ૨૫,૦૪૧.૧૦ પોઇન્ટના સ્તર પર બંધ રહ્યો હતો. આ સત્રમાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ સારી લેવાલી જોવા મળી હતી.

એનટીપીસી, એચસીએલ ટેકનોલોજી, ભારતી એરટેલ, ટેક મહિન્દ્રા, પાવર ગ્રીડ, એક્સિસ બેન્ક, ટાટા કન્સ્લ્ટન્સી સર્વિસિસ અને અદાણી પોર્ટ સેન્સેક્સના ટોપ ગેઇનર રહ્યાં હતાં. જ્યારે બજાજ નિસર્વ, બજાજ ફાઇનાન્સ, હિંદુસ્તાન યુનિલીવર, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટાટા મોટર્સ અને સ્ટેટ બેન્ક ટોપ લુઝર રહ્યાં હતાં.

લોજિસ્ટિક કંપની વેસ્ટર્ન કેરિઅર્સ રૂ. ૫૦૦ કરોડના જાહેર ભરણાં સાથે ૧૩મી સપ્ટેમ્બરે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. એન્કર બિડિંગ ૧૨મીએ ખુલશે અને ભરણું ૧૮મીએ બંધ થશે. પ્રાઇસબેન્ડ રૂ. ૧૬૩થી રૂ. ૧૭૨ નક્કી થઇ છે. ફ્રેશ ઇક્વિટીનો હિસ્સો રૂ. ૪૦૦ કરોડનો અને ઓએફએસ હેઠળ પ્રમોટર ૫૪ લાખ શેર વેચશે. ભંડોળનો ઉપયોગ ડેટ પેમેન્ટ અને પેસેન્જર વ્હીકલ, શિપિંગ કન્ટેનર સહિતના કેપિટલ એક્સપેન્ડિચર માટે કરાશે. એન ગાડગીલ જ્વેલર્સનો આઇપીઓ મંગળવારે ખૂલવાના થોડા જ કલાકમાં સંપૂર્ણ ભરાઇ ગયો હતો. ફેરસ અને નોન-ફેરસ મેટલ, એલોય પાઉડરના વિસ્તૃત રેંજની ગ્લોબલ સપ્લાયર ઇનોમેટ એડવાન્સ્ડ મટિરિયલ્સ લિમિટેડ ૧૧ સપ્ટેમ્બરે ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. લોટ સાઇઝ ૧,૨૦૦ શેરની છે. કંપની શેર દીઠ રૂ. ૧૦૦ના ભાવે રૂ. ૩,૪૨૩.૬૦ લાખ એકત્ર કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. આર્કેડ ડેવલપર્સ લિમિટેડ રૂ. ૪૧૦ કરોડના જાહેર ભરણાં સાથે ૧૬મી સપ્ટેમ્બરે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. એન્કર બિડિંગ ૧૩મીએ ખુલશે અને ભરણું ૧૯મીએ બંધ થશે. પ્રાઇસબેન્ડ રૂ. ૧૨૧થી રૂ. ૧૨૮ નક્કી થઇ છે. કંપનીએ અગાઉ જ રૂ. ૨૦ કરોડ પ્રી-આઇપીઓ પ્લેસમેન્ટ મારફત મેળવ્યા છે. આ મેડન ઇશ્યૂ માત્ર ફ્રેશ ઇક્વિટી હિસ્સો ધરાવે છે અને તેમાં ઓએફએસ નથી.

આ સત્રના ઉછાળામાં પ્રારંભિક ઉપલબ્ધ આંકડા અનુસાર રોકાણકારોની સંપત્તિમાં લગભગ રૂ. ૩.૫૦ લાખ કરોડનો વધારો થયો છે. ભારતીય શેરબજારમાં અદભૂત ઉછાળાને કારણે રોકાણકારોની સંપત્તિમાં જોરદાર ઉછાળો આવ્યો છે. બીએસઇ પર લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપ રૂ. ૪૬૩.૬૬ લાખ કરોડ પર બંધ થયું હતું, જે પાછલા ટ્રેડિંગ સેશનમાં રૂ. ૪૬૦.૧૭ લાખ કરોડ હતું. બજારનો અંડરટોન મજબૂત રહ્યો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી બાવીસ શેર ઉછાળા સાથે બંધ થયા જ્યારે આઠ નુકસાન સાથે બંધ થયા. નિફ્ટીના પચાસ શેરોમાંથી ૩૩ શેર ઉછાળા સાથે અને ૧૭ નુકસાન સાથે બંધ થયા હતા. ટોચના વધનારા શેરોમાં એચસીએલ ટેક ૨.૧૫ ટકા, ભારતી એરટેલ ૨.૧૦ ટકા, ટેક મહિન્દ્રા ૧.૯૨ ટકા, એનટીપીસી ૧.૭૩ ટકા, પાવર ગ્રીડ ૧.૭૦ ટકા, એક્સિસ બેન્ક ૧.૪૦ ટકા, ટીસીએસ ૧.૨૧ ટકા, ટાઇટન ૧.૧૯ ટકા, અદાણી ૧.૧૬ ટકા વધીને બંધ થયા છે. જ્યારે ટોચના ઘટનારા શેરોમાં, બજાજ ફિનસર્વ ૧.૭૭ ટકા, બજાજ ફાઇનાન્સ ૧.૪૫ ટકા, એચયુએલ ૦.૮૧ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૦.૬૮ ટકાના ઘટાડા સાથે બંધ થયા છે.

સૌથી વધુ ઉછાળો આઈટી શેરોમાં જોવા મળ્યો હોવાથી નિફ્ટી આઈટી ઈન્ડેક્સ ૧.૭૩ ટકાના ઉછાળા સાથે ૪૨,૬૪૪ પર બંધ થયો હતો. આ સિવાય ફાર્મા, એફએમસીજી, મેટલ્સ, મીડિયા, એનર્જી હેલ્થકેર અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ શેરોમાં ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે ઓઈલ અને ગેસ સેક્ટરના શેરમાં ઘટાડો જોવા મળ્યો છે. આજના કારોબારમાં મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં પણ જોરદાર ખરીદી જોવા મળી રહી છે.

## નાકા ડિલિવરી ધોરણે ખાંડમાં વધુ ₹ ૧૦નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરમાં સ્થાનિક તથા દેશાવરોની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૮૦થી ૩૬૩૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. વધુમાં આજે મથકો પર ભાવમાં ટકેલું વલણ અને સ્થાનિક સ્તરે રિટેલ સ્તરની ખપપૂરતી છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે ઔદ્યોગિક વપરાશકારોની માગ નિરસ રહેતા ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો જોવા મળ્યો હતો.

દરમિયાન ઈન્ડિયા મીટરોલોજિકલ ડિપાર્ટમેન્ટના અહેવાલ અનુસાર આ વર્ષે દેશમાં ગત સોમવાર સુધીમાં ચોમાસું લાંબાગાળાની સરેરાશ કરતાં ૭.૫ ટકા વધુ રહ્યું છે અને દેશમાં શેરડીનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાની તુલનામાં વધીને ૫૭.૬ લાખ હેક્ટર રહ્યો હોવાના અહેવાલ છે.

દરમિયાન આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ એકંદરે જળવાઈ રહેતા ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

**OHE અને સહાયક ટ્રાન્સફોર્મરનું કામ**

**નંબર : DRM/TRD/BVP/2024-25/01 તારીખ : 04. 09.2024** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી અને થી મંડલ રેલ્વે મેનેજર (ટીઆરડી) પશ્ચિમ રેલ્વે, ભાવનગર પારા નીચેના કાર્ય માટે ઈ-નિવિદા કહે છે. **ઈ-ટેન્ડર નંબર :** 09-TRDBVP-2024-25 **કામનું નામ :** ભાવનગર વિભાગના ખોડિયાર મંદિર સ્ટેશન પર વધારાની લૂપ લાઇન પૂરી પાડવાના સંદર્ભમાં TRD વિભાગનું OHE અને સહાયક ટ્રાન્સફોર્મરનું કામ. **ટેન્ડરની રકમ :** ₹84,07,433.24/- **ટેન્ડર ફી:** શૂન્ય **EMD રકમ:** ₹1,68,200/- **સરનામું :** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી, ડીઆરએમ ઓફિસ, ભાવનગર પરા – 364003 બિડરોએ www.ireps.gov.in લિંક દ્વારા જ ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને www.ireps.gov.in વેબસાઇટની મુલાકાત લો. ઉપરોક્ત ટેન્ડરો માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ 07.10.2024 ના 15:00 કલાક સુધી રહેશે. 95

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-રાજકોટ**

**(સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન)**

**ટેન્ડર સૂચના**

ઉપ ચીફ સિગ્નલ એન્ડ ટેલિકોમ એન્જિનિયર, કન્સ્ટ્રક્શન, પશ્ચિમ રેલવે, પહેલો માળ ડીઆરએમ ઓફિસ, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001, ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી કાર્ય કરતા, નીચેના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે: **(1) ટેન્ડર નંબર: DY-CSTE-C-RJT-24-25-08; (2) કામનું નામ:** પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝનના ખીજડિયા-અમરેલી વિભાગ વચ્ચે ગેજ પરિવર્તન કામના સંબંધમાં સામગ્રીની આપૂર્તિ, ટ્રેન્ચિંગ, OFC / ક્વાડ કેબલ નાખવા અને O F C નું બ્લોઇંગ, સ્પ્લિસિંગ, જોઇન્ટિંગ, ટર્મિનેશન, પરીક્ષણ અને ક્વાડ કેબલનું (આઉટડોર) અને ઇન્ડોર કામ; **(3) કામની અંદાજિત કિંમત:** ₹ 2,31,93,703/- (₹ બે કરોડ એકત્રીસ લાખ ત્રાણું હજાર સાતસો ત્રણ માત્ર); **(4) બિડ સુરક્ષા:** ₹ 266000.00/- (₹ બે લાખ છાસઠ હજાર માત્ર); **(5) ઈ-ટેન્ડર દસ્તાવેજો સબમિટ કરવા માટે બંધ કરવાનો સમય અને તારીખ: ઈ-ટેન્ડર સબમિશન:** 04.10.2024, 15:00 કલાક સુધી અને 04.10.2024 ના 15:30 કલાકે ખુલશે; **(6) ઈ-ટેન્ડર ખોલવાનો સમય અને તારીખ:** 04.10.2024 ના રોજ 15:30 કલાકે; **(7) વેબસાઇટ વિવરણ અને સૂચના બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો જોઇ શકાય છે અને ઓફિસનું સરનામું: વેબસાઇટ:-** www.ireps.gov.in ઉપ ઓફિસ. મુખ્ય સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (બાંધકામ), પશ્ચિમ રેલવે, રાજકોટ (ગુજરાત – 360 001); **(8) કાર્ય પૂર્ણ થવાનો સમયગાળો:** સ્વીકૃતિ પત્ર જારી થયાની તારીખથી બાર (12) મહિના; **નં. DY-CSTE-C-RJT-24-25-08; તારીખ: 08.09.2024**

અમને લાઇક કરો: facebook.com/WesternRly90


## ડૉલર સામે રૂપિયો બે પૈસા નરમ

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવા છતાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારો આગળ ધપ્યો હોવાના નિર્દેશો સાથે સ્થનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાધારણ બે પૈસાના ઘટાડા સાથે ૮૩.૯૭ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, ટ્રેડરોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં એકંદરે કામકાજો પણ પાંખાં રહ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૯૫ના બંધ સામે ભાવ ટૂ ભાવ ૮૩.૯૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૯૮ અને ઉપરમાં ૮૩.૯૫ની રેન્જમાં અથડાઈને અંતે સાધારણ બે પૈસાના ઘટાડા સાથે ૮૩.૯૭ના મથાળે બંધ રહ્યો હતો. એકંદરે વૈશ્વિક આર્થિક વૃદ્ધિની ચિંતાને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા વ્યક્ત કરતા બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલના તબક્કે રૂપિયાને મુખ્યત્વે ઈક્વિટી માર્કેટમાં જોવા મળી રહેલા સુધારાનો ટેકો મળી રહ્યો છે. આથી આગામી થોડા સત્ર દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૩.૭૦થી ૮૪.૨૦ની રેન્જમાં જોવા મળે તેવી શક્યતા છે. આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૬૧.૭૫ પૉઈન્ટનો અને ૧૦૪.૭૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૧૭૬.૫૫ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી. તેમ જ આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧૬ ટકા ઘટીને બેરલદીઠ ૭૧.૦૧ ડૉલર આસપાસ ક્વૉટ થતાં રૂપિયાને ટેકો મળ્યો હતો, પરંતુ આજે ડૉલર ઈન્ડેક્સ ૦.૦૩ ટકા વધીને ૧૦૧.૫૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયો નબળો પડ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## સોનામાં ₹ ૨૧૨નું અને ચાંદીમાં ₹ ૭૨૭નું બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોનાના ભાવ પુનઃ ઔંસદીઠ ૨૫૦૦ ડૉલરની સપાટી પાર કરી ગયા બાદ આજે લંડન ખાતે વધ્યા મથાળેથી ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે ચાંદીમાં ધીમો સુધારો આવ્યો હતો. આમ ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો બે પૈસા જેટલો નબળો પડ્યો હોવાથી આયાત પડતરો વધવાને કારણે સ્થાનિક ઝવેરી બજારમાં સોનામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૧થી ૨૧૨નું અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૭૨૭નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી નીકળેલી લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૭૨૭ વધીને રૂ. ૮૨,૨૦૭ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની લેવાલી તેમ જ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની ખપપૂરતી માગને ટેકે ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૧ વધીને રૂ. ૭૧,૩૦૩ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૧૨ વધીને રૂ. ૭૧,૫૯૦ના મથાળે રહ્યા હતા.

અમેરિકાના કન્ઝ્યુમર અને પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સનાં ડેટાની અનુક્રમે બુધવારે અને ગુરુવારે થનારી જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભમાં સાવચેતીના અભિગમ વચ્ચે હાજરમાં સોનાના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ગઈકાલના બંધ આસપાસ ઔંસદીઠ ૨૫૦૬.૫૯ ડૉલર અને વાયદામાં ભાવ ૨૫૩૫.૨૦ ડૉલર આસપાસના મથાળે ટકેલા ધોરણે ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૨૮.૩૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટનો આધાર અમેરિકાના જાહેર થનારા આગામી આર્થિક ડેટા પર નિર્ભર હોવાથી આજે રોકાણકારોએ સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનું વલણ અપનાવ્યું છે અને જો ડેટા અપેક્ષા કરતાં નબળા આવે તો સોનાના ભાવને ઔંસદીઠ ૨૫૦૦ ડૉલર આસપાસની સપાટીએ મજબૂત ટેકો મળશે, એમ આઈજી માર્કેટનાં સ્ટ્રેટેજિસ્ટ યીપ જૂન રૉન્ગે જણાવતાં ઉમેર્યું હતું કે ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટની શક્યતાને ધ્યાનમાં લેતા આગામી મહિનાઓમાં સોનાના ભાવ ઔંસદીઠ ૨૬૬૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા નકારી ન શકાય. જોકે, ફેડરલ રિઝર્વ આગામી ૧૭-૧૮ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૭૧ ટકા અને ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૨૯ ટકા શક્યતા સીએમઈ ફેડ વૉચ પર ટ્રેડરો જોઈ રહ્યા છે.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**હિતની અભિવ્યક્તિ**

ઘન કચરા વ્યવસ્થાપન વિભાગ, એચ/ઈસ્ટ વોર્ડ ''મોટર લોડર સ્કીમ માટે સંસ્થાની નિમણૂક'' માટે **હિતની અભિવ્યક્તિ** મંગાવે છે. હિતની અભિવ્યક્તિના દસ્તાવેજોનો સંપૂર્ણ સેટ રસ ધરાવતી પાર્ટીઓ દ્વારા C.F.C. ખાતે રૂા. ૧૦૦૦/- + ૧૮% GSTની નોન-રીફંડેબલ ફીની ચૂકવણી કરવા પર **૧૧/૯/૨૪ થી ૨૦/૯/૨૪** સુધી સ. ૧૧.૦૦ ક. થી બ. ૩.૦૦ ક.ની વચ્ચે ખરીદી શકાય છે & આવશ્યક ચલન A.E.(SWM) એચ/ઈસ્ટ વોર્ડની ઓફિસમાંથી ઈસ્યૂ કરવામાં આવશે.

યોગ્યપણે લેકર સીલબંધ હિતની અભિવ્યક્તિ A.E.(SWM) એચ/ઈસ્ટ વોર્ડની ઓફિસમાં અરજી ફી રસીદ સાથે ૨૦/૯/૨૪ના સાંજે ૪.૩૦ ક. પહેલાં જ સુપ્રત કરી દેવા જોઈશે.

સહી/-

આસીસ્ટન્ટ કમિશનર

PRO/1238/ADV./2024-25 એચ/ઈસ્ટ વોર્ડ

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


## વર્ષ ૨૦30 સુધીમાં ઈલેક્ટ્રિક વાહનોનું બજાર કદ એક કરોડ યુનિટે પહોંચશે: ગડકરી

નવી દિલ્હી: આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશના ઈલેક્ટ્રિક વાહનોની બજારનું કદ અથવા તો વેચાણ વધીને એક કરોડ યુનિટ સુધી પહોંચશે અને પાંચ કરોડ રોજગારોનું પણ સર્જન કરશે, એમ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું છે.

અત્રે સોસાયટી ઑફ ઈન્ડિયન ઑટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ (સિઆમ)નાં વાર્ષિક કન્વેન્શનને સંબોધતા કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ ઍન્ડ હાઈ વૅઝ ખાતાના પ્રધાન નીતિ ગડકરીએ આશાવાદ વ્યક્ત કર્યો હતો કે ભારત ભવિષ્યમાં ઑટોમેટિવ મેન્યુફેક્ચરિંગ હબ બનશે અને આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતની ઈલેક્ટ્રિક વાહનોની બજારમાં વાહનોનું વેચાણ એક કરોડ યુનિટના સ્તરે પહોંચવાની સાથે પાંચ કરોડ રોજગારનું પણ સર્જન થશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૩૦ સુધીમાં રૂ. ચાર લાખ કરોડના ઈલેક્ટ્રિક વાહનોના ફાઈનાન્સ સાથે દેશની સમગ્ર ઈકો સિસ્ટમ સહિત ઈલેક્ટ્રિક વાહનોની બજાર રૂ. ૨૦ લાખ કરોડના કદ સુધી પહોંચવાની ક્ષમતા ધરાવે છે.

આ ઉપરાંત લિથિયમ આયન બેટરીનાં ભાવમાં હજુ ઘટાડો થતાં પોસાણક્ષમતામાં વધારો થવાથી ઈલેક્ટ્રિક વાહનોને મોટી માત્રામાં સ્વીકૃતિ મળવાની શક્યતા વ્યક્ત કરતા તેમણે જણાવ્યું હતું કે આજે દેશમાં અંદાજે ૩૦ લાખ ઈલેક્ટ્રિક વાહનો રજિસ્ટર્ડ થયા છે, જેમાં દ્વીચક્રી ઈલેક્ટ્રિક વાહનોનો હિસ્સો ૫૬ ટકા જેટલો બહોળો છે.

વર્ષ ૨૦૨૩-૨૪માં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં ૪૫ ટકાનો વધારો થયો છે અને ૪૦૦ સ્ટાર્ટઅપ્સ દ્વારા ઈલેક્ટ્રિક વાહનો ઉત્પાદન કરવાનું શરૂ કર્યું હોવાનું તેમણે જણાવતા ઉમેર્યું હતું કે સરકાર પીએલઆઈ (પ્રોડક્શન લિન્ક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ) મારફતે બેટરી સેલનાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવા પ્રયાસ કરી રહી છે.

ભારત એવી સ્થિતિમાં છે કે આપણે વિશ્વમાં આપણી લિથિયમ આયન બેટરીની નિકાસ કરી શકીએ કેમ કે ઘણી કંપનીઓએ દેશમાં સેલ મેન્યુફેક્ચરિંગ સુવિધા સ્થાપી છે.

વધુમાં દેશનાં આર્થિક વિકાસમાં ઑટો ઉદ્યોગની મહત્ત્વતા બિરદાવતા તેમણે કહ્યું હતું કે દેશનાં અર્થતંત્રને વિશ્વના ત્રીજા ક્રમાંક પર પહોંચાડવા માટેનાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનાં મિશનમાં ઑટો ઉદ્યોગે મહત્ત્વની ભૂમિકા ભજવવાની છે.

મારું સ્વપ્ન છે કે ભારતીય ઑટોમોબાઈલ ઉદ્યોગ વિશ્વનું પ્રથમ નંબરનું મેન્યુફેક્ચરિંગ હબ બને. જોકે, અત્યારે ભારત પેસેજન્ર વાહનોના ઉત્પાદનમાં વિશ્વમાં ત્રીજો ક્રમાંક ધરાવે છે અને દ્વીચક્રી વાહનોનો સૌથી મોટો ઉત્પાદક દેશ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

## ઑગસ્ટમાં ચીનની નિકાસમાં ૮.૭ ટકાનો વધારો, આયાત ઘટી

હૉંગકૉંગ: ચીનની આર્થિક વૃદ્ધિ મંદ પડી રહી હોવા છતાં ગત ઑગસ્ટ મહિનામાં સતત પાંચમાં મહિનામાં નિકાસમાં વધારો જોવા મળ્યો છે, જ્યારે આયાતમાં ઘટાડો જોવા મળ્યો છે.

અર્થશાસ્ત્રીઓએ ઑગસ્ટ મહિનામાં ચીનની નિકાસમાં ૬.૫ ટકા વધારો થવાની ધારણા મૂકી હતી. તેની સામે ચીનની કસ્ટમ ઑફિસ દ્વારા જાહેર કરવામાં આવેલી આંકડાકીય માહિતી અનુસાર ગત ઑગસ્ટ મહિનામાં ચીનની નિકાસ ઑગસ્ટ, ૨૦૨૩ની સરખામણીમાં ૮.૭ ટકા વધીને ૩૦૮.૬૫ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. વધુમાં ગત ઑગસ્ટ મહિનાની નિકાસમાં વૃદ્ધિ આગલા જુલાઈ મહિનાની સાત ટકાની વૃદ્ધિ સામે પણ વધુ માત્રામાં જોવા મળી છે. એકંદરે ગત ઑગસ્ટ, ૨૦૨૩ની નિકાસમાં ૮.૮ ટકા જેટલો ઘટાડો થયો હોવાથી બેઝ નીચો હોવાથી ગત ઑગસ્ટ મહિનાની નિકાસમાં વૃદ્ધિ ૧૮ મહિનાની સૌથી વધુ વૃદ્ધિ રહી છે.

ગત ઑગસ્ટ મહિનામાં નિકાસમાં જોવા મળેલી ૮.૭ ટકાની વૃદ્ધિની સરખામણીમાં આયાત માત્ર ૦.૨ ટકાનો વધારો જોવા મળ્યો છે. જોકે, અર્થશાસ્ત્રીઓએ આયાતમાં બે ટકાના વધારાનો અંદાજ મૂક્યો હતો. કોરોના મહામારી પશ્ચાત્ મંદ પડેલા અર્થતંત્રને ઉગારવા માટે ચીનના અગ્રણીઓએ ઉત્પાદન ક્ષેત્રે રોકાણમાં વધારો કર્યો છે. છતાં હજુ વૃદ્ધિની ગતિ મંથર છે. નિકાસના મૂલ્યમાં વર્ષાનુવર્ષ ધોરણે વધારો થઈ રહ્યો છે અને ૧૭ મહિનાની સૌથી ઝડપી ગતિએ વૃદ્ધિ જોવા મળવાની સાથે નિકાસ વિક્રમ સપાટીએ પહોંચી છે. અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ચીનના અસરકારક વિનિમય દરમાં ઘટાડાને ટેકે નિકાસ વૃદ્ધિ જળવાયેલી રહેશે, એમ કેપિટલ ઈકોનોમિક્સના ઝિચુન હ્યુઆન્ગે જણાવ્યું હતું.

ગયા મહિને આયાતના વૉલ્યુમમાં ઘટાડો થયો છે, પરંતુ આગામી મહિનામાં મજબૂત બાહ્ય માગને ધ્યાનમાં લેતા પ્રોસેસિંગ માટે તેમ જ પુનઃ નિકાસ માટેની માગને ટેકે તેમ જ ઔદ્યોગિક કૉમૉડિટીની માગને ટેકે આયાતમાં બાઉન્સબૅક જોવા મળે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. વધુમાં એસોસિયેશન ઑફ સાઉથઈસ્ટ એશિયન નેશન્સ ચીનનું સૌથી મોટું વેપારી ભાગીદાર દેશ જળવાઈ રહેતાં આસિયન દેશો, યુએસ અને યુરોપિયન દેશોમાં નિકાસમાં ગત સાલની સરખામણીમાં વધારો થયો છે. તેમ જ ગત ઑગસ્ટ મહિનામાં ચીનની વેપાર તુલાની પુરાંત જુલાઈ મહિનાના ૮૪.૬૫ અબજ ડૉલર સામે વધીને ૯૧.૦૨ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**O/o. ધ પેસ્ટ કંટ્રોલ ઓફિસ આર સાઉથ વોર્ડ ઓફિસ, બાદશાહ રેસીડેન્સી, ૧લો માળ, પારેખ લેન, કાંદિવલી (પ.), મુંબઈ-૪૦૦૦૬૭.**

**નં. PCO/RS/૯૮૨/એસઆર તા. ૦૯.૦૯.૨૦૨૪**

**નોટિસ**

આર સાઉથ વોર્ડમાં ૧૧૫ દિવસો માટે બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન સાઈટસ ખાતે ઈન્સેક્ટીસીડલ ટ્રીટમેન્ટ કરવા ૩૮ સ્વયંસેવકોની જોગવાઈ માટે નોંધાયેલા સહકારી/બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવાય છે.

રસ ધરાવતી સંસ્થાઓએ MCGM પોર્ટલ **http://portal.mcgm.gov.in**થી અરજીઓ ડાઉનલોડ કરવી જોઈશે અથવા સંપર્ક: પેસ્ટ કંટ્રોલ ઓફિસર આર/સાઉથ વોર્ડ ઓફિસ, O/o. ધ પેસ્ટ કંટ્રોલ ઓફિસ R/સાઉથ વોર્ડ ઓફિસ, બાદશાહ રેસીડેન્સી, ૧લો માળ, પારેખ લેન, કાંદિવલી (પ.), મુંબઈ-૪૦૦૦૬૭. ટેલિ. નં. ૦૨૨-૨૮૦૫૬૦૦૦ એક્ષ્ટે - ૩૧૫.

પેસ્ટ કંટ્રોલ ઓફિસર, આર/સાઉથની ઓફિસમાં અરજીઓની સુપ્રાતિની છેલ્લી તા. અને સમય કામકાજના દિવસે ૨૪/૦૯/૨૪ના સાંજે ૪.૦૦ ક. પહેલાંની રહેશે.

સહી/-

આસીસ્ટન્ટ કમિશનર

PRO/1225/ADV./2024-25 આર/સાઉથ

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


## મથકો પાછળ દેશી તેલમાં મિશ્ર વલણ, વેપાર નિરસ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૮૫ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ તેમ જ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્ઝ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના સપ્ટેમ્બર વાયદામાં ૧૫ રિંગિટનો ઘટાડો તથા ઑક્ટોબર વાયદામાં ૧૧ રિંગિટનો સુધારો આવ્યો હોવાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે વેપાર નિરસ રહેતાં આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, સૌરાષ્ટ્રના મથકો પાછળ આજે દેશી તેલમાં મિશ્ર વલણ રહેતાં ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૫ ઘટી આવ્યા હતા અને સરસવના ભાવમાં રૂ. ૧૦નો સુધારો જોવા મળ્યો હતો.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવમાં અલાનાના રૂ. ૯૯૦, એએનએના રૂ. ૯૯૭ અને રૂચીના રૂ. ૯૯૦ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે લિબર્ટીના સન રિફાઈન્ડના રૂ. ૧૦૦૫ અને રૂચીના સન રિફાઈન્ડના રૂ. ૯૯૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે સ્થાનિકમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૯૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૯૯૫, સન રિફાઈન્ડના રૂ. ૧૦૦૦, સિંગતેલના રૂ. ૧૫૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૦૩૫ અને સરસવના રૂ. ૧૨૯૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતના મથકો પર આજે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૦૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૩૦માં થયા હતા.

વધુમાં જે રાજસ્થાનના મથકો પર અંદાજે ૧.૫૦ લાખ ગૂણી સરસવની આવક હતી અને જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૫૨૫થી ૬૫૫૦માં થયા હતા. આ સિવાય મથકો પર સરસવ એક્સપેલરના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૨૮૬માં અને કચ્ચી ઘાણીના રૂ. ૧૨૯૬માં થયા હતા, જ્યારે સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૬૯૫થી ૨૭૦૦માં થયાના અહેવાલ હતા.

## ચોક્કસ ધાતુઓમાં નિરસ માગે નરમાઈનું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ધાતુનાં વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે ગત ઑગસ્ટ મહિનામાં નિકાસમાં ૭.૫૦ ટકાનો વધારો અને આયાતમાં ૦.૨ ટકા જેટલો ઘટાડો થયો હોવાના નિરુત્સાહી અહેવાલે આજે લંડન ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે આજે સ્થાનિકમાં કોપર સ્ક્રેપ હેવી, કોપર વાયરબાર, ઝિન્ક સ્લેબ, લીડ ઈન્ગોટ્સ, ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ હેઠળ ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૨નો ઘટાડો નોંધાયો હતો, જ્યારે એક માત્ર એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો સુધારો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

ગત ઑગસ્ટ મહિનામાં ચીનની આર્થિક વૃદ્ધિ મંદ રહી હોવાના અહેવાલ અને તેમાં પણ ગત ઑગસ્ટ મહિનામાં કોપરની આયાત ૧૨.૩ ટકાનો ઘટાડો થયો હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના ભાવમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હતું, જ્યારે અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હોવાના અહેવાલ હતા.

દરમિયાન આજે સ્થાનિકમાં મુખ્યત્વે નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૨ ઘટીને રૂ. ૧૩૫૫ અને રૂ. સાત ઘટીને રૂ. ૨૬૮૧ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ ખપપૂરતી રહેતાં કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૮૧૭ અને રૂ. ૨૫૯ તથા કોપર સ્ક્રેપ હેવી અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૭૭૭ અને રૂ. ૧૯૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે એકમાત્ર એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૨૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપરની અન્ય વેરાઈટીઓ, બ્રાસ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

SWM ડીપાર્ટમેન્ટ, K/ઈસ્ટ વોર્ડ

નં. AE/KE/૬૮૨૬/SWM તા. ૧૦/૯/૨૦૨૪

**નોટીસ**

**વિષય:** કે/પૂર્વ વોર્ડમાં ''મોટર લોડર યોજના''નું કામ

કે/ઈસ્ટ વોર્ડનો ઘન કચરા વ્યવસ્થાપન વિભાગ, નોંધાયેલા સેલ્ફ-હેલ્પ ગ્રુપ્સ તેમજ રસ ધરાવતા સ્થાનિક રજીસ્ટર્ડ કો-ઓપરેટીવ્ઝ, સર્વિસ કો-ઓપરેટીવ્ઝ સંસ્થા, બેરોજગાર સર્વિસ કો-ઓપરેટીવ્ઝ સંસ્થા, ઈન્ડસ્ટ્રીયલ પ્રોડ્યુસર્સ કો-ઓપરેટીવ્ઝ સંસ્થા ઈ. (મહિલા બચત ગટ સિવાય) જેઓ કે/પૂર્વ વોર્ડની હકૂમતમાં ૧૧/૯/૨૦૨૪ના પહેલાં નોંધાયેલા હોવા જોઈશે તેઓ પાસેથી ''મોટર લોડર યોજના'' દ્વારા રોડ સાફસફાઈ કામ માટે હિતની અભિવ્યક્તિ (EOI) મંગાવે છે. સંસ્થાઓ દ્વારા મજૂરો જોગવાઈ કરવાના હુકમમાં/અરજીઓ લોટરી દ્વારા કામ ફાળવવા માટે લાયકાતની યાદી બનાવવા અરજીઓ મંગાવાઈ રહેલ છે.

| અ.નં. | સ્કીમનું નામ | સદર કામ માટે પસંદ કરવામાં આવનાર સંસ્થાની સંખ્યા |
|---|---|---|
| ૧ | મોટર લોડર યોજના | ૩૧ |

રસ ધરાવતા અરજીકર્તાએ ૧૧/૯/૨૪ થી ૨૦/૯/૨૪ દરમ્યાન સ. ૧૦.૩૦ થી સાંજે ૫.૩૦ ક. સુધી કોઈપણ CFC કેન્દ્રો ખાતે રોકડામાં રૂા. ૩૩૦૦/- + ૧૮% GSTની ચૂકવણી કર્યા પછી આસીસ્ટન્ટ એન્જીનિયર (SWM) કે/પૂર્વ વોર્ડની ઓફિસમાંથી અરજીપત્ર મેળવી લેવું.

લાયકાતની યાદીમાંથી લાયક સંસ્થાને નિયમો અને શરતો મુજબ આસીસ્ટન્ટ કમિશનર દ્વારા કામ ફાળવવામાં આવશે.

રસ ધરાવતી સંસ્થા વધુ વિગતો, અરજી ફોર્મ અને સોગંદનામાના નમૂના માટે કે/ઈસ્ટ વોર્ડ ઓફિસનો સંપર્ક કરે અથવા મ્યુનિસિપલ કોરપોરેશનનું વેબપેજ http://portal.mcgm.gov.in ઉપર મુલાકાત લે. સંસ્થાએ ૨૧/૯/૨૦૨૪ના બ. ૧.૩૦ ક. સુધીમાં એટલે કે પાકતી તારીખના પહેલાં આસી. એન્જી. (SWM) K/ઈસ્ટ વોર્ડ ઓફિસમાં અરજીઓ સુપ્રત કરવી જોઈશે દર્શાવેલ પાકતી તારીખ અને સમય પછી અરજીઓ મળશે તો વિચારણા કરાશે નહિ.

સહી/-

PRO/1237/ADV./2024-25 આસી. એન્જીનિયર (SWM) K/પૂર્વ

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.




### સંકેત ચંદ્રશેખર બાવનકુળે અકસ્માતમાં મુખ્ય સવાલ

# જો ડ્રાઈવર કાર ચલાવતો હતો તો સંકેતની આલ્કોહોલ ટેસ્ટનો શું અર્થ?

## ડ્રાઈવરની ધરપકડ અને પછી જામીન પણ મળી ગયાઃ સીસીટીવી ફૂટેજ ચકાસ્યા પછી પોલીસ આગળ વધશે


અકસ્માતગ્રસ્ત કાર

મુંબઈઃ નાગપુરમાં ભાજપના વડા ચંદ્રશેખર બાવનકુળેના દીકરાની માલિકી ધરાવતી કારે અકસ્માતમાં અનેક વાહનોને અડફેટે લીધા બાદ હવે અનેક સવાલો ઊભા થઇ રહ્યા છે. આ કેસમાં ભીનું સંકેલી લેવાના પ્રયાસ થઇ રહ્યા છે ત્યારે એક સવાલ એ થઇ રહ્યો છે કે સંકેત બાવનકુળે કાર નહોતો ચલાવતો અને તેનો ડ્રાઈવર જ કાર ચલાવી રહ્યો હતો તો પછી સંકેતના આલ્કોહોલ લેવાનો શો અર્થ છે? દરમિયાન હાઈ પ્રોફાઈલ બની ગયેલા આ કેસમાં અનેક કારને અડફેટે લેનારા અને બે વ્યક્તિને ઘાયલ કરનારા સંકેત બાવનકુળેના ડ્રાઈવરની ધરપકડ તો કરવામાં આવી, પણ તેને તાત્કાલિક જામીન પણ મળી ગયા.

નાગપુર શહેરમાં અનેક વાહનોને ટક્કર માર્યા બાદ મહારાષ્ટ્ર બીજેપીના વડા ચંદ્રશેખર બાવનકુળેના પુત્ર સંકેતની

(જુઓ પાનું ૪) ▶▶




# સીએમનો માસ્ટર સ્ટ્રોકઃ ભાજપ હવે બેકફૂટ પર

## ૧૬૦ને બદલે ૧૨૫ બેઠક માટે ભગવો પક્ષ તૈયાર થઈ ગયો હોવાનું કહેવાય છે, કર્ટસી સીએમની સ્માર્ટ ચાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી આવી રહી છે અને આ ચૂંટણીમાં બેઠકોની વહેંચણીને લઇને અત્યાર સુધી ભાજપનું વલણ ૧૬૦ બેઠક પર ચૂંટણી લડવાનું રહ્યું હતું, પરંતુ હવે એકનાથ શિંદેએ એવી સ્માર્ટ ચાલ રમી છે કે ભાજપ ૧૨૫ બેઠક પર લડવા તૈયાર થઈ છે અને એકનાથ શિંદેને વિધાનસભાની બેઠકમાં ૮૦ બેઠકો મળે એવી શક્યતા જોવાઈ રહી છે.

### જેવા સાથે તેવાની ચાલ

લોકસભાની ચૂંટણી પહેલાં વિવિધ ઓપિનિયન પોલના આંકડાનો આધાર લઈને ભાજપે ત્યારે એકનાથ શિંદે અને અજિત પવારને ઓછી બેઠકો સ્વીકારવાની ફરજ પાડી હતી, પરંતુ લોકસભાની ચૂંટણીમાં પરિસ્થિતિ પલટાઈ ગઈ હતી અને એકનાથ શિંદેની પાર્ટીએ ૧૫ બેઠકમાંથી સાત જીતીને દેખાડી હતી અને ભાજપને ૨૩ બેઠકમાંથી ફક્ત ૯ બેઠક પર વિજય મળ્યો હતો. આમ ભાજપ કરતાં સફળતાની ટકાવારીના પ્રમાણમાં એકનાથ શિંદેની સફળતાની ટકાવારી વધારે રહી હતી.

તે સમયે ભાજપે જે દાદાગીરી કરી હતી તેની નારાજગી હજી શિંદેસેનામાં છે અને હવે લોકસભાની ચૂંટણીમાં ભાજપ સામેની લોકોની નારાજગી

(જુઓ પાનું ૪) ▶▶




# નાલાસોપારામાં ૧૦ વર્ષની છોકરી પર ગૅંગરેપ

વસઇઃ નાલાસોપારામાં ગણપતિનું આગમન જોવા ગયેલી ૧૦ વર્ષની છોકરી પર બે જણ સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને બંને આરોપીની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

નાલાસોપારા પૂર્વના શિર્ડીનગરમાં પરિવારજનો સાથે રહેતી પીડિતા બીજી સપ્ટેમ્બરે વિસ્તારમાં ગણપતિનું આગમન જોવા માટે ગઇ હતી. ત્યાંથી ઘરે પાછા ફરતી વખતે આરોપીઓએ તેને માર્ગમાં આંતરી હતી. પીડિતો તેઓ નિર્જન સ્થળે લઇ ગયા હતા, જ્યાં તેના પર સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો.

પીડિતા ઘરે પહોંચી ત્યારે તેના કપડાં પર લોહીના ડાઘ જોઇ પરિવારજનોને શંકા ગઇ હતી. તેમણે પીડિતાની પૂછપરછ કરતાં તેણે તમામ હકીકત જણાવી હતી, જેને પગલે પીડિતાની

(જુઓ પાનું ૪) ▶▶

### આવા ચોરોના સરદાર જોયા નહીં હોય

# ચોરેલી બાઈકને વેચ્યા બાદ જીપીએસથી ટ્રેક કરી ફરી ચોરતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોરેલી રેસિંગ બાઈક ડુપ્લિકેટ નંબર પ્લેટ અને દસ્તાવેજો સાથે વેચ્યા પછી જીપીએસની મદદથી તેને ટ્રેક કરી ફરી ચોરનારા બે આરોપીને પોલીસે પકડી પાડ્યા હતા. આરોપીઓ બાઈક વેચતી વખતે તેમાં જીપીએસ લગાવી દેતા હતા, જેને કારણે ખરીદદારે બાઈક ક્યાં પાર્ક કરી છે તેની જાણકારી આરોપીઓ મેળવી શકતા હતા. ફરી ચોરેલી એ બાઈક આરોપી આ જ પદ્ધતિથી બીજા શહેરમાં વેચી દેતા હતા.

એન્ટોપ હિલ પોલીસે ધરપકડ કરેલા બન્ને આરોપીની ઓળખ મોહમ્મદ સદાફ મોહમ્મદ નાઝીર અન્સારી (૨૭) અને મોહમ્મદ શારીક અન્સારી (૨૩) તરીકે થઈ હતી. તેમની પાસેથી ૧.૨૦ લાખ રૂપિયાની કિંમતની કેટીએમ કંપનીની

(જુઓ પાનું ૪) ▶▶

# એસ.એચ. રઝાનું કરોડો રૂપિયાનું પેઇન્ટિંગ ચોરાયું


મુંબઈઃ આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ભારતીય ચિત્રકાર સૈયદ હૈદર રઝાનું રૂ. ૨.૫ કરોડની કિંમતનું પેઇન્ટિંગ ચોરાયું હોવાની ઘટના સામે આવી છે. આ પ્રકરણે એમઆરએ માર્ગ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

રઝા દ્વારા ૧૯૯૨માં એક્રેલિક ઑન કેન્વાસ પર બનાવાયેલું 'પ્રકૃતિ' નામનું પેઇન્ટિંગ વેચવા માટે બેલાર્ડ પિયર ખાતે કંપનીના વેરહાઉસમાં રાખવામાં આવ્યું હતું. પોલીસના કહેવા મુજબ અજાણી વ્યક્તિ દ્વારા આ પેઇન્ટિંગ ચોરવામાં આવ્યં હતું.

કોરોનાકાળ દરમિયાન આ પેઇન્ટિંગ વેરહાઉસમાં રખાયું હતું અને બે વર્ષ બાદ તાજેતરમાં વેરહાઉસ ખોલવામાં આવ્યા બાદ ચોરીની ઘટના પ્રકાશમાં આવી હતી, જેને પગલે પોલીસને જાણ કરવામાં આવી હતી. રઝાના નજીકના સંબંધીએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી.

વેરહાઉસ અને આસપાસના વિસ્તારોમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરામાં માત્રે બે મહિના પહેલાના ફૂટેજ છે, જે ચોરી ક્યારે થઇ હશે તે જાણવા માટે અપૂરતા છે. ■




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રુસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**